શિક્ષણને હરિયાળું હૂંફાળું કરતા પ્રસંગો

સૂકા થડ લીલી કૂંપળો

મહેન્દ્ર શુક્લ

Digitized by the Internet Archive
in 2024

https://archive.org/details/sukathadlilikump0000unse

સૂકા થડ લીલી કૂંપળો

(શિક્ષણને હરિયાળું હૂંફાળું કરતા પ્રસંગો)

મહેન્દ્ર શુક્લ

કેમ્પસ ડાયરેક્ટર એમ. પી. વોરા કોમર્સ કૉલેજ,

સી. યુ. શાહ યુનિવર્સિટી, વઢવાણ

નવભારત સાહિત્ય મંદિર

જૈન દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧

૨૦૨, પેલિકન હાઉસ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના કંપાઉન્ડમાં,

અમદાવાદ - ૩૮૦ ૦૦૯

☎ (૦૭૯) ૨૨૧૩૯૨૫૩, ૨૨૧૩૨૯૨૧

૯૮૨૫૦ ૩૨૩૪૦

e-mail: info@navbharatonline.com

Web : www.navbharatonline.com

fb.com/NavbharatSahityaMandir

SUKA THAD LILI KUMPALO
by Mahendra Shukla
Navsarjan Publication, Ahmedabad
2018
ISBN : 978-93-85069-65-9

© મહેન્દ્ર શુક્લ

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮

₹ ૧૦૦.૦૦

પ્રકાશક
જયેન્દ્ર પી. શાહ
નવસર્જન પબ્લિકેશન
૨૦૨, પૅલિકન હાઉસ, ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સના કંપાઉન્ડમાં
આશ્રમ રોડ, અમદાવાદ : ૩૮૦ ૦૦૯
ફોન : (૦૭૯) ૨૬૫૮૦૩૬૫

ટાઈપ-સેટિંગ
પ્રિન્ટ હબ
અમદાવાદ

મુદ્રક
યશ પ્રિન્ટર્સ
અમદાવાદ

સપ્રેમ

પૂ. બાબુભાઈ રાણપુરા,

ડૉ. મોતીભાઈ પટેલ,

પદ્મશ્રી ગુણવંત શાહ,

ડૉ. વેદવ્યાસ દ્વિવેદી

ઉપકુલપતિ, સી. યુ. શાહ યુનિવર્સિટી

પ્રિ. મુકેશ નિમાવત,

શ્રી કાર્તિક શુક્લને

જેમની ઉષ્મા સદૈવ મળતી રહી.

— મહેન્દ્ર શુક્લ

આભારી છું

જેના આવવાથી વસંત મહોરે...
વહાલનો દરિયો દીકરી **હેતલ શુક્લ**
અને પ્રિયજન **વર્ષા**ને

- હરકાન્ત જોશી
- સંજય મકવાણા
- હર્ષદબા જાડેજા
- પરેશભાઈ રાવલ
- ભીખાભાઈ દેવૈયા
- કેટી બગડિયા
- ચંદ્રકાન્ત વ્યાસ
- કિરીટ ચૌધરી
- દિગ્પાલસિંહ ગોહિલ
- ગજુભા મકવાણા
- રામદેવસિંહ મકવાણા
- વર્ષાબહેન ગોસાઈ
- મુકેશ કલોત્રા
- હરદેવસિંહ રાણા

તમારા સ્પંદનોથી ધબકે મુજ જીવન.

અંગત કથન

મને ગુજરાત સરકાર તરફથી 'શ્રેષ્ઠ શિક્ષક એવૉર્ડ' પ્રાપ્ત થયા પછી, 'આચરે તે આચાર્ય' પુસ્તકમાં મારાં રસ, રુચિ અને વલણનો લેખ પ્રસિદ્ધ થયાની અનુભૂતિ અજીબોગરીબ હતી. મારા ભીતર આનંદ સમાતો નહોતો એવી અવસ્થા ભોગવી. પછી 'શિક્ષણ આચમન', 'સૂરજ ઊગ્યાની વેળા' અને 'ભીતર જ્યોત જલે'. શિક્ષણનો અનુભવ વ્યક્ત કરતાં પુસ્તકો પ્રગટ થયાં. એનો પ્રત્યેક પ્રસંગ સત્ય અનુભૂત છે એનો મને આનંદ છે.

'સૂકા થડ લીલી કૂંપળો' આ મારું ચોથું પુસ્તક પ્રસિદ્ધ થાય છે. આ પુસ્તકના સર્જન માટે મારા સદ્‌ગુરુશ્રી બાબુભાઈ રાણપુરાના આશીર્વાદ છે. હું હંમેશાં વિદ્યાર્થીને લક્ષ્યમાં રાખીને જીવ્યો છું, તેથી સ્મરણો પુસ્તકનું સ્વરૂપ ધારણ કરે છે. નવરાશે વાગોળાય. કેટલાય પ્રસંગો શિક્ષકોને અનુભવાતી સમસ્યાઓનું સમાધાન કરશે. શિક્ષણ સાર્થક થશે.

મારા વિદ્યાર્થીઓ મારી મૂડી છે. એ મૂડીને ભેગી કર્યાનો સંતોષ છે. 'વિદ્યાર્થી જ ગુરુ થાય છે.' મને કેટલા બધા વિદ્યાર્થીઓની વચ્ચે જીવવાનો અવસર ઈશ્વરે આપ્યો છે. એ અવસર મેં દિપાવ્યો છે, શણગાર્યો છે. એને નાણાંમાં કદી તોળ્યો નથી.

આ પુસ્તકમાં સહુની વિદ્યાર્થી અવસ્થાની છબી છે, જેને મેં આલેખી છે છતાં એ છે તમારી !

શિક્ષણનો મુખ્ય હેતુ હોય છે વિદ્યાર્થીમાં રહેલી શ્રેષ્ઠતા પ્રગટાવવી, બહાર લાવવી. આ હેતુ આ પુસ્તક દ્વારા પાર પાડી શકાયો છે.

જગતના સફળ લોકો એમના શિક્ષકોના અણમોલ રત્ન છે. શિક્ષક તરીકે –

અધ્યાપક તરીકે ડૉ. હરિવલ્લભ ભાયાણી સાહેબના ઘણાં સ્મરણો ભૂલી શકાય એવાં નથી. ઉપરાંત કવિ ઉસનશ્ સાથે વલસાડમાં ત્રણ દિવસનો સહવાસ પણ સાંભરે છે.

કવિ સુંદરમ્ સાથે કેટલા બધા કલાકો વિતાવ્યા, જ્યારે બોટાદકર કૉલેજમાં કવિ રમેશ પારેખની કવિતા એમના મુખે માણી, શેખાદમ આબુવાલાની શાયરીનો લહાવો મળ્યો – કેટલા બધા લોકોની વચ્ચે જિવાયું. શિક્ષક તરીકે મારી લોકપ્રિયતા એ મારી નિખાલસ હાસ્યવૃત્તિને આભારી છે.

સૌનું ઋણ સ્વીકારું છું.

ગુજરાતના સરકારી-બિનસરકારી અસંખ્ય શિક્ષકોની હૂંફનું આ પરિણામ છે.

મેં વર્ષો સુધી વિદ્યાર્થીઓને સહજપણે હસાવ્યા, એમના આનંદમાં ઈશ્વરનાં દર્શન કર્યાં. સાંઈ મકરંદ દવે સાથે આખો દિવસ રહેવાનું બન્યું. છેલ્લે કવિ સસ્મિત બોલ્યા, 'આપણે સૂકું રૂનું પૂમડું નથી થવાનું.'

સભરતા રહા રહે, વહે. જય હો જય હો.

– મહેન્દ્ર શુક્લ

૧૧, ગોપી સોસાયટી, દાળમિલ રોડ
સંતશ્રી બાબુભાઈ રાણપુરાની બાજુમાં
સુરેન્દ્રનગર
મો. ૯૪૨૭૬૬૫૬૪૪

સૂકા થડ લીલી કૂંપળો

•

મહેન્દ્ર શુક્લ

અનુક્રમણિકા

૧.	અંધારિયા ખંડનું અનુકરણ	૧
૨.	બે પૂંઠાં બહાર ગુરુત્વાકર્ષણ	૬
૩.	બે પૂંઠાં વચ્ચે મન	૧૦
૪.	સમુદ્ર બનો	૧૩
૫.	શ્રેષ્ઠ શિક્ષણકાર : બા	૧૭
૬.	શિક્ષણમાં સજા-દંડ	૨૨
૭.	સ્ટાફરૂમ છોડો	૨૭
૮.	કંચન વરસ્યા મેહ	૩૧
૯.	હકારાત્મક અભિગમ	૩૫
૧૦.	ઊર્જાસ્થળ સમીપે...	૩૯
૧૧.	સમસ્યા દર્શન	૪૨
૧૨.	ભીતર ભાવવિશ્વ	૪૬
૧૩.	વર્ગખંડ વિશાળ	૫૦
૧૪.	એસ.સી.ઈ. ?	૫૪
૧૫.	પ્રવાસના સ્પંદનો	૫૯
૧૬.	સૂકા થડ લીલી કૂંપળો	૬૩
૧૭.	ખાલી છીપના મોતી	૬૬
૧૮.	એક પગલું શક્યતા બહાર...	૭૦
૧૯.	શિક્ષણ – લલિત નિબંધ મારગ મળ્યાનો વહેમ	૭૪
૨૦.	આંખ સમાઈ ઊર્જા	૭૮

૧. અંધારિયા ખંડનું અનુકરણ

શાળામાં જ્યાં ભણાવવાની તેમજ સંસ્કાર અને પરંપરાની વચ્ચે વિદ્યાર્થીને તૈયાર કરવાનો છે. એને ઉત્તમ નાગરિક બનાવવાની વાત જ્યાં અસ્તિત્વમાં હોય, ત્યાં સજા કરવી એ વિચિત્ર લાગે. અંધારિયા ખંડની વાત શિક્ષણને ન પચે. આ બીજો ભાગ છે. લોકોનું હીનતામાં જીવન પસાર થાય છે. સમાજને પ્રશ્ન થાય છે –

જે શિક્ષકોએ વિદ્યાર્થીઓને અપાર પ્રેમ આપ્યો હોય, તેમને વૃદ્ધાવસ્થામાં પણ એમના વિદ્યાર્થીઓ સંભારે છે, સ્મરણમાં રાખે છે.

'વિદ્યાર્થીને સજા કરવી એ શિક્ષણની ઉજ્જવળ પરંપરામાં કાળા ડાઘ સમાન છે.' શિક્ષણમાં સજા કરવી એ હિટલરશાહી અથવા અદાલતી કાર્યવાહી જેવું લાગે.

શિક્ષણ આપનાર શિક્ષક વિદ્યાર્થીને અવારનવાર સજા કરે એનાથી વિદ્યાર્થીની માનસિકતા બદલાઈ જાય છે.

એક મનોવિજ્ઞાન વિશ્લેષણમાં નોંધવામાં આવ્યું છે – 'જે શિક્ષકો સજા કરવામાં તત્પર રહે છે તે પોતે ભણાવવાનું કર્તવ્ય ભૂલી જાય છે. શાળામાં કેવળ પ્રશ્નો જ રહે છે.' ડૉ. મોતીભાઈ પટેલ, એમ.એડ. સંશોધન દ્વારકા

શાળામાં શિસ્તના પ્રશ્નોમાં કાર્યરત રહેતા શિક્ષકોમાં વિદ્યાર્થીઓને સજા કરવાનો ભાવ એટલી હદે પેસી જાય છે કે સ્ટાફ અને આચાર્યની સામે લાવી એમને ઠપકો અપાવે ત્યારે અનુકૂળતામાં આવે. અંધારિયા ખંડની વાત છેવટે શિક્ષા કરવાનો ભાવ મનની આંતરચેતના સુધી વિસ્તરી જાય છે.

વાણીમાં પણ અદાલત જેવો ભાવ આવે – શિક્ષણમાં ગમે તેવું ચલાવી લેવાય નહિ, શિસ્ત જળવાઈ રહેવી જોઈએ. શિક્ષકો નિયમિત આવવા જોઈએ. કોઈને રજા નહિ આપવાની. આવા કડક વલણોથી વાતાવરણમાં શાંતિભંગ થવાના પ્રસંગો બને.

અંતે શિક્ષક પોતે બગડી જાય. વલણો બંધાઈ ન જાય તે ખાસ જોવું. પોતે અન્યને સુધારવા માટે ખૂબ-ખૂબ મહેનત કરે.

અંતે કદાચ શિક્ષક પોતે બગડી જાય. વલણો બદલાય, સ્વભાવ બદલાય, વ્યક્તિત્વ ખરડાય. લોકો એક ઢાંચામાં એને ચીતરી નાખે. ઢાંચામાંથી બહાર આવવું એના માટે મુશ્કેલ બની જાય એવો એનો વ્યવહાર બરાબર નથી. શિક્ષકે વિદ્યાર્થીને તો અનહદ પ્રેમ કરવાનો છે, એના પર વહાલ વરસાવવાનો છે.

વિદ્યાર્થી એમના શિક્ષકને જુએ ત્યારે તેની આંખો હર્ષથી નાચી ઊઠવી જોઈએ.

પૂજ્ય બાબુભાઈ રાણપુરા 'દયાળુ' કહે છે – 'આપણે શ્રેષ્ઠ વાતાવરણનું નિર્માણ કરવાનું છે.'

સરકારે એવો નિર્ણય કર્યો કે વિદ્યાર્થીને સજા ન કરવી. કેટલાક શિક્ષકોને પ્રશ્ન થયો કે આનાથી સમાજમાં પોતાની ઈમેજ ખરડાય.

હિટલર જેવા કેટલાક શિક્ષકો વિદ્યાર્થીને છૂટું ડસ્ટર મારે, લાકડીથી ફટકારે, ચીટિયા એવા ભરે કે બિચારા વિદ્યાર્થીને લોહી નીકળી જાય. અરે, આવી ક્રૂરતા હોય ?!

છોકરાઓને અંગૂઠા પકડાવે, માથે દફતર મુકાવીને ઊભા રાખે.

ગાલ પર ચાર-પાંચ લાફા ચોડી દે. વિદ્યાર્થી નત મસ્તકે ઊભો રહે.

બીજા વિદ્યાર્થીઓની રૂબરૂમાં કોઈ વિદ્યાર્થીને મારવો એ એની માનસિકતા છે.

સ્વમાનભંગનાં આવાં દશ્યો જોવામાં આવે ત્યારે ધ્રૂજી જવાય – આવું હોય ?

આવું બધું કરવા પાછળનો એકમાત્ર ઉદ્દેશ્ય – શિસ્ત રાખવી.

શું પ્રેમથી... સમજાવવાથી શિસ્ત ન રહે ?

જો એવી રીતે શિસ્ત રહે તો શહેરમાં શિસ્તના પ્રશ્ન ઓછા થાય.

છોકરાઓ ભણવામાં હોંશિયાર હોય, માતાપિતા સંતાનોના અભ્યાસ માટે ચિંતિત અને પ્રયત્નશીલ હોય, વિદ્યાર્થીઓ ભણવા પ્રત્યે વધુ એકાગ્ર હોય એવું વાતાવરણ સર્જાય છે, ચોટીલા જેવા અમારા ઓછા વિકસિત પ્રદેશમાં.

શિક્ષણનું પ્રમાણ ઓછું. રાજકારણ ઝાઝું. સમજણનો વિકાસ સાવ ઓછો.

સંતાનના ભણતર બાબતે માતાપિતાની જાણકારી ઓછી અને વિદ્યાર્થી અભ્યાસમાં નબળો.

શિક્ષક જ્યારે ભણાવે ત્યારે તેને સમજાય નહીં. ન સમજાય એટલે વિદ્યાર્થી બીજી પ્રવૃત્તિ કરવા જોડાય. અભ્યાસમાં રુચિ ઘડાઈ નહીં તેથી શિસ્તનો પ્રશ્ન ઊભો થાય. શિક્ષક ભણાવતાં-ભણાવતાં વિદ્યાર્થી પર ખિજાઈ જાય.

કાઠી દરબાર, ગરાસિયા દરબારના જોમવતાં સંતાનોનું જાહેરમાં અપમાન થાય.

ક્યારેક કોઈ વિદ્યાર્થીને શિક્ષક જાહેરમાં ઉતારી પાડે ત્યારે એનો અહં ઘવાય. પરિણામે એ સાહેબની સામે બોલી ઊઠે... જેથી શિક્ષકનો અહં ઘવાય ! તે વિદ્યાર્થીને મારી બેસે.

વિદ્યાર્થી પણ સામો થઈ જાય. સ્ટાફ એક થઈ જાય – ‘એના વાલીને બોલાવો.’

‘આવું ચલાવી ન લેવાય.’ સ્ટાફમાં જે સિનિયર હોય તે કહે.

છેવટે વાલી આવે. એમને શાંતિથી સમજાવવામાં આવે.

વાલી ઉપરની જ્ઞાતિના. એ તરત કહે, ‘સાહેબ ! છોકરાને મારવો તો નેઈ !’

‘ભલા માણસ, વિદ્યાર્થી પોતાના ગુરુની સામે થાય એવું ન ચાલે.’

આમ, ચાર-પાંચ દિવસ શાળાનું વાતાવરણ ખૂબ જ તંગ બની જાય. ભણાવવાનો માહોલ બગડી જાય.

આખા ગામમાંથી જેને લાગેવળગે નહીં, એનાથી સાહેબનો અહં ઘવાય છે.

'સાહેબથી છોકરાને મારી ન શકાય. મારવાનો કાયદો નથી. ઉપર અરજી કરો. આનું નિરાકરણ જરૂર લાવવું જોઈએ.' ગ્રામજનો ચર્ચા કરે. છેવટે શાળાની આબરૂ ખરડાય. નાનું ગામ હોય – બધા પૂછે, 'સાહેબ, શું લપ હતી ? સમસ્યાનો અંત લાવવો જોઈએ...!'

'તમે ભણેલા સાહેબ છો. છોકરું ભૂલ કરી બેસે. સાહેબે છોકરાં જેવા ન થવું.'

મહામુસીબતે પ્રશ્ન ઉકેલાય. અંધારિયા ખંડમાંથી પ્રકાશના પ્રદેશમાં આવીએ. વર્ગમાં વિદ્યાર્થી શિસ્તમાં ન રહે, તોફાન કરે તો એને સ્ટાફરૂમમાં બોલાવીને સમજાવવો... તેમ છતાં ન માને તો વાલીનો સંપર્ક કરવો. ગમેતેવો તોફાની છોકરો સુધરી જશે. જગતના કોઈ પણ વાલી ક્યારેય એવું નથી ઇચ્છતા કે તેમનો દીકરો દાદાગીરી કરે, શિસ્ત પસંદ ન કરે. શિક્ષકે સમયને ઓળખવાનો છે. પછી પ્રશ્ન નહીં રહે. શિક્ષકે સુધરવાનું નહિ ? દરેક જ્ઞાતિના વિદ્યાર્થીને પોતાનું અહં હોય છે. તેને સમજાવી લેવામાં આવે. શિક્ષકે કહેવું જોઈએ – 'તારા જેવા સારા વિદ્યાર્થીને આવું વર્તન ન શોભે. તું ખૂબ ભણે એમાં મને રસ છે. તોફાન કરીને વરસ બગાડે તે યોગ્ય નથી.'

મેં ચોટીલામાં આચાર્ય તરીકે વિતાવેલ ત્રણ વરસમાં ક્યારેય અમારી શાળામાં શિસ્તભંગનો પ્રશ્ન ઉપસ્થિત થયો નહીં. અમે અંધારિયા ખંડમાં નથી રહ્યા, ખોટા અહંમાં કદી જીવ્યા નહિ. સૌથી અગત્યની વાત – વિદ્યાર્થીને ટૉર્ચરિંગ ન કરો, શિક્ષા ન કરો. આર્થિક દંડ ન કરો, કારણ કે સહુની સ્થિતિ એકસરખી નથી હોતી. સજા કરવાનો ખયાલ ભૂલી જાઓ.

શિક્ષકે સ્થિતિ ઓળખવી જોઈએ. જે શિક્ષકને વિદ્યાર્થીની માનસિક, શારીરિક, આર્થિક અને બૌદ્ધિક સ્થિતિ ઓળખાય તે કદાપિ સજા ન કરે.

વર્ગમાં લાગણીનું વાવેતર કરો. શિક્ષણરૂપી ખેતરમાં લાગણી વાવો. પ્રેમનો પાક ઊગી નીકળશે. સદ્ભાવ અને આદરની ફસલ આવશે. આ પરિપાક જોઈને શિક્ષક હરખાઈ ઊઠશે. આજના યુગમાં આવા શિક્ષકોની જરૂર છે. અંતરઆત્મા બોલી ઊઠશે – દંડ-શિક્ષા તો શિક્ષણમાં ન હોય. અત્યારે અંધારિયો યુગ નથી.

નિખારો

વિદ્યાર્થીને સમજાવવાની સાચી રીત શીખી લો, પછી કોઈ પ્રશ્ન નહીં રહે. નહીંતર આપણે જ નફરતનું બીજ રોપીને સજા-દંડના ખાતરથી કાંટાળા થોરિયા ઉગાડીશું તો તે સમાજને વાગશે જ.

લોકસંત બાબુભાઈ રાણપુરા કહે –

‘આપણે વિદ્યાર્થીને અંધારિયા ખંડ, ગલત માન્યતાઓમાંથી બહાર કાઢીને પ્રકાશના પર્વમાં લાવવાનો છે, જે તમસોમા જ્યોતિર્મય સાબિત થાય. આટલું ન કરી શકાય ?’

•

૨. બે પૂંઠાં બહાર ગુરુત્વાકર્ષણ

શૈક્ષણિક સંસ્થાઓ જે વૈધિક શિક્ષણ વિદ્યાર્થીઓને આપે છે, તેનો અભ્યાસક્રમ સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે, જે તજજ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવે છે. કાળજીભરી ઘણી મહેનતના અંતે પાઠ્યપુસ્તક તૈયાર થાય છે. સરસ રંગરૂપના પુસ્તક શાળા-કૉલેજ-યુનિવર્સિટી સુધી પહોંચે.

મુખપૃષ્ઠના બે જાડાં પૂંઠાંની વચ્ચે વૈધિક શિક્ષણના એકમો ગોઠવાયા હોય છે. એ શિક્ષણ નિશ્ચિત સમયમાં પૂરું કરવાનું હોય છે. આદર્શ સ્થિતિ અલગ છે, શાળાની ભૌતિકતા અલગ છે તેમ છતાં પાઠ્યપુસ્તકના હાર્દને ન્યાય આપવો એ અનિવાર્યરૂપે જરૂરી છે.

ઓશો રજનીશજી અવૈધિક શિક્ષણને વધુ મહત્ત્વ આપતા હતા. 'વિદ્યાર્થીને જેનામાં રસ હોય એવું શિક્ષણ આપો.'

કવિવર ટાગોરે શિક્ષણની માળખાગત થિયરી સ્વીકારી હતી.

બે પૂંઠાંની અંદર ગોઠવેલ શિક્ષણ વર્ગખંડમાં અપાયા કરે છે, એ સાર્થક નીવડે છે.

'પુસ્તકનાં બે પૂંઠાંની બહારના વિષયો, અનુભવો, સ્થળો, નદીઓ, મેદાનો, લોકો વગેરેનો પરિચય પણ વિદ્યાર્થીને કરાવવો જરૂરી છે.' ઉમાશંકર જોશી કૃત સંરચના.

પાઠ્યપુસ્તકમાં મેળાની વાત આવતી હોય તો વિદ્યાર્થીઓને તરણેતરના મેળામાં અચૂક લઈ જવા જોઈએ – એના વિશિષ્ટ વાતાવરણને માણે – વિદ્યાર્થીનું મન મેળાથી ભરાઈ જાય તો વર્ગખંડમાં મેળાનું આબેહૂબ વર્ણન કરી શકાય.

ખિસ્સામાં એકેય રૂપિયો ન હોય તોપણ મેળો મનથી માણી શકાય. પૈસા નથી એ સત્ય છે, મેળો મહાલવો એ હયાતી છે.

પાઠ્યપુસ્તક બહારના અનુભવો પણ વિદ્યાર્થી સમક્ષ રજૂ કરવા. એમને માત્ર પુસ્તકના કીડા કરવા યોગ્ય નથી. એમાં ગતિ છે પરંતુ પ્રગતિ નથી.

ધો. ૧૧માં કે. કા. શાસ્ત્રીનો પાઠ લખાયો. હું ગુજરાતી ભાષાના મારા વિદ્યાર્થીઓને અમદાવાદ કે. કા. શાસ્ત્રીના નિવાસસ્થાને રૂબરૂ મુલાકાત અર્થે લઈ ગયેલો. કે. કા. શાસ્ત્રી સાહેબની સમૃદ્ધ લાઇબ્રેરી જોઈ મારા ભોટ જેવા વિદ્યાર્થીઓ અહોભાવમાં આવી ગયેલા. આ એક અનોખો અનુભવ હતો.

શિક્ષણમાં બે પૂંઠાં વચ્ચેના પુસ્તક ઉપરાંત વિદ્યાર્થીઓને બે દીવાલ વચ્ચે, બે શિક્ષક વચ્ચે, બે મિત્ર વચ્ચે, માબાપ વચ્ચે, ભાઈબહેન વચ્ચે જોવા મળતી વિવિધ અનુભૂતિ કરાવવી પણ જરૂરી છે. સીમિત અને અસીમિત વર્તુળનો ખ્યાલ આવે. આવું હોય ?

પોતાના વિષયના તજજ્ઞ ગણાતા શિક્ષકો જ્યાં સુધી ગાઇડો નથી આવતી ત્યાં સુધી અંગ્રેજી/સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ જણાવે છે. મેં તાલીમ દરમિયાન આ વાત કરી ત્યારે શિક્ષકમિત્રોએ એ સ્વીકારી છે. આ પણ સત્ય છે.

આજના યુગમાં વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક બહારના, જગતના વર્તમાન પ્રવાહોથી માહિતગાર કરાવવાની ઘણી આવશ્યકતા છે. ધો. ૫માં SCI આ પ્રકારના શિક્ષણ પર ભાર આપે છે, નવું આપો. જૂનું શિક્ષણ, જૂની પ્રણાલી ક્યાં સુધી ચલાવશો ?

કવિતાઓનું સમૂહગાન કરાવો. ધો. ૧૨માં આ પ્રકારે ગાઈ શકાય એવી ઘણી કવિતાઓ છે, જે મેં અનેકવાર પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ પાસે સમૂહગાન કરાવી છે. રચનાત્મક ગાવાથી માનસિક તાણ ઘટે છે, મજા આવે.

વિદ્યાર્થીઓ કવિતાઓ ગાશે તો કવિતા પ્રત્યે એમનામાં પ્રીતિ જાગશે, કવિતાઓમાં રુચિ વધશે. પાઠ્યપુસ્તકને બે પૂંઠાં બહાર વિદ્યાર્થીઓને લઈ જવાની વાત છે – એમને નવા અનુભવો વિશે જણાવવું.

ક્યારેક પાઠનું નાટ્ય રૂપાંતર કરાવવું, વિદ્યાર્થીઓ નાટકમાં ભૂમિકા ભજવે. હવે શિક્ષકો શ્રીમંત થયા છે. ચાર શિક્ષકમિત્રો ભેગા થઈ રૂા. ૫૦૧/- ઇનામ સર્ટિ. આપવામાં આવે તો વિદ્યાર્થીની વિકાસયાત્રામાં આપણે સાચા રાહબર

બની શકીશું. વિદ્યાર્થી કદાચ ભણાવેલ પાઠ ભૂલી શકે, પરંતુ પોતે ભજવેલ નાટક નહિ ભૂલે. નાટકમાં એની પણ ભૂમિકા છે.

પાઠની વાત કરીને અટકી જનાર શિક્ષકો ઘણા છે. વિદ્યાર્થીઓને વંદના પાઠના એકમ જેવા બીજા એકમની વાત કરનાર શિક્ષકને લાખો વંદના કરવી પડે.

ઇતર વાચન વાચનાર વિદ્યાર્થીઓ કેટલા ?

એટલે ગુજરાતના નાથને 'વાંચે ગુજરાત' નામક કાર્યક્રમ આપવો પડ્યો. પુસ્તકોનો વારસો કબાટમાં અકબંધ છે.

શિક્ષક શનિવારે પ્રાર્થનાસભા ગોઠવે, પોતે ફિલ્મનું ગીત ગાય, દેશભક્તિ ગઝલ, કવ્વાલી, શ્લોક ગાતા સાંભળશે તો વિદ્યાર્થીમાં રહેલી શ્રેષ્ઠતા આપોઆપ પ્રગટ થશે. કાલે ગુજરાતને લોકગાયક મળે.

ધૂમકેતુના ગોવિંદના ખેતરના પાઠની પ્રત્યક્ષ સમજ આપવા માટે અમે ૩૦ વિદ્યાર્થીઓને ચોટીલાથી કોઈ ખેડૂતના ખેતરે એક દિવસ પ્રત્યક્ષ જોવા લઈ ગયેલા. એ પ્રસંગ હજી પણ વિદ્યાર્થીઓ સંભારે છે.

હું ધ્રાંગધ્રામાં શિક્ષક હતો ત્યારે ઘુડખર અભ્યારણ્યમાં એક ખટારો ભાડે રાખી વિદ્યાર્થીઓને લઈ ગયેલો. એ વખતે રાત્રિ મુકામ ટેન્ટમાં કરાવ્યો. ઠંડીમાં હૂંફાળાં તાપણાં કર્યાં ત્યારે અનુભવાયું કે શિયાળાની સવાર કેવી હોય ? માત્ર મુદ્દાઓ આપવાથી નિબંધ ન રચાય, એ તો વિદ્યાર્થીમાં અંદરથી પ્રગટ થવો જોઈએ.

વર્ગખંડના ભણતરની જેટલી આવશ્યકતા છે, એટલી જ આવશ્યકતા છે પ્રાકૃતિક નિરીક્ષણની. શિક્ષક-વિદ્યાર્થી બંને પક્ષે બે પૂંઠાં બહાર નીકળવાની જરૂર છે. આનો સમય હવે પાકી ગયો છે.

માત્ર પોતાના કાર્યક્રમમાં રચ્યાંપચ્યાં રહેનાર શિક્ષકો ઘણા છે. વિદ્યાર્થીઓ માટે સમય આપનારા શિક્ષકો જૂજ પ્રમાણમાં જોવા મળે છે. નુકસાન વેઠીને પણ આ કાર્યક્રમ કરવા, નહિતર શિક્ષક પરથી વિદ્યાર્થીની શ્રદ્ધા ઊઠી જશે.

વિદ્યાર્થીમાં શ્રદ્ધાનો દીવડો ઝગમગતો રાખવા શિક્ષકે તેલ બનવાની જરૂરત છે. જેટલા શિક્ષક આ રીતે તેલ બન્યા છે, એમને વિદ્યાર્થીઓ ક્યારેય ભૂલતા નથી.

નિખારો

લોકસંતશ્રી બાબુભાઈ રાણપુરા 'દયાળુ' કહે છે –

'સાહેબ, વિદ્યાર્થીને એવા અનુભવો પૂરા પાડો કે એ અનુભવ એના જીવનનું ભાથું બની જાય, જિંદગીની વાડી સદાય લીલી તરોતાજાં રહે. બે પૂંઠાં બહારની દુનિયાનું અવલોકન કરે. જય હો... પછી વિકાસ કરવો નહિ પડે, વિકાસ આપમેળે શરૂ થઈ જશે.

•

૩. બે પૂંઠાં વચ્ચે મન

તમામ શૈક્ષણિક સંસ્થાઓ બે પૂંઠાં વચ્ચે છે. યુનિવર્સિટી, કૉલેજ, હાઈસ્કૂલ, પ્રાથમિક, નર્સરી – બધા જ બે પૂંઠાં વચ્ચે ચાલતા ખેલના ખેલંદા છે.

બે પૂંઠાં વચ્ચે વૈધિક શિક્ષણ છે. જે તે ધોરણનાં પાઠ્યપુસ્તકો દરેક વિદ્યાર્થીને ભણવા પડે છે. થોડાંક અઘરાં પણ લાગે છે.

જે. કૃષ્ણમૂર્તિ લખે છે – 'બે પૂંઠાં વચ્ચે જો મન પ્રવેશી જાય તો વિદ્વાન બની જવાય.'

ભણનાર વિદ્યાર્થીઓએ બે પૂંઠાંની વચ્ચે પોતાની અધ્યયનશૈલી સ્વીકારી શ્રેષ્ઠતા સિદ્ધ કરવાની હોય છે. જે વિદ્યાર્થી બે પૂંઠાં વચ્ચેના પૃષ્ઠોમાં પોતાની સજ્જતા વધારે તે સિદ્ધિને પામે.

આખું વિશ્વ પૂંઠાંની વચ્ચે પોતાની જીવનયાત્રા કરે છે – જે તે વિદ્યાશાખામાં જ્ઞાન મેળવીને અર્થઉપાર્જન કરે છે. એ પાઠ્યપુસ્તકો આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ, ટેક, વ્યવસાયી, સંગીત, ટેક્નિકલ જ્ઞાન હોય – આ સમગ્ર વિશ્વ બે પૂંઠાં વચ્ચે સમાયેલું છે.

બે પૂંઠાં વચ્ચેનો ભેદ ખોલવો પડે. આ ભેદ ખોલી શકે તે ખેલે. ખેલે તે જ પામે.

પ્રત્યેક શૈક્ષણિકસંસ્થામાં કાર્ય કરતા શિક્ષકો, અધ્યાપકો તેમજ તજજ્ઞો બે પૂંઠાં વચ્ચેના ભેદ છે.

આપણે સ્વયંને વિશેષ માનીએ છીએ – વર્ગખંડમાં જંગ જીતવા. કદાચ તમારો સૂક્ષ્મભાવ એવો હોય કે મારા જેવું બીજાનું નહિ તો તમને સલામ... વંદના.

પાઠ્યપુસ્તકમાં કેટલાંક પ્રકરણો એવાં પણ હોય, જે શિક્ષકને સમજવામાં મુશ્કેલ બને. શાંતચિત્તે એ પ્રકરણોને સમજવા પડે.

થોડા દિવસ પહેલાં એક કાર્યક્રમ અંગે થાનનગરમાં જવાનું થયું. ત્યાં હાસ્યસમ્રાટ શાહબુદ્દીનસાહેબ મળ્યા. એમણે સરસ વાત જણાવી – 'શુક્લ ! શિક્ષક ચારિત્ર્યવાન અને વિષયનો નિષ્ણાત હોવો જોઈએ.'

જ્યારે આ સમજાય ત્યારે બે પૂંઠાં વચ્ચેનો ભેદ અઘરો લાગે છે. જો શિક્ષકો આ અવસ્થામાં મુકાઈ જતા હોય તો વિદ્યાર્થીનું શું ગજું ?

ચોપડી હાથમાં રાખી માત્ર મોભો પાડવાની વાત નથી. ચોપડીનું જ્ઞાન ઊકલે તો પુસ્તકપ્રેમ અંદરથી આપમેળે પ્રગટે. એને પ્રગટાવવાની જરૂરત ન રહે.

વિદ્યાર્થીને વાંચ... વાંચ... કહેનાર શિક્ષકો પોતે કેટલું વાંચે છે ? પોતાના ભીતર ડોકિયું કરવાની જરૂર છે.

જ્યારે પરીક્ષાઓ નજીક આવે ત્યારે વિદ્યાર્થીઓ IMP માંગવા આવે – સર ! મહત્ત્વના પ્રશ્નો હોય તો આપો. અમને ઉપયોગી બનશે.

ત્યારે શિક્ષક પોતે પોતાના સિદ્ધાંતો રજૂ કરે. હું વિદ્યાર્થીઓને IMP પ્રશ્નો આપવામાં માનતો નથી. બધું વાંચો. બે પૂંઠાં વચ્ચે જેટલું છે તે બધું જ IMP છે. IMP આપવાથી વિદ્યાર્થીનું જ્ઞાન સીમિત થઈ જાય છે, વિકાસ અટકી જાય છે. આવું બોલીને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરે.

અરે ભલામાણસ ! જિંદગીના તમામ વર્ષોનાં ભણતરમાં શિક્ષકો પ્રોફેસરો પાસે ભિક્ષુકના જેમ શિક્ષકે પોતે IMP માંગી હોય આવી શ્રેષ્ઠતાનો શો અર્થ ?

આ લેખ લખનારે ઘણીવાર પ્રોફેસરો પાસેથી IMP માંગી ક્લાસ મેળવ્યા છે, એમાં ખોટું નથી. આ યુગ ટકાવારીનો છે. બધું વાંચવા કરતાં થોડું વાંચવાથી ટકાવારી સુધરતી હોય તો શું ખોટું છે ?

IMP આપવાથી આપણા વિષયનું પરિણામ સુધરતું હોય તો સુધારવું કોઈ ખોટું નથી.

સફળતા મેળવા માટે ઘણા સમાધાન કરવા પડે. સમાધાન એ મારા મતે વ્યક્તિત્વની ઉદારતા છે. જોકે આવી ઉદારતા આપણે બીજા પ્રત્યે દાખવતા નથી. જે સફળતા મળે તેનો મગજમાં ખોટો નશો ચડે છે.

નશો નશાનું મૂળ છે. આ શાશ્વત બાબત છે. વિદ્યાર્થીના વિકાસમાં,

એની પ્રગતિમાં બે પૂંઠાં વચ્ચે જેટલો ટૂંકો રસ્તો હોય એટલો બતાવવો. જે મારગે આપણે ચાલ્યા છીએ એ મારગ કોઈકને ચીંધવો.

શિક્ષણનો હેતુ કલ્યાણ કરવાનો છે. જેમાં વિદ્યાર્થીનું કલ્યાણ થતું હોય તે કરવું. ઘણીવાર સારાં પરિણામો મેળવવા માટે લોકો નૈતિકતા નેવે મૂકીને સીડીના ગમે તેટલાં પગથિયાં ઊતરી જાય છે.

સુરેન્દ્રનગરની સારામાં સારી કહેવાતી હાઈસ્કૂલમાં જ્યારે સ્પર્ધાનું આયોજન થાય ત્યારે યજમાન સ્કૂલના શિક્ષકો નિર્ણાયક હોય. એ વખતે તેઓ પોતાની સ્કૂલના વિદ્યાર્થીને પ્રથમ નંબર આપવા પ્રયત્ન કરે. ભૂવો ધૂણીને ઘર તરફ નાળિયેર ફેંકે જેવી ઘટના મેં ઘણીવાર જોઈ છે.

જો સારા આમંત્રિતને ખબર પડે કે આ નિર્ણાયકનો નિર્ણય પોતાની શાળાનો નંબર આપવા બાબતે ખોટો છે, છતાં શિક્ષકો નિર્લજ્જ થઈ એવો જ નિર્ણય આપતા અચકાતા નથી. હું તો ખોટા નિર્ણયને અભિનંદન આપવા જાઉં. જય હો...

આપણે એક સૂત્રને બરાબર ધ્યાનમાં રાખવું – નીતિ ચૂકે એવું ન કરવું નહિતર વિદ્યાર્થી હંમેશ માટે નબળો થઈ જશે.

પ્રાથમિક શાળામાં કેટલાક શિક્ષકો બાજરો, દૂધ, શાક, છાશની બરણી માત્રમાં વેચાઈ જતા મેં નજરે જોયા છે. એ ૯૫% માર્ક આપે. હાઈસ્કૂલમાં તેજસ્વી વિદ્યાર્થી નબળો સાબિત થાય. આ કેવી કરુણતા ?!

શિક્ષક પોતે પરીક્ષા આપે તો ય ૯૫% ન આવે. હું ગુજરાતી ભાષાનો શિક્ષક તજજ્ઞ છું. લોકો કહે છે છતાં મારે ૮૦% પણ ન આવે.

મૂલ્યાંકન શક્ય તેટલું સત્યની નજીક રહીને કરવું. એનાથી ઘણી મજા આવશે, સાર્થક કાર્ય કર્યાનો આનંદ અનુભવાશે.

બે પૂંઠાં વચ્ચેના વિશ્વના વિદ્યાર્થીને દર્શન કરાવવાં, જેના માટે આપણે આ ભેખ ધારણ કર્યો છે એવું કરવા સંકલ્પબદ્ધ છીએ.

નિખારો

જે વિદ્યાર્થી બે પૂંઠાંની વચ્ચે ભીંસાઈ જાય છે તે શાળા છોડીને જતો રહે છે, તેને અપવ્યય કહે છે. આને ઘટાડીએ. સમાજની આ તાતી સમસ્યા છે. આ સમસ્યાને આપણે ઉકેલવી જોઈએ, જેથી બે પૂંઠાં વચ્ચે રહેલ સ્વર્ગનાં દર્શન કરી શકાય. આ મજા મેળવવા માટે શિક્ષણ મેળવવાની આવશ્યકતા છે.

•

૪. સમુદ્ર બનો

આપણે સમુદ્ર જેવા બનવું જોઈએ. દરિયા જેવા બની શકાય. ઘણાં વર્ષો પહેલાં મેં Be Ocenic ઓશોના એક પુસ્તકનો અનુવાદ વાંચેલો. ખૂબ મજા આવેલી. એમની તર્કબદ્ધ દલીલોને વંદના કરવી પડે. એમનું વ્યક્તિત્વ તો શતાબ્દીનું વિશિષ્ટ વ્યક્તિત્વ છે.

દરિયા જેવા બનવા માટે કેટલાય ઘાટ ઉપરથી પસાર થવું પડે. એ બધા જ ઘાટ પરથી માણસ પસાર થતો રહે, પરંતુ પોતાની મોજ કદી વીંખવા ન દે. લહેરોના હિલોળે જીવંત ચાલે તે શાળા.

શિક્ષણ અને દરિયા એ બંનેનો મેળ શી રીતે બેસે ? આ વિશે થોડો વિચાર કરવામાં આવે તો ખરેખર એકરૂપતા લાગે. શિક્ષણ એ દરિયો જ છે. જેની જેટલી કક્ષા એટલું એ પામી શકે.

એટલે તો મારી કૉલમનું નામ આપ્યું – 'શિક્ષણ આચમન.' આખા દરિયાનું દર્શન કરવું શક્ય નથી તેથી જેટલું નજરે દેખાય તેનું દર્શન કરવું. ખૂબ જ શ્રદ્ધાથી જોવું એટલે દર્શન. આચમન એટલે સમષ્ટિને – સમગ્ર દરિયાને – અંજલિમાં પામવું. ધરાઈને પીવું અને મોજ લેવી. આ મોજ શિક્ષણથી મળે છે.

દરિયાસ્વરૂપ બનવા માટેનું પ્રથમ સોપાન છે વિશાળતા અને બીજું સોપાન છે અમાપ ગહનતા, ઊંડાઈ.

શિક્ષણક્ષેત્રે કાર્ય કરતી વ્યક્તિમાં વિશાળતા પ્રગટવા માંડે. દરેક વાતને પચાવવાની શક્તિ પ્રાપ્ત થવા લાગે એટલે દરિયાસ્વરૂપ બનવાની દિશામાં કદમ

આગળ વધવા લાગ્યા. પછીના પડાવ અંદરના છે – લહેરમાંથી મોતી. સીપમાંથી મોતી.

શિક્ષણ સમુદ્ર બને એનો સીધોસાદો અર્થ એ થયો કે એ માત્ર પોતાના જ વિષયમાં મર્યાદિત ન રહેતા, અન્ય વિષયના કથાતંત્રને જાણે. વિશાળતાથી દરેક સારી બાબતને સ્વીકારી શકે, એમાં ઈર્ષ્યાવૃત્તિને સ્થાન નથી.

ઉપસાગર જેવી શાળામાં અસંખ્ય પ્રવાહોનું વહેણ ચાલુ રહે. ક્યાંક ગરમ પ્રવાહ, ક્યાંક ઠંડો પ્રવાહ, ક્યાંક વમળ, ક્યાંક તરંગો – એ બધાની વચ્ચે શાળામાં લયબદ્ધ જીવન વિતાવનાર શિક્ષક એ સમુદ્રસ્વરૂપ છે.

સમુદ્રમાં દૂર-સુદૂરથી આવતી નદીઓ પોતાના વહેણમાં તરંગ લાવે. દરિયો બધું પોતાનામાં સમાવી લે. નાની નદી, વોકળાં, ઝરણાંના તોફાની સૂસવાટાને ધીમે ધીમે શાંત કરે. જુદા જુદા વિસ્તારો-પ્રદેશોમાંથી શાળામાં આવનાર છોકરાઓમાં તરવરાટ હોય, કંઈક કરી દેખાડવાની ઝંખના હોય – જેમને વોકળાં, ઝરણાં, નાની નદી કહી શકાય.

નાની નદીઓ જેવી, ધો. ૮-૯માં પ્રવેશ મેળવતી છોકરી પોતાને સારી સ્કૂલ મળી છે એના હર્ષમાં ઊછળવા લાગે, પોતાની લાગણી વ્યક્ત કરે. આમછતાં શાળા તો સ્થિતપ્રજ્ઞ રહે છે. સમુદ્રરૂપી શિક્ષક નવા વહેણને પોતાની ઓળખ આપી સમાવી લે છે. શિક્ષક દરિયો છે, વિદ્યાર્થીઓ એનું અસ્તિત્વ છે.

ઉપસાગરમાં નદીનું મિલન એ સુનિશ્ચિત પંથે આગેકૂચ કરતા-કરતા મંઝિલ મળ્યાનો આનંદ છે, સંગમસ્થાન છે.

આ ઘટના દરેક ઋતુમાં ચાલ્યા કર છે – વિશેષરૂપે વર્ષાઋતુમાં. સમુદ્ર પોતાનું કાર્ય કરતો રહે છે. શિક્ષકમાં સમુદ્રભાવ પ્રગટવા લાગે એટલે જ્ઞાનની છીપમાં મોતી પાકવા લાગે. ઉપસાગર તો નિરંતર ચાલ્યા કરે છે. સમયાંતરે ઉપસાગરમાંથી ભરતી આવે અને ઓટ પણ આવે. ઉપસાગર એ ઉપસાગર છે પરંતુ સમુદ્રની વિશાળતા, સમુદ્રની ગહનતા અજોડ છે.

ઘણા બધા પ્રવાહો ભેગા થાય ત્યારે એક ઉપસાગર (શાળા) બને. આ બધા જ પ્રવાહો (શિક્ષકો) પોતાનો મિજાજ લઈને આવે છે. દરેકના નીર અલગ પ્રકારના છે. દરેકનું અસ્તિત્વ અલગ છે. પ્રભાવ જુદો જુદો છે. થોડું આંદોલન સર્જાય. આંદોલન સર્જાય તો જ નવીનતા પ્રગટે. જુદી જુદી માછલીઓ

મળે, સામુદ્રિક તત્ત્વો માનવને સાંપડે – એમાં પથ્થર (ઠોઠ વિદ્યાર્થી) પણ હોય અને મોતી (તેજસ્વી વિદ્યાર્થી) પણ હોય. સૌની અલગ ઓળખ છે.

અલગતાને ઓળખવા માટે મહેમાનો (મુલાકાતીઓ) પણ આવે છે. તેઓ સમુદ્રકાંઠે, ઉપસાગરના કાંઠે બેસી વખાણ કરે યા ટીકા કરે. કોઈ નિંદા કરે. સમુદ્રનું કાર્ય સતત ગતિશીલ રહેવાનું છે. સમુદ્રે કદાપિ આંદોલિત થવાની જરૂરત નથી, નહિતર એ પોતાની સમુદ્રતા ખોઈ બેસે.

કદાચ પ્રવાહો પલટાઈ શકે એ શક્ય છે, પરંતુ મેરામણ (દરિયા) એ ક્યારેય માઝા મૂકવાની નથી. એણે પોતાના અસ્તિત્વની ઓળખ આપવાની છે.

સમુદ્રસ્વરૂપ શિક્ષકે પ્રતિવર્ષ પોતાની અંદર એકત્રિત અમૂલ્ય જ્ઞાન-સંપદા બહાર કાઢતા રહેવાનું છે. પોતે મેળવેલ જ્ઞાન, ઉત્પન્ન કરેલ સંપદાથી માનવજાતને ઉપકારક અને ઉદ્ધારક બનવાનું છે.

દૂધાળા ઘનશ્યામ રાઠોડ જેવા સમાજને શિક્ષણ બદલી શકે. તે જેવો ઇચ્છે તેવો સમાજ નિર્માણ કરી બતાવે. સાધુ સારા વચન કહી શકે, વ્યક્તિમાં હોય તો ઈશ્વરત્વ બનાવી શકે; જ્યારે શિક્ષક દરેક પ્રકારના જવાબમાં ઈશ્વરત્વનાં દર્શન કરાવી શકે એમાં કોઈ શંકા નથી.

જી. બી. ગોહિલ નામક શિક્ષકની સિદ્ધિ જુઓ – જે વિદ્યાર્થી પોતાનાં માતાપિતાના વચનોને નહિ માનનાર શિક્ષકની આજ્ઞામાં રહે અને એમનું કહ્યું કરે. કદાચ બે ટકા શિક્ષકોને લૂણો લાગ્યો હોય તો એ એમની ભીતરની દીવાલનો વાંક છે. શિક્ષક આલમ ૧૦૦% શુદ્ધ સોનું છે જ. ગમે ત્યારે ઍસિડ લઈ ચકાસણી કરજો, શુદ્ધતા જ મળશે.

મારા અભ્યાસકાળ દરમિયાન મને મળેલા શિક્ષકોમાં સમુદ્ર અને મહાસાગર જેવા શિક્ષકો, અધ્યાપકો અને પ્રિન્સિપાલ મારા જીવનમાં મળ્યા છે. જેમની દયા અને અનુકંપાથી હું કદાચ સમુદ્ર ન બની શક્યો હોઉં, પરંતુ સરોવર તો અવશ્ય બની શક્યો છું – સમુદ્ર થવાની મથામણ હજી ચાલુ છે.

મેં એવું જીવન જીવવાનો પ્રયત્ન અવશ્ય કર્યો છે જેમાં સચ્ચાઈની સમીપ હોઈએ. કદાચ ક્ષતિઓ પણ હશે જ, પરંતુ એવું ઇરાદાપૂર્વક કર્યું નથી.

આજે પણ સમુદ્ર બનવાની મથામણ યથાવત છે. એક દિવસ મહાસાગર અવશ્ય થઈશું. વિચારધારા મૂળ બુલંદ બને એવું જીવન હોય. ભલે પથ

કંટકોથી ભરેલા હોય. આપણા જીવનમાં બુલંદી હોય તો કંટકો ફૂલડાં બની જાય.

સદ્‌ગુરુ પૂજ્ય દયાળુ કહે છે – ‘શિક્ષકમાં એની પોતાની બુલંદી હોવી જોઈએ. બુલંદીએ પહોંચેલા ગમેતેવા કઠિન મુકામને પાર કરી શકે.

નિખારો

મેં ૧૯૮૩માં શિક્ષકનો વ્યવસાય સ્વીકાર્યો ત્યારથી આજ સુધી ક્યારેય સ્ટાફને, વિદ્યાર્થીને કોઈ બાબતે છેતર્યો હોઉં એવું કદાપિ બન્યું નથી. કોઈને લૂંટી લીધાનો આનંદ અનુભવ્યો નથી. હા, ક્યારેક લૂંટાઈ જવાની લિજ્જત લીધી છે એટલે જ હું એક શિક્ષક સમુદ્ર છું. મારા થકી મોતીઓ પાકશે... પાકશે જ... શ્રદ્ધા છે, ગર્વ નથી.

જય હો... જય હો... જય હો...

ઉમાશંકર જોશીનું સ્મરણ –

રોતા ઝરણાની આંખ લોહની હતી,
ભોમિયા વિના મારે ભમવા’તા ડુંગરા.

●

૫. શ્રેષ્ઠ શિક્ષણકાર : 'બા'

'બા.'

મા, જનેતા, મમ્મી, અમ્મી. માતા માટે જગતમાં પ્રચલિત શ્રેષ્ઠ શબ્દો. અહીં શબ્દ બ્રહ્મ છે. બ્રહ્મ ઈશ્વર છે. જગતમાં 'શ્રેષ્ઠ' ગણાતી વ્યક્તિઓ ત્યારે જ 'શ્રેષ્ઠ' બની શકે છે, જ્યારે તેમની પાછળ માત્ર એક જ દિવ્ય વિભૂતિ પ્રત્યક્ષ હતી. તે વ્યક્તિ છે 'બા.'

પ્રત્યેક વ્યક્તિ, પ્રત્યેક પ્રાણીના ઉછેરમાં, એના ઘડતરરૂપ શિક્ષણમાં સૌપ્રથમ ગુરુ 'મા' છે.

મા જેવું શ્રેષ્ઠ શિક્ષણ કોઈ આપી જ ન શકે. નિર્મળા બા સ્કૂલ, મારી બા, મારી ગુરુ છે. 'મા' સો શિક્ષક સમાન છે.

સો શિક્ષકો ભેગા થઈને વર્ગખંડમાં જે શિક્ષણ ન આપી શકે, વિદ્યાર્થી વર્ગખંડની બહાર જે શિક્ષણ ક્યાંય ન મેળવી શકે તે શિક્ષણ 'મા' આપી શકે.

એકલી બા – કેટલી બધી મોટી વાત છે. મા જેવું આદર્શ શિક્ષણ, મમતા સભર શિક્ષણ જગતમાં કોઈ શિક્ષક ન આપી શકે.

માની મહાનતા... કોઈ જગ્યાએ તેની મર્યાદા સીમિત હોઈ શકે નહીં.

'વિશ્વમાં 'મા' અમર્યાદ વ્યક્તિત્વ છે. પરબ્રહ્મનું સાકાર સ્વરૂપ છે.' પૂજ્ય દયાળુ.

'મારા મતે એકમાત્ર "બા" જગતની સર્વશ્રેષ્ઠ કેળવણીકાર, સંગીતકાર, ગાયક સંવેદક છે.' શંકરાચાર્ય.

'મા' એવું વ્યક્તિત્વ છે, જેમાં ઘણી બધી શક્યતાઓ છે. 'બા'નું વ્યક્તિત્વ નિકટથી નીરખવાની વાત આવે, તો મને સૌથી પહેલાં મારી બા સાંભરે. બેઠાદડાનો આકાર, ઘઉંવર્ણો રંગ, મોટું ભાલપ્રદેશ, સદાય સસ્મિત ચહેરો, સ્વભાવમાં અત્યંત ભોળપણ. કદાચ દુનિયાદારી ઓછી. પ્રત્યેકને સ્વજન – પોતાના – સમજે. અસીમ આત્મીયભાવ. આખું ચૂડા ગામ એમને 'માડી' કહીને સંબોધે.

ચૂડા ગામની કોઈ પણ વ્યક્તિને પૂછો તો દરેકના મુખે તેમના ભોળાપણાની વાત સાંભળવા મળે.

દુનિયાદારીની અટપટી આવડત જરાય નહિ. આટાપાટા કદી ન ખેલી શકે. એને દુનિયાના આટાપાટા ન આવડે.

દરેક વાચકની માતા એ જ શ્રેષ્ઠ કેળવણીકાર છે. ભલે પછી એણે નિશાળનું શિક્ષણ લીધું હોય કે ન લીધું હોય. હા, અદ્ભુત કોઠાસૂઝ અને અજોડ આંતરસૂઝ જેવા ગુણોથી. માના વ્યક્તિત્વનો વિકાસ થાય છે.

આજથી લગભગ ત્રીસ વર્ષ પહેલાં મોટા ભાગના લોકો પોતાની માતાને 'બા' કહીને જ સંબોધતા.

સાગરની સુંદરતા, આકાશની વિશાળતા, ધરતીની ધીરજ, ફૂલની કોમળતા એકત્ર કરીને સર્જનહારે જે સર્જન કર્યું એનું નામ 'જનેતા.'

'જનેતા' એટલે 'બા.'

બા સમગ્ર વિશ્વમાં અપ્રતિમ વ્યક્તિત્વ છે. 'મા' પોતાના અજોડ ગુણોથી સમાજના – પરિવારના – નાગરિકોને પાંગરતું વ્યક્તિત્વ પ્રદાન કરે છે. આ પંક્તિઓ વાંચનાર સહુએ મનોમન પોતાની માતાની કલ્પના કરવી. બા એટલે માતૃત્વ. એ બાળકનો ઉછેર કરે, માનવતા સંપન્ન માનવ બનાવે. એની સાથે રમે... એને રમાડે. ઓરડામાં રમાતી સરળ રમતોથી એને પ્રસન્ન રાખે. મા ઇચ્છે કે દીકરો જિંદગીની દોડમાં કદી પાછળ ન રહે. 'મા' પોતાના બાળકને દોડાવે, જગતમાં શ્રેષ્ઠતાની દોડમાં કેમ આગળ જવાય તે શીખવે.

'મા' સંતાનને પોતાના હાથે ખવડાવે, પોતાનું અમૃતતુલ્ય દૂધ-ધાવણ ધવડાવી કુળના સંસ્કારોનું સિંચન કરે છે. એ ધાવણની ધારમાંથી શિવાજી, રાણા પ્રતાપ, ઝાંસીની રાણી, પૃથ્વીરાજ ચૌહાણ, રાજા હરિશચંદ્ર, રાજા દશરથ,

રાજા જનક જેવા વ્યક્તિત્વ જગતમાં ખીલી ઊઠ્યાં છે, તેઓ વિશ્વના ઉદ્ધારક બન્યાં.

અર્વાચીન યુગમાં ઉમાશંકર જોશી, ધૂમકેતુ, વિક્રમ સારાભાઈ, અટલબિહારી વાજપેયી, નરેન્દ્ર મોદી... કલેક્ટર, ગાયકો એ બધા ઉપર 'બા'ની અસીમ કૃપા છે. બા પોતાનાં સંતાનોની નર્સ છે. એ સંતાનોને કડવી દવા પિવરાવી શકે અને અનુપમ પ્રેમ પણ આપી શકે. ડૉ. એ. પી. જે. કલામ, ઓશો, મોરારિબાપુ, બાબુભાઈ રાણપુરા જેવા જાણીતા શ્રેષ્ઠ સંતો-વક્તાઓને કલ્યાણકારી બોલતા શિખવાડનાર 'બા' જ છે. કેવો એનો શબ્દ હશે શાશ્વત.

'બા' જેણે બાળકને શિખવાડેલો શબ્દ શાશ્વત બને.

'મા' સ્વયં પોતાના બાળક સાથે ઢીશૂમ... ઢીશૂમ... રમે... એને બૉક્સિંગ કરાવે.

'મા' એવું શક્તિશાળી વ્યક્તિત્વ છે, જે બાળકને જગતમાં સંઘર્ષ કરતા શીખવે, પોતે સંઘર્ષ કરીને બાળકને સંઘર્ષની યાત્રા કરાવે.

'મા' પોતાના શિશુના જતન માટે – એની નિંદર માટે એટલાં સારાં હાલરડાં ગાય કે બાળક જીવનભર ન ભૂલે. એ હાલરડાં સાંભળીને વિશ્વમાં શ્રેષ્ઠ ગાયક બનવાના સોનેરી સપનાં જુએ. 'કંઠમાંથી કહેણી વેતી થાય, જગતનો શ્રેષ્ઠ વક્તા મળે. વર્ગખંડમાં શિક્ષણ શરૂ થાય, વિદ્યાર્થી વિકલાંગ ન રહી જાય.'

પોતાના સંતાનને સરસ મજાની ચકા-ચકીની વાર્તા સંભળાવે, પછી રાજા-રાણીની વાર્તા સમજાવતા-સમજાવતા વૈરાગ્યથી શૃંગાર તરફ લઈ જાય. જગતના તમામ રસોનો કેવી રીતે ઉપયોગ કરાય તે 'બા' વિના કોણ શિખવાડી શકે ? 'બા' પાસેથી સાંભળેલી વાર્તાઓ બાળકને જગતનો શ્રેષ્ઠ વાર્તાકાર-કવિ-સર્જક બનાવે.

ઉમાશંકર જોશી નિખાલસપણે જણાવે છે – 'મારી કવિતામાં જે શ્રેષ્ઠ તત્ત્વો છે તે મારી બાની પ્રસાદી છે.'

શેરીમાં રમતા છોકરાઓ પૈકી કોની સાથે દોસ્તી બાંધવી, કેવી રીતે જીવવું ? કેમ ભણવું ? આ બધી તાલીમ 'બા' જ સારી રીતે આપી શકે.

ગુજરાતના મુખ્યમંત્રી રહી ચૂકેલા હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી

સાહેબ મુક્તપણે લખે છે – 'મારી બાના માર્ગદર્શનથી હું ઉચ્ચ પદ સુધી પહોંચી શક્યો છું.'

મા પોતાના બાળકને સુંદર રીતે તૈયાર કરી શાળાએ મૂકવા જાય અને યાદ રાખીને શિક્ષકને બાળક માટે ભલામણ કરતી આવે.

મા પોતે જિંદગીના પાઠ ભણાવે. બાળકના ભણતરની બાબતમાં કોઈ પ્રકારની કચાશ ચલાવી ન લે. જરૂર પડે તો બાળકના ગાલ પર તમાચો પણ ચોડી દે અને સાથે સાથે વહાલ વરસાવે.

બા એક હાથે વહાલ કરી શકે અને બીજા હાથે શિક્ષા પણ કરે – એની ભલાઈ માટે. બાના વ્યક્તિત્વના કેટલાં બધાં પાસાં છે. કૃષ્ણ મારી ખાય અને જગતના નાથને બા બાંધી શકે, બીજાની શી વિસાત ?

વૈરાગ્યના પાઠ મા સંતાનોને એવા શીખવે કે ભવિષ્યના મહાયોગી તૈયાર કરે. શ્રી અરવિંદ, રાજર્ષિ, પૂજ્ય મોટા, શ્રી શ્રી રવિશંકર, રમણ મહર્ષિ આ મહાત્માઓની ઊંચાઈ માતૃત્વની પ્રસાદી છે.

આપણા સૌના જીવનમાં 'બા'નાં એટલાં બધાં સંભારણાં છે કે યાદ કરતાં-કરતાં આંખો ભીની થઈ જાય. નયનોમાં આંસુ ઊભરાઈ આવે.

હું ખૂબ જ ભણું એમાં મારી બાને ઊંડો રસ હતો. તે કાયમ મને આશીર્વાદ આપતી વેળા કહેતી – 'ખૂબ ભણજે.' નોકરીએ લાગી ગયા પછી જ્યારે હું મારી 'મા'ને પગે લાગતો ત્યારે પણ, 'ખૂબ ભણજે.' આ એક જ આશીર્વાદ એના મુખેથી સરી પડતા. રાત્રે એ એવી સરસ વાર્તા કહેતી કે હું જગતના – જીવનના દુઃખદર્દ ભૂલી જતો. હૂંફથી મારા મોં પર ફરતો એનો હાથ મારી ઉપાધિઓમાંથી મને મુક્ત કરી દેતો.

મારી વહાલસોયી માના હાસ્યમાં મારી કુળદેવી મા આશાપુરી મધુર મુસ્કાન વેરતી હોય એવી અનુભૂતિ થતી. મોહક કલરમાં ફૂલડાંસભર સાડી તેને ખૂબ જ શોભતી. મારી 'મા' મારા પડખે ખાટલે બેસી હોય ત્યારે મને જે દિવ્યતા અનુભવાતી, આજે એનો ખાલીપો અનુભવાય છે. આ વાત મારા એકલાની માત્ર મને સાલતી એકલતાની નથી. જગતના તમામ લોકોની પોતાની 'મા'નાં સંસ્મરણો છે. આ સંભારણાં વારંવાર સ્મૃતિમાં તાજાં થયાં કરે છે. મારી બા નિર્મલાદેવીના ખડખડાટ હાસ્યમાં કેવળ નિખાલસતા વર્તાય. હું

લેખક, હાસ્ય કલાકાર તેમજ એનાઉન્સર બની શક્યો તેમાં ઘણાં શિક્ષકો ઉપરાંત સૌથી વધુ કૃપા મારી 'બા'ની છે.

જેના થકી સકલ પદાર્થ પ્રાપ્ત થાય એ જગતના શ્રેષ્ઠ શુભેચ્છક ઈશ્વર ગુરુ છે.

નિખારો

'બા' મને ઘણી મોડી ખબર પડી કે તું જ જ્યોતિધામ છે. તું પરમધામ ગઈ ત્યારે તારી જ્યોતમાં ઈશ્વરની જ્યોત સમાણી અને તારી જ્યોતિને શાશ્વતા બક્ષી. ઈશ્વર તારી પાસે માંગે બા, માતૃરુપેણ સંસ્થિતામ.

જગતનો ઈશ્વર 'મા' પાસે માંગ્યો... મેં પુરાણોમાં વાંચ્યું છે.

•

૬. શિક્ષણમાં સજા-દંડ

શિક્ષણ આપતી વખતે વિદ્યાર્થીને સજા-દંડ કરવાની વાત જ્યારે સાંભળવામાં આવે, ત્યારે મને અદાલતની કાર્યવાહી જેવું લાગે ! મારા આ વિધાન સાથે શિક્ષણક્ષેત્રના ઘણા શિક્ષકો કદાચ સંમત નહિ થાય.

ભણવામાં ધ્યાન ન આપનાર, શિસ્તનું પાલન ન કરનાર વિદ્યાર્થીને મારવા જોઈએ તો જ એ સુધરે, તો જ એમનામાં શિસ્ત આવે – આવું માનનાર એક વર્ગ છે. તેમના મત અનુસાર, વિદ્યાર્થીને સજા-દંડ કરવામાં ખોટું નથી.

'માર ભલભલા અપરાધીને ગુના કરતા ભૂલવાડી દે છે. ઢોરાં એ મારગે ચાલે તો છોકરાં કઈ વાડીની વિસાત ?

વિદ્યાર્થીઓને સજા કરવી જોઈએ એમ માનનાર વર્ગની આ પ્રકારની દલીલ છે.

દંડ આર્થિક રૂપમાં કરવો જોઈએ, દંડ માનસિક રૂપમાં પણ કરવામાં આવે છે. શિક્ષણમાં દંડ-સજાના ત્રણ પ્રકાર છે – (૧) શારીરિક, (૨) માનસિક અને (૩) આર્થિક.

જ્યાં પ્રેમ-લાગણીનું વાવેતર કરવાની અગત્યતા છે, ત્યાં સજા કરવી કેટલા અંશે વાજબી ગણાય ?

સજા એ સાપેક્ષવાદ જેવી છે. સજા કરવામાં આવે તેનો વિચાર કરીએ. જેને સજા-દંડ કરવામાં આવે તેને કષ્ટની ખબર પડે. ક્યારેક ટ્રાફિકમાં દંડ ભરીએ છીએ ત્યારે ખબર પડે છે.

અમે ગુજરાતી શાળામાં ભણતા ત્યારે એક સાહેબ વિદ્યાર્થીઓને ખૂબ જ મારતા. છોકરાઓને ઢોરની જેમ મારે, હાથમાં સોટી લઈને ફરે. લૉબીમાં આંટા મારે ત્યારે હાથમાં લાકડી હોય. એ સાહેબ જ્યારે વર્ગમાં આવે ત્યારે આખો વર્ગ ધ્રૂજી ઊઠે... મર્યા સમજો. હિટલર જેવી તાનાશાહી લાગે. તેઓ ઝાઝું ભણાવે નહીં.

તેમની જગ્યાએ વિઠ્ઠલભાઈ રોલેશિયા સાહેબનું સ્મરણ થાય. ધીમા સ્વરે બોલે. વાત કરતી વખતે સ્મિત ફરકાવે, ખૂબ જ આત્મીયભાવે શિખવાડે. વિદ્યાર્થીઓને તેમનો પિરિયડ સ્વર્ગની સફર જેવો લાગતો. આમ તો બંને શિક્ષકો છે, પરંતુ એમના પ્રભાવમાં કેટલો મોટો તફાવત છે. એક અન્ય શિક્ષક પ્રવીણભાઈ આદેસરા પણ ઘણા પ્રેમાળ.

મારા પ્રાથમિક શિક્ષણને ૩૫ વર્ષ પૂરાં થયાં. પાંત્રીસ વર્ષ પછી મારી 'શિક્ષણ-આચમન' કૉલમમાં મારા ગુરુને સંભારું છું. મારા માનસમાં તેમનું વાવેતર સાંભરે છે, લીંબડીના રત્નુ સાહેબ, નરહરિ ઠાકર સાહેબ કેમ ભુલાય ?

શિક્ષક તો વાસ્તવમાં નખશિખ દયા, કરુણા અને પ્રેમથી છલોછલ હોવા જોઈએ. જે શિક્ષકમાં આ તત્ત્વો ન હોય તો તેમનામાં શિક્ષકત્વ જ નથી. માત્ર રોટલા રળી ખાનાર કારીગર છે – જેમના માટે પૈસા સિવાય બીજી બધી પ્રવૃત્તિ નગણ્ય છે.

એક જમાનામાં શિક્ષકો વિદ્યાર્થીને ખૂબ જ મારતા. વિદ્યાર્થીને મારવામાં એમને આનંદ મળતો હશે કે કેમ ? મને આજે પણ આ વાત હરગિજ ગળે ઊતરતી નથી.

શિક્ષક તરીકે મારી છવ્વીસ વર્ષની કારકિર્દીમાં મેં વિદ્યાર્થીને માત્ર પ્રેમથી ભણાવ્યા છે, વિદ્યાર્થીઓ પર વહાલ વરસાવ્યો છે. મારા વિદ્યાર્થીઓને આત્મીયતાથી 'બેટા' અને 'મિત્રો' કહીને સંબોધ્યા છે. એકવાર હૃદયના ઊંડાણથી આ સંબોધન કરી જુઓ.

મારી સમક્ષ ક્યારેય શિસ્તભંગનો પ્રશ્ન આવ્યો નથી. જે શિક્ષકમાં કોઈ પણ વિષયવસ્તુની ઊંડાઈ ન હોય, વિદ્યાર્થીઓ પ્રત્યે આત્મીયતાનો ભાવ ન હોય તેમને શિસ્તભંગના પ્રશ્નો નડવાના.

'શિસ્ત લાદવામાં ન આવે. એ તો અંદરથી ઉદ્‌ભવે.' ડૉ. મોતીભાઈ પટેલ.

૧૯૮૪થી ૨૦૧૧ સુધી શિક્ષક તરીકે શિક્ષણયાત્રામાં ક્યારેય કોઈ પણ વિદ્યાર્થીએ મારી સાથે ઉદ્ધત વર્તન કર્યું નથી. કદાચ તેમના પ્રિય શિક્ષકમાં મારું પણ નામ હોય. 'દરેક વિદ્યાર્થી જુદા-જુદા પારિવારિક-સામાજિક માહોલમાંથી આવે છે. વિદ્યાર્થીનો કેસસ્ટડી કરવો, શિસ્તનો પ્રશ્ન નહીં રહે.' ડૉ. બળવંત જાની, સૌરાષ્ટ્ર યુનિ.

કોઈ શિક્ષક પોતાના વિદ્યાર્થીને સજા કરતો હોય એવું દૃશ્ય હું જોઉં છું ત્યારે મને જેલના વાતાવરણનો વિચાર આવે. જેલમાં અધિકારી/કર્મચારી પહેલાં કેદીને સમજાવે છે. સમજાવવા છતાં કેદીમાં સુધારો ન આવે તો તેને મારવામાં આવે છે.

શાળામાં કોઈકવાર છોકરાઓ બે-ત્રણ વાર એક જ પ્રશ્ન પૂછે તો શિક્ષક ખિજાઈ જાય. એ કહે, 'સમજાતું નથી ગધેડા !' આજે છોકરાઓ જેટલા ઓછા માર્ક લાવે છે, એવા માર્ક મારે કોઈ દિવસ નથી આવ્યા. જે ભણાવે છે, તે પરીક્ષા આપે તો ૧૦૦માંથી ૧૦૦ માર્ક લઈ આવતા. વિદ્યાર્થીને બિરદાવવા જોઈએ. આપણી મર્યાદા સ્વીકારવી જોઈએ.

હું તો સહજરૂપે કબૂલ કરી દઉં કે મારે આટલા માર્ક ન આવે. ઘણા શિક્ષકો કોણ જાણે કેમ સ્વીકારી શકતા નથી.

આજના યુગમાં વિદ્યાર્થીઓની સજ્જતા વધી છે, જ્ઞાનની ભૂખ વધી છે તેથી શિક્ષકે ખિજાઈને સજા ન કરવી જોઈએ. વિદ્યાર્થીને એમના પ્રશ્નોના સંતોષકારક ઉત્તર આપવાનો શિક્ષક પગાર મેળવે છે, આ હકીકત મનમાં યાદ રાખવી જોઈએ.

દરેક વ્યક્તિની મર્યાદા છે. મર્યાદા વિનાનો કોઈ માણસ નથી. અમે ભણતા હતા ત્યારે અમને ગણિત બરાબર આવડતું નહોતું, તેમાં હું શિક્ષકનો જ વાંક કાઢું છું. રકમ ન લખાવીને ભણાવતા કેટલાય ગણિતના શિક્ષકોને મેં જોયા છે.

એ જ શિક્ષકો જ્યારે કૉલેજમાં ભણતા, ત્યારે વર્ગમાં પિરિયડ લેવા ન

આવતા. અધ્યાપકોને અપશબ્દો બોલતા. પોતે શિક્ષક થયા પછી સમયનું પુનરાવર્તન કરીને પિરિયડ લેવા જતા નથી.

બિચારા વિદ્યાર્થીઓ શું કરશે ? ભૂતકાળનું પુનરાવર્તન ! ભાનુભાઈ જોશી, અકબર મુલ્લા, કે. જી. જોશી, મનીષભાઈ, જી. બી. ગોહિલ, પરમાર ભણાવે. કદાચ કોઈ વિદ્યાર્થીને ન સમજાય તો સમયની બલિહારી હશે ! આ લોકોએ ક્યારેય વિદ્યાર્થીઓને સજા નથી કરી. આવા ઘણા શિક્ષકમિત્રો છે. બધાના નામનો ઉલ્લેખ કરવાની આવશ્યકતા નથી. કેટલાક કિસ્સાઓમાં ખોટી રીતે સજા થઈ હોવાની ફરિયાદ સરકાર સમક્ષ રજૂ થઈ, જેના પરિણામે સરકારે નિયમ બનાવ્યો કે શિક્ષકોએ વિદ્યાર્થીઓને સજા કરવી નહિ.

ઓશોનું કથન છે – 'કોઈકના છોકરાને મારો છો, તો ક્યારેક તમારા પોતાના સંતાનને મારી જુઓ. જો સંવેદના થાય તો શિક્ષકે વિચારવું.'

પોતાના સંતાનને કોઈ અન્ય શિક્ષક મારે તો શું ફરિયાદ નહિ કરો ? સજા તો કદી ન કરવી. કેટલાક શિક્ષકો કટુવચનો, કટાક્ષભર્યા શબ્દો બોલીને વિદ્યાર્થીને માનસિક ત્રાસ આપે છે, અપમાનિત કરે છે, જેમ કે તને ગણિત આવડતું નથી ! હવે ગણ્યા દાખલા ! આવું વર્તન કરવાનું કારણ માત્ર ટ્યૂશનનો પૂર્વગ્રહ છે. વિદ્યાર્થીઓ પ્રત્યે તેમની પોતાની ફરજ અંગે શિક્ષકની માનસિકતા ઉત્તમ હોવી જોઈએ.

ફાધરને વહાલા થવા, નિરર્થક શ્રેષ્ઠતા બતાવવા મારે રાજપીપળાના પોપટ જેવા શિક્ષકો પછી ક્યાંય ચાલતા નથી. નાના વર્તુળમાં કારકિર્દીનાં વર્ષો પસાર કરી દે. મર્યાદિત માનસિકતામાં બંધાઈ જાય. વલણો, ટેવો અને વિચારાધારામાં અટવાઈ ગયા પછી પોતાનાપણું પણ ગુમાવે છે.

ટિપિકલી ભાષા બોલતો શિક્ષક બેહૂદો લાગે.

વિદ્યાર્થીઓને સજા કરવાની ટેવ શિક્ષકોએ પાડવાની નથી, કાઢવાની છે. વિદ્યાર્થીનો વિકાસ જરૂર કરવો, તેમાં વધુમાં વધુ યોગદાન આપવું.

પોતાનો ખોટો અહં જીવનમાંથી કાઢી નાખવો. પૂજ્ય દયાળુ કહે છે – 'શિક્ષક તો ગ્રહ પૂર્વગ્રહ અને આગ્રહ વગરનો સરળ જ હોવો જોઈએ, એમાં એની ગરિમા છે.'

નિખારો

શિક્ષકે માત્ર શિક્ષક રહેવું. બીજાં બધાં કાર્યો અન્ય લોકોને કરવા દો. એ લોકો શિક્ષક તો નહિ જ થઈ શકે, અન્ય ઘણાં ક્ષેત્રો છે કારકિર્દી માટે.

મારી એન. ટી. એમ. હાઈસ્કૂલમાં ધો. ૧૨ના કોઈ છોકરાએ વર્ગમાં ફટાકડો ફોડ્યો. બધા શિક્ષકોએ એ આખા વર્ગને સજા કરી. મેં કહ્યું, 'જેણે ફટાકડો ફોડ્યો હોય એ જો સાચું બોલે તો એને માફ.' એક વિદ્યાર્થી ઊભો થઈને બોલ્યો, 'સાહેબ ! મેં ફટાકડો ફોડ્યો હતો. સૉરી... સર !' મેં માફ કર્યો, કોઈ સજા નહિ.

•

૭. સ્ટાફરૂમ છોડો

(હાસ્યલેખ)

મોટાભાગના શિક્ષકોને શિક્ષણસંસ્થામાં જો કોઈ પ્રિય સ્થળ હોય તો તે છે સ્ટાફરૂમ.

આ સ્ટાફરૂમમાં ગજબનું ગુરુત્વાકર્ષણબળ છે, જે શિક્ષકોને પોતાની તરફ ખેંચી રાખે છે, એમને વર્ગખંડમાં જવા ન દે.

પૃથ્વી કોઈ પણ પદાર્થને પોતાની તરફ ખેંચી રાખે છે – ન્યુટન નામક વૈજ્ઞાનિકે શોધેલો આ નિયમ છે. એવો એક નિયમ સ્કૂલમાં-હાઈસ્કૂલમાં પણ ગજબનું ગુરુત્વાકર્ષણ બળ છે, જે શિક્ષકોને વર્ગખંડમાં જતા રોકે છે.

સ્ટાફરૂમમાં એવું ચુંબકીય બળ છે, જે શિક્ષકોને ખેંચી રાખે છે. તેમને આજુબાજુ ઉત્તર-દક્ષિણ ફેરવે છે.

શિક્ષકો હોકા જેવું મોં કરી હોકાયંત્ર બની દિશાસૂચન કર્યા કરે છે.

જેમ નેતાને માઇક પ્રત્યે લગાવ છે, તેમ શિક્ષકોને સ્ટાફરૂમ પ્રત્યે ગજબનો લગાવ જોવા મળે છે. ભક્ત અને ભગવાન જેટલો પ્રેમ તમે જોઈ શકો. મેનકા અને વિશ્વામિત્ર જેટલો પ્રેમ શિક્ષકોને પોતાના સ્ટાફરૂમ પ્રત્યે છે. કોઈ સરકારી માપ હોય તેની મને ખબર નથી. આ રૂમ સામાન્ય રીતે વર્ગખંડના માપનો એક ખંડ હોય છે.

આ ખંડમાં એશિયા ખંડની ચર્ચાઓ થતી હોય, વિશ્વની તમામ દિશાઓનું જ્ઞાન અહીં ઠલવાય. જો કોઈ માણસ એકાદ કલાક જેટલો સમય અહીં

વિતાવે તો એને સાક્ષાત્કારની ભૂમિકા જેટલું જ્ઞાન પ્રાપ્ત થાય. વેદોનું પણ જ્ઞાન મળે.

બધું જ જ્ઞાન સહેલાઈથી મળી જાય. આગંતુક વ્યક્તિ સાવ અજ્ઞાની છે, જે બાબતની માહિતી એને મેળવવી છે. તેમાં એ અભણ છે એવું તમે સાક્ષરને કહી દો એટલે બસ પછી એક શ્રેષ્ઠ શ્રોતા બનીને તમારે સાંભળ્યા કરવાનું. અતથી ઇતિ સુધીની માહિતી તમને સ્ટાફરૂમમાં મળી જાય.

અહીં મળેલું જ્ઞાન તમને સંસારમાં ક્યાંય ઉપયોગી ન લાગે, છતાં તમારે એ જ્ઞાન અચૂક લેવું પડે. અહીં ઉપસ્થિત વ્યક્તિઓ રોજબરોજ બનતી ઘટનાઓની એટલી તલસ્પર્શી ચર્ચા કરે કે સાંભળનાર દંગ રહી જાય.

રાજકારણની કોઈ ચર્ચા શરૂ થાય ત્યારે એનું એટલું સરસ અર્થઘટન કરવામાં આવે કે તમને એમ લાગે કે વર્ષોથી રાજકારણમાં રહેલા રાજકારણીઓ પણ ચર્ચા ન કરી શકે એવી ગહન ચર્ચા સ્ટાફરૂમમાં ચાલતી હોય.

પિરિયડ લઈને આવેલા નવા શિક્ષક પૂછે – શેની ચર્ચા ચાલે છે ? શું વાત છે, મને કહો તો ખરા. બસ, પછી એ ચર્ચામાં પેલા શિક્ષક પોતાનાં મંતવ્યો રજૂ કરે – સારા-નરસાપણા સુધી ચર્ચા લંબાય.

એમાં જો કોઈ મહાશય ઍડમિશન બાબતનો વિષય છેડે તો પછી પૂછવું શું ? ભાવતું ભોજન અને પીરસવામાં જમાવટ બરાબર જામે. હમણા બી.બી.એ. ઍડમિશન પરીક્ષા હતી. પેપરો બહુ અઘરા જણાયા. કોર્સ બહારનું ઘણું પૂછ્યું. આખા અમદાવાદમાં દેકારો મચી ગયો. બસ, આટલા પ્રશ્નો સ્ટાફરૂમમાં ચર્ચા કરવા માટે પૂરતા થઈ ગયા.

એક સાક્ષર મિત્ર કહે, ' આ કોર્સનું ભાવી ધૂંધળું છે. અત્યારે ભલે બધા ઉમેર્યા હોય, પરંતુ ભૂંડી રીતે પડવાના. પી.ટી.સી.ની જેમ બધાને ક્યાં સમાવશે ? તને જેમ કોઈકે સમાવ્યો તેમ તેમને કોઈક તો લેશે ને ! સમયની આ જ માંગે છે ? એ સાકાર એ તથ્ય ભૂલી જાય છે કે જેની પાસે ભણતરનું કૌશલ્ય હશે તે તરી જશે.

પૂજ્ય દયાળુ કહે છે, 'સાહેબ ! ચીલાચાલુ શિક્ષણ કરતાં નવો ચીલો ચાતરીને ચાલે તે શિક્ષણ. શિક્ષણ માત્ર બીબાંઢાળ ન હોવું જોઈએ. સદૈવ

નવીન હોવું જોઈએ. સમયની માંગ મુજબ સુરેન્દ્રનગરના મિત્ર દેવૈયા સાહેબ હંમેશાં સહુને ગમે એવા શિક્ષકો પૈકીના છે. વાત પણ એટલી જ ખરી છે.

કૉમ્પ્યૂટર, માર્કેટના યુગમાં વ્યવસાયિક અભ્યાસક્રમોના લોકો ગજા બહારના પગાર માંગે છે. કંપનીઓ આપે છે. હવે તો ઇન્ટરનેટનો યુગ છે. મને એકવાર એક સરકારી કચેરીમાં કહેવામાં આવ્યું, ‘તમારું ઇમેલ ઍડ્રેસ બોલો.’ ત્યારે મેં માથું ખંજવાળતાં શરમ અનુભવેલી. કેવી કરુણતા ! મૂળ વાત પર ફરી સ્ટાફરૂમમાં આગળ ચર્ચા ચાલે. રિસેશનો સમય ક્યારે આવી જાય – ખબર ન પડે. શાળામાં શિક્ષણકાર્ય ધીમેધીમે ચાલતું રહે. રિસેશનો સમય પસાર થાય.

વિવિધ નાસ્તો મંગાવવામાં આવે. કોઈ બિસ્કિટ મંગાવે. વળી, કોઈ સ્ત્રી-દાક્ષિણ્ય કર્મચારી મલકાઈને કહે, ‘લો ભાઈ ! આ ચાખો.’

ત્યાં તો નાસ્તો મંગાવવા માટે પટાવાળાને આદેશ આપે – ‘જા, મિક્સ ચેવડો લઈ આવ. બધા ભેગા બેસી ખાઈ શકે.’

આમ, એકતા જાળવવાની રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ થતા બસ, આટલી જ વાર લાગે.

નાસ્તા અને ચાનો કાર્યક્રમ પૂરો થાય. રિસેશ પણ પૂરી થઈ જાય, પરંતુ ચર્ચાનો દોર ચાલતો રહે. અવારનવાર નાસ્તાની આઇટમો બદલાતી રહે. ત્યાં આચાર્યશ્રીના વહાલા-દવલા પૈકી કોઈ પ્રિય શિક્ષકને આચાર્યશ્રી બોલાવીને એને કોઈ ખાસ કાર્યક્રમ માટે કાર્યભાર સોંપે. એ વખતે શિક્ષક ઓળઘોળ થઈ જાય. જાણે ધારાસભ્યમાંથી મંત્રીશ્રીનું પ્રમોશન આપવામાં આવ્યું હોય એવો ગર્વ અનુભવાય.

સ્ટાફરૂમમાં દરેકને બેસવાની ખાસ જગ્યા, દરેકની અલગ-અલગ ખુરશી. દરેક માટે એમનું અલગ કબાટ, જેમાં એમની વસ્તુઓ રાખી મૂકેલી હોય. કેટલાકના કબાટનાં ખાનાં સરસ રીતે ગોઠવેલાં હોય, જ્યારે કેટલાકનાં એવાં લાગે, જાણે કાગડાના માળા જોઈ લો. જેમને કામગીરી સોંપાઈ નથી એવી વિરોધપક્ષની લૉબીને ચર્ચાનો વિષય મળી જાય.

‘એ ભૂલે તૂટતો... લઈને ચાંદ !’ કોઈ કહે.

પણ મારી એક વિનંતી છે. જે લોકો કામ કરે છે, સમાજમાં તેમની જ કિંમત છે. કામ નહિ કરનાર કર્મચારીઓને કોઈ ભૂલેચૂકેય સંભારતા નથી. સંભારણાં કોણ મૂકી જાય ? રઘુભા ઝાલાની જેમ શાળાનું કામ શાળામાં કરનાર વર્ગ છે. કામ થાય તો જ શાળા ચાલે નહિતર ફાજલનો પ્રશ્ન ઉપસ્થિત થાય ! શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં નહિ જોડનાર શિક્ષકો વર્ગખંડમાં વરસી જાય છે એવું માનવાને કોઈ કારણ નથી. અનુભવે જોવા મળ્યું છે, વિદ્યાર્થીઓ જે માર્ક લાવે છે તેમાં ઘણા બધા લોકોનો ફાળો હોય છે. જેમને સારી શાળા અને સુયોગ્ય શિક્ષક મળે એ ભાગ્ય છે. આપણે આપણા અંતરઆત્માને ઢંઢોળીને પૂછીએ તો ભીતરથી આવેલો જવાબ સાંભળી ન શકાય એવો ખરાબ હોય છે. જો હિંમત હોય પૂછી જોજો. બધાં જ ક્ષેત્રોમાં આવું બનવા લાગ્યું છે, છતાં કામ કરનાર વર્ગ પર બીજાના રોટલા શેકાય છે એ નક્કર હકીકત છે. અલબત્ત, સ્ટાફરૂમમાં શેરીની, ગામની, રાજ્યની, રાષ્ટ્રની તેમ જ આંતરરાષ્ટ્રીય ચર્ચાઓ ચાલતી રહે – આ નિરંતર પ્રક્રિયા છે. આનંદદાયક પ્રક્રિયા છે, જે અટક્યા વિના સતત સ્ટાફરૂમમાં ચાલતી રહે છે. મિનિટ-સેકન્ડ-કલાક-દિવસ-મહિના-વર્ષો સુધી સમય પસાર થઈ જાય છે. સ્ટાફ પૈકી કોઈ નિવૃત્ત થાય છે ત્યારે નિવૃત્તિના છેલ્લા દિવસે સ્ટાફરૂમ મૂક ભાષામાં કહે છે – મેં તને ત્રીસ વર્ષ સુધી નિભાવ્યો છે, હવે કોઈ નહિ નિભાવે. સમજી-વિચારીને સમય વિતાવજે, નહિતર જીવતર જીવવા જેવું નહીં રહે. પ્રેરક જીવતર જીવી જાણનાર શિક્ષકોમાં સંજય મકવાણા, હેમંત વાળા તેમ જ વાલજીભાઈ ડોળિયા સરળતાથી સ્પર્શી જાય. એમને વારંવાર સંભારવાનું મન થાય.

નિખારો

સ્ટાફરૂમ અંગત છે. ચર્ચા અનંત ચાલ્યા કરે. સ્ટાફ અનંત છે. સ્ટાફરૂમ-સ્ટાફરૂમનું રટણ છૂટે તો મુક્તિ છે.

•

૮. કંચન વરસ્યા મેહ !

ક્યારેય સોનાનો વરસાદ વરસે ખરો ?

કંચન એટલે સોનું. સૌરાષ્ટ્રના લોકસાહિત્યકારો ડાયરામાં મોજથી લલકારે – 'બાપ ! કંચન વરસ્યા મેહ !' આપણે આ શીર્ષક હજારોવાર સાંભળ્યું, 'વાહ વાહ' કરી દાદ પણ આપી. સાંભળનારે કદી વિચાર્યું ખરું કે, 'કંચન વરસ્યા મેહ' એટલે શું ? સોના પર ક્યારેય ઋતુઓની અસર થતી નથી એટલે કે સોનું સ્થિર છે. તાંબું લીલુડું થાય, પિત્તળ કાળું થઈ જાય, ઋતુઓ અસર કરે.

'કંચન વરસ્યા મેહ' અર્થાત્ સોના જેવો વરસાદ જિંદગીમાં જેની જ્યારે જરૂરત પડે અને બરાબર ખરાખરીના સમયે આવી મળે, જેમના આગમનની પ્રતીક્ષા કરતા હોઈએ – હમણા આવે, હમણા આવે અને એ આવી મળે – નયનો નાચી ઊઠે, મનડું હરખાઈ જાય, રોમ-રોમ આનંદથી છલકાય ત્યારે માનવું કે કંચન વરસ્યા મેહ.

પ્રત્યેક માણસના જીવનમાં આવી પળ એકવાર અવશ્ય આવે. એ કિંમતી પળ જિંદગીનું સ્મરણ બની જાય. એને હજારોવાર વાગોળવાનું મન થયા કરે.

મન હરખી ઊઠે, લહેરમાં આવી જાય.

પૂજ્ય દયાળુ કહે છે – 'કંચન વરસ્યા મેહ એટલે એ સમયે થયેલી અનુભૂતિ સોનાના વરસાદ જેવી હોય છે. સૌની અનુભૂતિ અલગ-અલગ છે, અનુભવો અલગ છે પરંતુ દરેકનો આનંદ એકસરખો છે.'

સોનાનો વરસાદ સોનાનો ભાવ આસમાને પહોંચ્યો છે, ત્યારે આપણા

હૃદયનો ભાવ ચરમ સીમાને સ્પર્શે, ટોચની ઊંચાઈ પ્રાપ્ત થાય ત્યારે મન મહોરી ઊઠે.

ઉમાશંકર જોશીએ કહ્યું છે – 'મનને મહોરવા માટે અવસરો પૂરા પાડવા પડે.'

એ અવસરો મળતાં-મળતાં એમાંનો એકાદ અવસર સોનેરી અવસર બની જાય. એ અવસર સંભારણું હોય. 'જિંદગીની પ્રત્યેક ઘટના અવસર નથી.' – કવિતા.

'જિંદગીની આજકાલ મારા બેલીડાં અવસર તો જિંદગીની ડાળ.' આ કવિતા ભાનુપ્રસાદ પંડ્યા સાહેબની છે. શિક્ષણમાં સોનાના મેહ વરસે, જિંદગીમાં સોનાના મેહ વરસે પણ જ્યારે મેહ વરસે ત્યારે પલળતાં આવડવું જોઈએ.

પૂજ્ય બાબુભાઈ રાણપુરા 'દયાળુ' પ્રત્યેક શિક્ષકને ઘટનાનું સંભારણું વર્ણવે છે. ગણિત-વિજ્ઞાનના શિક્ષક ગણિત શીખતા વિદ્યાર્થીની જિજ્ઞાસા સંતોષતાં-સંતોષતાં એવી રીતે ગણિત શિખવાડે કે શીખનાર શીખી જાય અને ખબર સુધ્ધાં ન પડે. બંને પક્ષે ખૂબ મજા આવે, લહેર આવે.

વર્ગના વિદ્યાર્થીઓ એવું અનુભવે કે આજે ભણવામાં ખૂબ જ મજા આવી, એનું મન આનંદથી ઝૂમી ઊઠે. ગુજરાતી-હિન્દી-સંસ્કૃત-અંગ્રેજીભાષાના શિક્ષક કવિતા એટલા સરસ લહેકાથી ગાય કે વર્ગમાં ભાવવિશ્વ સર્જાઈ જાય. આ અશક્ય નથી. કેટલીક વખત ભાવવિશ્વ સર્જાઈ જાય. શિક્ષક કથનશૈલીમાં કવિતા સમજાવે, વિદ્યાર્થીઓ કવિતાના ભાવમાં વહેતા હોય, કવિતાની સમજૂતી આગળ ચાલતી હોય અને અંતે કવિએ અનુભવેલા સ્પંદનો વિદ્યાર્થી અનુભવવા લાગે. એ જ સમ-સંવેદન. ધ્રાંગધ્રામાં ભૂપત ઠાકર એવું ભણાવે કે વર્ગ સ્વર્ગ સમાન લાગે.

કવિ અને વિદ્યાર્થીના મનોભાવ એકરૂપ થવા લાગે.

કવિ ઉસનશ્ની કવિતાના શબ્દો – 'નિર્માયો વિહર મનોભાવનો બા બેસી પડી' – આ કવિતા સમજાવતી વેળા કેટલીયે વાર રડવાનું યાદ છે.

કવિતા આત્માની ભાષા છે. જે વ્યક્તિનો આત્મા જીવંત હોય તે કવિતાના હાર્દને માણી શકે. બીજા બધા કવિતા વાંચી જાય. 'વર્ગમાંથી કવિતા કોર્સમાં હાલી જાય.' મારા મિત્ર-સહાધ્યાયી ડૉ. નરેન્દ્ર રાવલ કહે છે.

'કવિતા સંવેદના ન જગાડે તો કવિતા સાર્થક ન ગણાય. કવિતા હૃદયના તારને ઝંકૃત કરવી જ જોઈએ.

હમણા આચાર્યની કર્મયોગી તાલીમ પરેશ રાવલની એન. ડી. આર. હાઈસ્કૂલમાં યોજાઈ હતી.

એમની પ્રસિદ્ધ કવિતા –

'તાક-ધિના-તાક લઈ આવે વરસાદ' – આ કવિતા ગાતા પૂર્વે એમણે કહ્યું, 'આ કવિતા મહેન્દ્ર શુક્લ માટે છે.' બહુ થોડા આચાર્યો ભીંજાયા. ભીંજાયા એ છલકાયા. કવિતામાં ભીંજાવા માટે હૃદય પરથી રેઈન કોટ કાઢી નાખવા પડે.

મિત્ર જગદીશ ગઢવી ઘણા સરસ મૂડમાં, વાદળની કવિતા મધુર શૈલીમાં રજૂ કરે. વાદળના સ્પંદનો આપણને સ્પર્શી જાય, હૃદયમાં ઊંડે સુધી અનુભવાય. 'હાથ મોરલી પગમાં પખવાજ, માથે ઉપાડ્યા કાળા નાગ, હો જોગી બાવા જોગ રે ઉતારો આજ.'

વાદીની જુવાન કન્યાના વિરહની વાત છે. વિરહ સૌનો સરખો, અનુભૂતિ સૌની સરખી. વર્ગખંડમાં આ કવિતા ભણાવાય ત્યારે શિક્ષક તેમ જ વિદ્યાર્થીનું ભાવજગત એકરૂપ થઈ જાય.

બસ, આ પળ-ઘડી કંચન વરસ્યા મેહ કોઈ સ્પર્ધામાં શાળાએ ભાગ લીધો હોય, ગરબો, સંગીત, રમત-ગમત હરીફાઈ વક્તૃત્વ યુવક મહોત્સવમાં જવાની અગાઉથી તૈયારી કરી હોય, શિક્ષકગણ નિશાળમાં વિદ્યાર્થીઓ માટે નિચોવાઈ ગયા હોય, સખત મહેનત કરીને વિદ્યાર્થીઓને શિખવાડવામાં કોઈ કચાશ ન રાખી હોય, સ્પર્ધામાં પોતાની શાળાના વિદ્યાર્થીનું નામ પોકારાય ત્યારે વિદ્યાર્થી આશાતુર નજરોથી શિક્ષક સામે જોઈને વિજય મેળવવા જાય, પોતાનાં તમામ કૌશલ્યો રજૂ કરે ત્યારે સાંભળનાર શ્રોતાગણ એકાકાર બની જાય, તાળીઓનો ગડગડાટ થવા લાગે... વિદ્યાર્થીઓનો ઉત્સાહ ખૂબ વધવા લાગે... પોતે વિજયી થવાના એંધાણ વર્તાય, શિક્ષકની આંખો હર્ષના આંસુથી છલકાઈ ઊઠે, બધું ધૂંધળું દેખાય... ધૂંધળાશનો અનેરો આનંદ, હોઠ હસવા લાગે. થોડીવાર પછી પરિણામ જાહેર થાય. એ વખતે પોતાનો જ વિદ્યાર્થી વિજયી ઘોષિત થાય. એ આનંદ... એ મોજ... એ ખુશીનો પ્રસંગ કંચન વરસ્યા મેહ બની જાય, ખરું ને ? આ પળ જેવી એ સાક્ષાત્કારની ભૂમિકા છે.

માલવણના ગોહિલ સાહેબ, ધ્રાંગધ્રાના હરદેવસિંહ રાણા સાહેબ સાચે જ માનવતાવાદી માણસો છે, અજોડ શિક્ષકો છે. એમની સરળતા સદા મને ગમે છે. એમને કહેવાય હરિયાળા માણસ !

જામનગરમાં સંસ્કૃતના પેપર વખતે મને નિર્ણાયકનું પદ મળ્યું ત્યારે મિત્રો ખુશ થયા. હું વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય આપું. નરેન્દ્ર પટેલ વણા, સરવૈયા બાપુ પાટડી, જગદીશ પટેલ વરમોરા ખુશ થયા, કારણ કે ક્ષતિ જવા દેવી એ મહાનતા છે.

નિખારો

ક્ષતિ શોધવા સ્ટાફને કામે લગાડવામાં આવે એ સિદ્ધિ નથી. સિદ્ધિના પ્રદર્શન ન હોય, અનુભૂતિ કરવાની હોય.

•

૯. હકારાત્મક અભિગમ

આપણે ઘણા પ્રકારના અભિગમો ધરાવતા હોઈએ છીએ. આ બધા અભિગમો બાહ્ય જગત સાથે આપણું ઘાટ-ઘડામણ કરે છે. કેટલાક વ્યવહારો ખૂબ જ સરસ હોય છે, જ્યારે કેટલાક વ્યવહારો આપણને વિસ્મયતામાં મૂકી દે છે.

સાચી વ્યક્તિ સાથે કરવામાં આવતો આપણો વ્યવહાર, આપણી પસંદગી યા નાપસંદગી પર અવલંબે છે. સ્વાર્થની માત્રા જેટલી વધુ એટલો તાણભર્યો વ્યવહાર. વ્યવહારથી વ્યક્તિત્વની ઓળખ થાય છે.

મેં સરકારી કચેરીઓમાં ઘણા એવા લોકોને જોયા છે, જે નોકરી કરવા આવે ત્યારે અવારનવાર પોતાના પાડોશીના તેમજ સગાંસંબંધીનાં કાર્યોના ઢગલા લઈને આવે. જે કર્તવ્ય માટે આપણે નિયુક્ત થયા છીએ તે ભૂલી જાય – સમાજસેવા, આગેવાનીમાં રચ્યા-પચ્યા રહીએ છીએ, જેના પરિણામે સમયસર કચેરીમાં આવી શકાતું નથી, ફરજનાં કાર્યો સમયસર થઈ શકતાં નથી. ફરિયાદો ઊઠે છે. કોઈ કહે, આ વ્યક્તિ બરાબર કામ કરતી નથી. અંતે આપણું શ્રેષ્ઠ વ્યક્તિત્વ ઘણા લોકો ભેગા થઈ બગાડે.

પૂજ્ય દયાળુ કહે છે – 'વ્યક્તિના અભિગમો ઉપર સમાજવ્યવસ્થા તેમ જ સંબંધોની સારપ નિર્ભર હોય છે.'

શિક્ષણખાતામાં કાર્યરત વ્યક્તિઓ અન્ય સેવામાં સંકળાયેલા લોકોની તુલનામાં હકારાત્મક અભિગમમાં બહુ મોટું કાર્ય સરળતાથી પૂર્ણ કરી શકે છે.

અલબત્ત, આપણી અહંવૃત્તિ આપણને અમુક અભિગમો વિચારવા તૈયાર

નથી હોતી. ઘણી વાર બદલાતી ભાવના, કિન્નાખોરી, લુચ્ચાઈ, મીઢાંપણું, જડતા આપણને વિકાસની દિશા તરફ આગળ વધતા અવરોધરૂપ બને છે.

શિક્ષણમાં ક્યારેય નકારાત્મક વલણ ચાલી શકે જ નહીં, છતાં વ્યક્તિ પોતાના વ્યવહારમાં નકારાત્મક વલણ ધરાવે છે. એ જ અજાયબી છે.

જોકે એવી વ્યક્તિઓ પોતે તેમજ સંસ્થા, બંને એક દિવસ વિનાશના આરે આવીને ઊભા રહે છે.

જ્યાં જીવંત વ્યક્તિઓ સાથે કાર્ય કરવાનું છે, લાગણી-પ્રેમ વાવવાના છે ત્યાં આપણે ઘૃણા વાવીએ તે કેમ ચાલે ? સુરેન્દ્રનગરમાં એલ.સી.બી.ના અધિકારી શૈલેશ રાવલ કહે – 'મારી વિચારધારા પ્રમાણે શિક્ષણમાં ક્યારેય નકારાત્મક વૃત્તિ ચાલી શકે નહિ. એ વૃત્તિ પ્રગતિના પંથને રૂંધી નાખે છે, વિકાસ અટકી જાય છે. નકારાત્મક વૃત્તિથી વ્યક્તિમાં રહેલી ઘણીબધી શક્યતાઓ નાશ પામે છે અથવા એમ કહી શકાય કે લોકો એક પ્રકારની સૂગ અનુભવે છે.

વસ્તડી પ્રાથમિક ગુણોત્સવમાં હેતલબહેન શુક્લ કહે છે – 'હકારાત્મક અભિગમ રાખવા માટે કશું કરવાનું નથી, માત્ર સારો વિચાર કરવાનો છે. મારી શાળાનું પરિણામ ૧૦૦% સફળ આવશે, અમારી સિદ્ધિ-પ્રસિદ્ધિ પ્રસરશે. ગુણોત્સવથી વિદ્યાર્થી જરૂર પ્રગતિ કરે એવો શુદ્ધ વિચાર જો શિક્ષક ન કરી શકે તો બીજું કોણ કરશે ?'

થાનના દિગ્પાલસિંહ ગોહિલ સાહેબની માફક, 'હું કોઈને મદદરૂપ બનું, પ્રાર્થનામાં સારા વિચારો સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરું.'

'કોઈ સારો પ્રેરક પ્રસંગ કહું, જે વિદ્યાર્થીને પ્રગતિ તરફ લઈ જવા માટે ઉપકારક બને.' આચાર્યની આ કામગીરી છે.

વિદ્યાર્થીઓને બે-ચાર સારી કવિતાઓ ગાઈ સંભળાવું – એમને ગાતા કરું. હાઈસ્કૂલ એમ. વી. કલોતરા બહુ સારી રીતે કવિતા ગાન કરે.

હું પણ ગુજરાતી પાઠ્યપુસ્તકની કવિતાઓ ગવરાવું.

રાગ-તાલ-ઢાળ વિના પણ કવિતા ગાઈ શકાય – હૃદય સાથે શબ્દનો સ્પર્શ થશે તો – આ બધું અંતરમાંથી બહાર પ્રગટી આવશે.

બે સારી વાર્તાઓ કહીએ. જો શિક્ષક પૂજ્ય મોરારિબાપુની કથા સાંભળે

તો તેમાંથી અખૂટ પ્રેરક પ્રસંગો સાંપડે – જે શિક્ષક અને વિદ્યાર્થીમાં હકારાત્મક વિચારો જન્માવે, વિકાસમાં ઉપકારક બને.

ભગવાન શંકરાચાર્ય પોતાના દિવ્ય ઉપદેશમાં જણાવે છે – 'અંદર અગ્નિ છે. થોડીક ફૂંક હકારાત્મક વિચારની લાગી જાય તો વ્યક્તિનું તેમજ સમાજનું કલ્યાણ થાય જ. ચૂડા ગામમાં કિરીટ ચૌધરી પ્રાથમિક શાળામાં ઘણું સારું કામ કરે. ઊડીને આંખે વળગે તેવી કામગીરી કરવા બદલ એમને અભિનંદન.

'સમાજમાં પ્રજાપાલક રાજાઓનાં સુંદર ચરિત્રો કહીએ, પ્રજા-વત્સલ રાજાની વાત કહેવામાં આવે. આમ તો આખું જગત ખરાબ છે. તેમાં જેટલું સારું છે એટલું આપણને માફક આવે એ રીતે સ્વીકારી લઈએ.' ઓશો.

શાળાના વિદ્યાર્થીની ક્યારેય કોઈની સાથે સરખામણી ન કરીએ. શા માટે સરખામણી કરવી ? પ્રત્યેક ફૂલની આગવી સુગંધ, અનોખો રંગ, વિશિષ્ટ ઓળખ છે. આપણે કોણ એમને સરખાવનાર ?

જેટલું સારું થાય એટલું જરૂર કરીએ. કદાચ આપણું સામર્થ્ય ન હોય, આપણી પાસે સંપદાશક્તિ ન હોય તો સારું હકારાત્મક વિચારીએ તોપણ એનાથી શાળાના કેટલા બધા પ્રશ્નો ઉકેલી શકાય. પ્રશ્નો અહંથી ઊભા થાય છે.

મેં મારા જીવનમાં ક્યારેય નકારાત્મક અભિગમ અપનાવ્યો નથી, જેના પરિણામે મારો કોઈ વિરોધી નથી. કોઈને કાંઈક અપ્રિય કહેવાનો પ્રસંગ આવે ત્યારે વિવેકમાં રહીને કહેવું મુશ્કેલ છે, અશક્ય નથી. પ્રયત્ન કરતા રહીએ.

લીંબડીના મનુભાઈ જોગરાણા તેમજ ચૂડાના પંડ્યા ધવલ સાહેબ પણ ગમે. ગુજરાતી ભાષાની તાલીમમાં વીર ૫૨ મોરબી જવાનું થયું. પૂજ્ય બાપુ પણ ખુશ થયા. રાજીપો વ્યક્ત કર્યો. ચૂડા હાઈસ્કૂલના શિક્ષક સી. ડી. કપાસી તથા વ્યાસભાઈ પણ મારી સાથે હતા. ત્રણ દિવસ ખૂબ મોજ કરી. પૂજ્ય ચેતનબાપુનું હકારાત્મક વલણ મને ઊંડે સુધી સ્પર્શી ગયું. ત્રણ દિવસ સતત સાથે રહ્યા. કદાચ બાપુ સાથે ઋણાનુબંધન હશે. રાત-દિવસ ચેતનબાપુ સાથે રહેવાનું થયું. કદાચ બાપુ કંટાળ્યા હશે, અમે હરગિજ ન કંટાળ્યા. પૂજ્ય ચેતનબાપુ સાથે રહેવું એ ચૈતન્યને આવકારવાની વાત હતી. સંજયભાઈ-ઘનશ્યામભાઈ રાઠોડને સંભારું. એ સાધુમાં અસીમ સરળતા મેં જોઈ. તુલસીના દોહા યથાર્થ લાગ્યા.

કોઈ પણ વાત હોય, દરેક બાબતે એમનું હકારાત્મક વલણ સ્પર્શી જાય. એમને વંદન કરવા પડે.

આ લેખમાં વ્યક્તિત્વનાં ઓવારણાં છે. તેમનો પ્રેમ અનહદ છે. સ્પર્શી જાય, અનુભવાય. એક પ્રસંગ સ્મરણ થાય છે. અમે તાલીમ દરમિયાન જમવાની લાઇનમાં થાળી લઈને ઊભા હતા. બાપુ બોલ્યા, 'શુક્લદાદા, અમે કાયમ તલ ગાજરડામાં જમાડીએ છીએ. અત્યંત સન્માન સાથે.' ત્યારે દરરોજ વિચાર આવતો, અમને એવો અવસર આપજે નાથ, હું લાઇનમાં ઊભો રહી જમતો હોઉં.

સાધુની સરળતા, એમના સ્વભાવમાં ઝળકતી નિરભિમાનતા જોઈને મનથી વંદના કરવી પડે કારણ કે પૂજ્ય ચેતનબાપુ શિક્ષક છે, ઉચ્ચ મૂલ્યવાળા આવા સંનિષ્ઠ શિક્ષકથી પ્રભાવિત થઈ જવાય. સાધુ, બ્રાહ્મણ અને ચારણ વંદનાને લાયક છે. તેમણે સમાજને અવૈધિક શિક્ષણ આપ્યું છે, જે આજે પણ સંસ્કારના રૂપમાં પ્રેરક રહ્યું છે.

કચ્છમાં મારી તાલીમ માટે ભૂજમાં રહેવાની વ્યવસ્થા માટે સાધુ ચિંતા કરે. કચ્છના નામાંકિત ડૉક્ટરને મોકલે. એમને કહે, તું શુક્લદાદા માટે પૂરતી વ્યવસ્થા કર. સગા ચિંતા નથી કરતા. મારી વ્યવસ્થા માટે આવેલ ડૉક્ટરને સજળ નેત્રોથી જોઈ રહ્યો. વાહ, સાધુને મારા પ્રત્યે ગજબની ચિંતા છે, દેવાયત પંડિત – મારા સાધુડાનો બેવડો સવાયો. પૃથ્વીના માલિક, તમે તારો ને અમે ભરીએ.

નિખારો

એટલી બધી ઊંચાઈએ ન જતા રહેવું, જ્યાં પહોંચ્યા પછી પોતાના લોકો નાના લાગવા માંડે. એવી ઊંચાઈ પર પહોંચવાનો શો અર્થ ?!

•

૧૦. ઊર્જા સ્થળ સમીપે...

'ટંકાર' સાપ્તાહિકમાં 'શિક્ષણ-આચમન' કટારલેખનમાં એક લેખમાળા આપી, જેમાં શિક્ષણના કેટલાંક મહત્ત્વનાં ઘટક અંગોનું દર્શન કરાવ્યું.

દર્શનનો અર્થ થાય ખૂબ જ શ્રદ્ધાપૂર્વક જોવું, આસ્થાપૂર્વક નિદર્શન કરવું. ભગવાન શંકરાચાર્ય મુંડકોપનિષદ ભાષ્યમાં લખે છે – 'આશ્રમો એ સર્વ-સત્તાધીશ શિક્ષણ પરંપરાનું પ્રથમ સોપાન છે.'

ઋષિની આશ્રમ પ્રણાલીમાં જુદા-જુદા ઋષિઓ વિભિન્ન શસ્ત્રો ચલાવવાની વિદ્યા શીખવતા. જે શિષ્યને જે વિદ્યામાં પારંગતતા મેળવવી હોય તે બાબતે જ્ઞાન ઉપાર્જન કરતા. ત્યાં સર્વ પ્રકારનું જ્ઞાન અપાતું. જ્ઞાન મેળવેલ વિદ્યાર્થી સ્વાશ્રયની બાબતમાં ક્યારેય પાંગળો ન રહે. જરૂર પડ્યે લાકડાં કાપી શકે, ગાયો ચરાવી શકે, કૃષિ-ખેતી કરીને પોતાની જરૂરત પૂરતું અનાજ ઉગાડી શકતા. પોતાના શારીરિક વિકાસમાં આશ્રમોનું યોગદાન મહત્ત્વપૂર્ણ હતું. શિષ્ય પોતાના આશ્રમને ગૌરવ અપાવતા. આશ્રમના ઋષિ કઠિન તપવાળા હતા. આજના સંદર્ભમાં એનો અર્થ તારવવો હોય તો એમ કહી શકાય કે પોતે પ્રાપ્ત કરેલ વિદ્યાનું તેઓ અનેકવાર પુનરાવર્તન દઢતાપૂર્વક કરતા, એમાં નિપુણ બની જતા.

કોઈ પણ વિષયમાં નિપુણતા મેળવવી એ એમની આગવી ઓળખ હતી. ઋષિના નામથી આશ્રમ ઓળખાતા, જેમ કે ભૃગુનો આશ્રમ, ચ્યવનનો આશ્રમ, વશિષ્ઠ યાજ્ઞવલ્ક્ય, જામદગ્નિ આશ્રમ.

આશ્રમ એટલે એવું સ્થાન કે જ્યાં રાજાની સત્તા સીમિત બની જતી.

પછીના યુગમાં વિશ્વવિદ્યાલયો, ગુરુકુળો અસ્તિત્વમાં આવ્યા. નાલંદા, તક્ષશિલા, શાંતિનિકેતન જેવી સંસ્થાઓએ સમગ્ર વિશ્વમાં જ્ઞાનના ક્ષેત્રમાં ક્રાંતિ સર્જી દીધી. વિદેશી પ્રજા અહીં જ્ઞાન પ્રાપ્ત કરવા આવતી.

ચીની પર્યટક હ્યુ-યાન-સંગે પોતાની નોંધમાં લખ્યું છે – ભારત વિશ્વની જ્ઞાનશાળા હતી. ભારતીય વિશ્વવિદ્યાલયો જ્ઞાન માટે ઓળખતી.

સમયનું ચક્ર ફરતું રહ્યું. યુનિવર્સિટીઓ સ્થપાઈ. ગૂજરાત વિદ્યાપીઠ ઉપરાંત વિભિન્ન શહેરોમાં અનેક યુનિવર્સિટીઓની રચના થઈ.

અનેક યુનિવર્સિટીઓમાં જ્ઞાનની પ્રક્રિયા શરૂ થઈ. ગુજરાતમાં સૌરાષ્ટ્ર, ગુજરાત, કચ્છ, પાટણ, એમ. એસ. અનેક યુનિવર્સિટીઓ અસ્તિત્વમાં આવી.

જ્ઞાનની દિશાઓ દૂર-દૂર સુધી પ્રસરી. યુનિવર્સિટી એ મહાશાળાઓની જન્મદાત્રી છે. ઘણી મહાશાળા (કૉલેજો) અસ્તિત્વમાં આવી.

ભારતભરમાં ઘણી બધી કૉલેજો હતી, તેથી ગુજરાત-સૌરાષ્ટ્ર-સુરેન્દ્રનગરની કૉલેજ ઉપર ફોકસ કરવું છે.

જૂનાગઢમાં બહાઉદ્દીન, રાજકોટમાં RKC, ધર્મેન્દ્ર કૉલેજ, ભાવનગરમાં બોટાદકર કૉલેજ, અમદાવાદમાં ગુજરાત કૉલેજ ગણનાપાત્ર છે.

સેંટ ઝેવિયર્સ, સીઃ એન. વિદ્યાલય, સુરેન્દ્રનગર એમ. સી. શાહ કૉલેજ આ બધી ગુજરાતી મહાશાળાઓ ગણાય.

આ પૈકીની ઘણી મહાશાળાઓ દેશની આઝાદી પહેલાંની છે. પોતાના વિદ્યાર્થીઓની ઉજજવળ કારકિર્દીમાં તેમનો મહામૂલો ફાળો છે. જે તે મહાશાળાના વિદ્યાર્થીઓ પોતાની મહાશાળાના નામથી ઓળખાતા વિદ્યાર્થીઓ ગૌરવ અનુભવતા. સુરેન્દ્રનગરની NTM ૭૫ વર્ષ જૂની છે. એનો ઇતિહાસ ભવ્ય છે. JNY અજિતસિંહ ચોટીલા જે. એસ. ૫૬ વર્ષ જૂની છે.

એની ગૌરવગાથા સંભારવા લાયક છે. શાળાઓ વિદ્યાર્થીઓના વિકાસમાં ઊંડો રસ લેતી.

અતિ નબળો ગણાતો વિદ્યાર્થી પણ જ્ઞાન પ્રાપ્ત કરીને સ્વનો વિકાસ કરી શકે, સમાજમાં પોતાનું વિશિષ્ટ સ્થાન બનાવી શકતો. શાળાઓ વિવિધ પ્રકારની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરતી, ઉત્સવો ઉજવાતા, રમત-ગમત ઉત્સવો થતા.

એન. સી. સી. દ્વારા રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ થતો. લીંબડીની ગિજુભાઈ શુક્લ કુમારશાળાનો અભ્યાસ વખણાતો. રમત-ગમતમાં રાજ્ય, રાષ્ટ્રીય કક્ષાએ કામગીરી કરનાર શિક્ષકો હતા.

દરેક વિષયની સજ્જતા ધરાવનાર શિક્ષકોની ઊજળી પરંપરા હતી. નામ લઈને ગણાવું તો પાર ન આવે. શ્રેષ્ઠ આચાર્યો, કાર્યદક્ષ શિક્ષકો હતા, જેમની શ્રેષ્ઠતામાં મૂલ્યો, વલણો, કૌશલ્યો હતાં. પ્રત્યેક તાલુકામાં એક આદર્શ શાળા હતી, જ્યાં અનેક પ્રવૃત્તિઓનો મેળો થતો. શાળા સમાજનું અંગ હતી. શાળા દ્વારા આયોજિત વિવિધ કાર્યક્રમોને શોભાવવા સમાજના શ્રેષ્ઠી આવતા. વ્યાખ્યાનો-સેમિનારો થતાં.

કેટલી બધી પ્રવૃત્તિઓ થતી – ગણવા બેસો તો યાદી ઘણી લાંબી થઈ જાય.

હું આવી શાળામાં ભણ્યો છું. મૂલ્યનિષ્ઠ શાળાઓ જોઈ છે.

મૂલ્યો નહીં વેચાય તો શાળા ચાલશે, પણ સિદ્ધાંત વિહોણો વિદ્યાર્થી સમાજમાં નહિ ચાલે.

નિખારો

ધોરણ ૯માં આવેલ SEBનું શિક્ષણ વિશેષ પ્રકારનું છે. શાળા-શિક્ષક આચાર્યે સતત કાર્યશીલ રહેવું પડશે. સેમેસ્ટર પદ્ધતિ એવી છે, જેમાં ઠોઠમાં ઠોઠ વિદ્યાર્થીને વિકાસની તક છે.

શાળામાં અફસોસ નહીં, હોંશ હોય. ભૃગુપુરમાં ગજુભા મકવાણા હસતાં રહેતા શિક્ષક છે. થાનમાં ડી. કે. રાણાનો ચહેરો પ્રસન્નચિત્ત દેખાય.

શિક્ષણસંસ્થાઓ, આચાર્યો, શિક્ષકો ઊર્જા સ્થળ હતાં, છે. જેમની સમીપતાથી સર્વનો વિકાસ થતો.

•

૧૧. સમસ્યા દર્શન

સમસ્યા વગરનું જીવન કેવું હોય ? જરા વિચારી જુઓ – આપણે જેવું ઇચ્છીએ છીએ એવું બધું મળતું રહે. ધારો કે સવારમાં ઊઠ્યા ત્યારે નોકર હાથમાં પાણી-રૂમાલ લઈને ઊભો હોય.

ચા તૈયાર હોય. નાસ્તો ટેબલ પર ગોઠવાયેલો હોય.

સ્નાન કરવા માટે પાણી તૈયાર. ગોઠવી રાખેલાં કપડાં પહેરી બહાર નીકળી જવાનું. બાઇક તૈયાર. સીધા નોકરી પર.

ઑફિસમાં તમામ સ્ટાફ એક સાથે બોલી ઊઠે – ‘સાહેબ આવી ગયા. સાહેબ ! તમને કોઈ મુશ્કેલી તો નથી પડી ને ?’

સાંજ પડે. ઘેર જઈ હાથપગ ધોઈ જમી-પરવારી સૂઈ જવું. આ બધું બેશક અનુકૂળતા મુજબના જીવનનો ઘટનાક્રમ છે. આમાં ક્યાંય મજા છે ?

ચા ન મળે, પાણી ન હોય, રૂમાલ મેલો હોય, નાસ્તો લાવ્યા ન હોય, કપડાં ઈસ્ત્રીમાંથી આવ્યાં ન હોય, બાઇકમાં પંચર હોય... મન તરત જ ઑપ્શન શોધવા માંડે, હવે શું કરીશું ? વિચારવાની પ્રક્રિયા શરૂ થાય. બસ, ત્યાંથી શિક્ષણનો આરંભ થાય.

શિક્ષણમાં જ્યારે સમસ્યા માટે વિચારવાનું શરૂ કરીએ તો સમસ્યા ઓછી થાય.

એચ. કે. દવે સાહેબ, જે. એન. વી. મહેડુ સાહેબ કહે – ‘આપણે કાયમ સમસ્યાને સૂક્ષ્મદર્શકથી જોવા ટેવાયેલા છીએ અથવા જ્યારે કોઈ સમસ્યા ઉદ્ભવ ન પામતી હોય છતાં એના વિશે વિચારતા હોઈએ છીએ.

શિક્ષણની સમસ્યા વાસ્તવમાં નાની હોય છે, પરંતુ આપણે એને મોટું સ્વરૂપ આપીને જોવા ટેવાઈ ગયા છીએ. સવારે સ્કૂલે જઈએ ત્યારે પટાવાળો કોઈ કામમાં પરોવાયેલો હોય તો આપણે બૅલ વગાડીને પ્રાર્થનાનો પ્રારંભ કરી શકીએ. ક્યારેક પટાવાળાની રાહ જોયા વિના સ્વયં કોઈ નાનકડા કામને કરી લેવા જોઈએ. આપણું ટેબલ સાફ કરી શકીએ, ગરમીમાં પંખો ચાલુ કરી લઈએ.

કોઈ શિક્ષક ગેરહાજર હોય તો તેના વર્ગનું શું થશે ? બબડાટ કરીએ – 'જાણ કરતા નથી. બેરદરકાર છે.' આમ આપણા મગજની કમાન છટકી જાય. એના બદલે જો આપણે એમનો એકાદ પિરિયડ લઈ લઈએ તો એમના વર્ગમાં જવાથી વિદ્યાર્થીઓનો પરિચય વધે. આનંદ અનુભવાય.

છેલ્લા કેટલાય સમયથી વહીવટમાં રોકાયેલા આપણે શિક્ષણ સાથે ફરી નાતો બાંધીએ. બી.એડ.ની ડિગ્રી ભણાવવા માટે મેળવીએ છીએ, એના બદલે બીજા જ કાર્ય-વહીવટમાં રચ્યાપચ્યા રહીએ છીએ.

તમે ગમે ત્યાં જાવ, સ્થળ બદલાય છે, સમસ્યા હોય છે, સ્વરૂપ બદલાય છે. નોકરી મેળવવા માટે આકાશ-પાતાળ એક કરીએ, સમસ્યાઓ પર વિજય મેળવીએ. સિકંદરની જેમ શાળાના પ્રદેશ જીતી લઈએ. એ જ ગામડાની શાળા માટે નોકરીની સમસ્યા દૂર કરીએ. નોકરી મળે એટલે એ શાળા સમસ્યા બની જાય.

ઘરથી દૂર નોકરીના સ્થળે જવું-આવવું, નોકરીનો સમય સાચવવો, ટિફિન લઈ જવું, વિદ્યાર્થીઓને ભણાવવા... પ્રત્યેક ઘટના જાણે એક સમસ્યા છે... પરંતુ એ ગામડાની શાળા જો બંધ થાય તો કેવી સમસ્યા સર્જાય. આપણું અસ્તિત્વ બદલાઈ જાય, આપણું જીવન સમસ્યારૂપ થઈ જાય. શાળા/હાઈસ્કૂલ, કૉલેજ... નોકરીનું સ્થળ... મારી, તમારી, આપણા સહુની કેટલી બધી સમસ્યાઓ દૂર કરે છે એ નરી આંખે દેખાતું નથી. આપણે જોવાની ટેવ પાડી નથી.

એકાદ દિવસ પ્રાર્થનાના સમયે વહેલા પહોંચ્યા હોઈએ ત્યારે કદાચ આપણે એક જ હોઈએ – બીજા શિક્ષકો ક્યાંક રોકાયા હોય, સાચા-ખોટા કામમાં હોય, શાળાના સમયે ન આવે તો સમસ્યા સર્જાય ! તે વખતે જોવા જેવી થાય.

આવડી મોટી શાળા મારે એકલાએ ચલાવવાની ? પ્રાર્થનાની તૈયારી મારે કરવાની ? બાળકોને શિસ્તમાં મારે રાખવાના ? બીજાની કોઈ જવાબદારી જ નહીં ?

કેટલી બધી સમસ્યા દેખાય, પરંતુ મારી દૃષ્ટિએ વાત સાવ નાની છે. પ્રાર્થનાખંડમાં જતા પહેલાં મોટા અવાજે બોલવાનું – ચાલો વિદ્યાર્થીઓ, પ્રાર્થનામાં... વર્ગમાં બેસી ન રહો.

જોતજોતામાં શાળાના તમામ વિદ્યાર્થીઓ પ્રાર્થનાખંડમાં આવી પહોંચશે. વ્યવસ્થિત ગોઠવાઈ જશે. પૂર્વવત્ વિદ્યાર્થી હેડ તમામને સૂચના આપશે – 'પ્રાર્થના શરૂ કરો.' બસ, પછી બધું રાબેતા મુજબ ચાલ્યા કરશે.

આપણે મૂંગા મોઢે ઊભા રહેવાનું છે. પ્રાર્થના સંપન્ન થઈ જશે, બધાં વિદ્યાર્થીઓ પોતપોતાના વર્ગમાં જતાં રહેશે.

કોઈ વિદ્યાર્થી કદાચ થોડોક અશિસ્ત થાય તો આ એની ઉંમર છે. મસ્તી કરે, તોફાન કરે. એની ઉંમરનો તકાદો છે.

'આપણી ઉંમર નથી તોય ઝઘડો નથી કરતાં, શું કાયમ શિસ્તમાં રહીએ છીએ ? બધાં જ કામ હોંશથી કરીએ છીએ ?

આ પ્રશ્નો આત્માને પૂછવા ? જવાબ તમને, મને આપણને મળી જશે.

બધા જ જવાબો આપણી અંદર છે. સમસ્યા આપણી છે, આપણે જ ઊભી કરીએ છીએ, જન્મ આપીએ છીએ. પોષીએ પછી એ જ સમસ્યાની નિંદા કરીએ છીએ. સમસ્યાને પ્રેમ કરવાનું શરૂ કરો પૉઝિટિવ થિંકિંગ શરૂ કરો. સમસ્યા નહિ જ રહે. ચાલ, આજે વિદ્યાર્થીઓની વચ્ચે બેસી એની સમસ્યા પૂછું. ગામડેથી કેટલા વાગે આવો છો ? બસ સમયસર મળે છે ? બસમાં બેસવાની જગ્યા મળે ખરી ? કેટલાં પાસે નોટ નથી ? ગાઇડો નથી ?

કોઈ પણ વિદ્યાર્થીને કોઈ પણ સમસ્યા-મુશ્કેલી હોય તો મને મળજો. મેં તમને કરેલી મદદની કોઈને વાત નહિ કરવાની. તમારી જેમ નાનપણમાં મને પણ મુશ્કેલીઓ પડતી હતી. મુશ્કેલી-સમસ્યા આવે ત્યારે ડરી નહિ જવાનું. એના ઉકેલ શોધવાના. વિદ્યાર્થીને પહેલીવાર શિક્ષકમાં માર્ગદર્શક, મિત્રના દર્શન થશે. તમારામાં ઈશ્વરનાં દર્શન કરશે, કારણકે દરેક વિદ્યાર્થી માટે પોતાનો શિક્ષક આદર્શ છે. રોલ-મૉડલ છે.

શિક્ષકોએ અભિનેતા-અભિનેત્રી બની વર્ગમાં નથી જવાનું, વિદ્યાર્થીઓના સાચા રાહબર બનીને જવાનું છે.

જે શાળાના શિક્ષકો રાહબર હશે ત્યાં કદી વિદ્યાર્થીઓમાં આક્રોશ નહિ થાય.

ત્યાં સમાધાનકારી વલણ હશે. મને આજે મારી કૉલેજના પ્રિન્સિપાલ રામદાન ગઢવી સાહેબ યાદ આવે છે.

પૂ. મોરારિબાપુ સાથે એમના અંતેવાસી જેવા હરિશચન્દ્ર જોશી સાહેબ. હું બોટાદકર કૉલેજમાં હતો. કૉલેજનો ટૅલેન્ટ મોર્નિંગ કાર્યક્રમ હતો. મેં મિમિક્રી સ્પર્ધામાં ભાગ લીધેલ. મારો પ્રથમ નંબર ન આવ્યો. વિદ્યાર્થીને મજા ખૂબ જ આવી. ત્યારે જોશી સાહેબે કહેલું નંબરની સમસ્યામાં તું ન પડતો. પ્રથમ નંબરે તું જ છે. નિર્ણાયકની ભૂલ હોઈ શકે.'

બોટાદકર કૉલેજમાં મારો અભ્યાસ પૂરો કરી હું જતો રહ્યો. જીવનમાં ગોઠવાઈ ગયો. સમય પસાર થઈ ગયો. ઋતુઓ ગઈ. ૨૦ વર્ષ પછી મને ગુજરાત સરકાર તરફથી શ્રેષ્ઠ શિક્ષકનો ઍવૉર્ડ મળ્યો. હું ખૂબ ખુશ હતો.

મારાં ગમતાં પ્રાધ્યાપકોમાં દવે સાહેબ, ચંદ્રિકાબહેન, હરિશચન્દ્ર જોશી સાહેબ હતાં. ઉમાશંકર જોશીના શબ્દોમાં તેમના વર્ગ સ્વર્ગ જેવા હતા. મજા આવતી. મજા આવવી એ જ શિક્ષણ છે. મને ઍવૉર્ડ મળ્યાનો ફોન કર્યો ત્યારે હરિશચન્દ્રભાઈ જોશી સાહેબ એવું બોલેલા, 'તારા જેવા ચિરસ્થાયી છાપ ઉપસાવનાર વિદ્યાર્થી શિક્ષક બને તો તેને જ ઍવૉર્ડ મળે. એ ઍવૉર્ડની ગરિમા છે.' શિક્ષકો વર્ગખંડમાં વિદ્યાર્થીને સમાધાનકારી વલણ સમજાવશે તે દિ' સમસ્યા નહિ રહે. રાજેન્દ્ર શાહની કવિતા.

'આપણા તે દુ:ખનું કેટલું જોર નાની વાતમાં મચાવીએ નહિ. શોર સમસ્યા છે, રહેશે જ. તેનાં ઉકેલ માટે આપણે પ્રયત્ન કરીએ એ જ જીવનની ધન્ય પળ છે અને શિક્ષણના પણ.

•

૧૨. ભીતર ભાવવિશ્વ

આ વિશ્વના ભાગ કરવામાં આવે તો આખું વિશ્વ જુદા-જુદા ભાગો અને જુદા-જુદા ભાવોમાં વહેંચાયેલું જોવા મળશે.

ભાવ જરૂર રહેલો છે. ભાવ-મનોભાવનો અર્થ કિંમતમાં આંકવાની વાત નથી. ભાવ એટલે શું ? ખરીદકિંમત નથી. ખરેખર વ્યક્તિના મનપ્રદેશમાં ઉત્પન્ન થતા ભાવો અને પ્રતિબિંબ આંખમાં જોવા મળે છે.

પૂજ્ય દયાળુ જણાવે છે – 'આખું જગત રાગ અને ભાવની સંમિશ્રિત લાગણીથી ચાલે છે. આ ભાવોમાં એક ભાવ પ્રબળ બની ઊપસી આવે છે અને તે ભાવ તે ઘટના માટે તે સમયે સ્થાયીભાવ ગણાય છે.'

ઉપરોક્ત વાત સૂફીસંત બાબુભાઈ રાણપુરાના સત્સંગની છે, જેમને લોકો 'દયાળુ' નામે સંબોધે છે. ત્યાં સાંસારિકભાવ ન હોય.

દરેક સૂફીસંત, ઓલિયા, સાધુસંત, ફાધર માટે અહોભાવ રાખવાનો હોય. આવો જ ભાવ વિદ્યાર્થી પોતાના શિક્ષક પ્રત્યે ધરાવે છે. પોતાના શિક્ષક જે કહે તે જ સત્ય. શિક્ષકની વાણી, તેમના શબ્દ-અર્થ સાચા, બાકી બધું અસત્ય. કોઈની તાકાત નથી, કોઈની વિસાત નથી કે બાળકના સ્થાયીભાવમાં ફેરફાર કરી શકે અથવા કરાવી શકે.

અંતરના ઊંડાણમાંથી ભ્રમણા ભાંગે ત્યારે 'અહોભાવ' ઉત્પન્ન થાય, જેમ કે સાચી પ્રાર્થના અંતરના ઊંડાણમાંથી જન્મે છે.

પોતાના શિક્ષક માટે વિદ્યાર્થીએ નક્કી કરેલો નિર્ણય એને જ અહોભાવ કહેવાય.

ભગવાન શંકરાચાર્યનું કથન છે – 'બ્રહ્મ સત્ય, જગત મિથ્યા.'

શિક્ષણ બાબતે શિક્ષક માટે વિદ્યાર્થીએ નક્કી કરેલો ભાવ દુનિયાના કોઈ વાલી-પિતા-સ્નેહી સ્વજન પણ બદલી શકતા નથી.

ત્યાં વિદ્યાર્થીના સાહેબ, બેન, મૅડમે કહેલી વાત જ સાચી ઠરે.

'અહીંયા વિશ્વાસ સાથે દઢતાનો ભાવ વ્યક્ત થાય છે.' – શ્રી અરવિંદ.

વર્ગખંડમાં વ્યક્ત કરવામાં આવતા શિક્ષકના અનુભવો, રસ-રુચિ વિદ્યાર્થીના ભાવવિશ્વને સુદઢ કરે છે.

વિદ્યાર્થીમાં સમર્પિત ભાવ વ્યક્ત થાય છે, જેને અધીનતાની ધન્ય પળ કહે છે. 'સાધનામાં ગુરુને અધીન શિષ્ય સિદ્ધિઓને પામે છે.' – ગોરખનાથ.

શ્રીકૃષ્ણ ગીતામાં અર્જુનને કહે છે કે ભાવવિશ્વમાં વિહરવાનો એક આનંદ છે, ધન્ય પળ છે. આ પળ પ્રત્યેક વિદ્યાર્થી અનુભવે છે – શિક્ષક અનુભવી ના શકે. આ ભાવજગતમાં જવા માટે પોતાના ઊંડા અંતરની લાગણીથી પ્રવેશ કરે તો જ અને ત્યાં જ આ આત્મ-સાક્ષાત્કારની ઘટના પામી શકે છે.

એક છેડે વિદ્યાર્થી છે, બીજા છેડે શિક્ષક છે અને વચ્ચે ભાવજગત છે.

ભાવજગતમાં પ્રવેશવા માટે આપણા ખોટા-નિરર્થક માની લીધેલા ભાવોને છોડી દેવા પડે, એમાં દંભને સ્થાન નથી.

કેટલાક કહેવાતા શિક્ષકો અને પ્રિન્સિપાલો કાચિંડીની જેમ રંગ બદલી ભાવો બદલતા રહે છે. ક્ષણિક બદલાયેલો ભાવ બાળક પારખી જાય છે. જ્યાં કરુણા ત્યાં આત્મીયતા.

જ્યારે શિક્ષકનો વિદ્યાર્થી માટે એક જ આત્મીય ભાવ હોય ત્યારે કડક લાગતા શિક્ષકો પણ વધુ લાગણીસભર હોય છે, જેમ કે ડૉ. મોતીભાઈ પટેલ.

મેં મારા જીવનમાં આવા કેટલાય શિક્ષકો જોયા છે. કદાચ તમે વાચકોએ તમારા વિદ્યાર્થીકાળમાં જરૂર જોયા હશે.

જોરાવનગરના શ્રેષ્ઠ વાચકમિત્ર સતીશ ચાવડા ચૂડા ગામને સંભારીને કહે છે – 'યાદ કરો તમારો અભ્યાસકાળ, જેમાં એક-બે-ત્રણ શિક્ષકો એવા અવશ્ય હશે, જેમના માટે તમે આદર ધરાવતા હશો. આજે ઘણાં વર્ષો પછી પણ આવો

સ્થાયીભાવ ધરાવનાર શિક્ષકો છે. સમયના વહેણ સાથે એ બદલાતા નથી. એમનો ભાવ-પ્રેમ એકસરખો જ હોય છે.

ચિ. હેતલ તેમ જ અન્ય બાળકો ઇંગ્લિશ મીડિયમમાં ભણતાં હતાં ત્યારે નર્સરીમાં એમિલી સિસ્ટર ભણાવતાં હતાં. છોકરાઓ તેમને જોતાં જ દોડીને એમને ભેટી પડતા – એમના 'નન' પોશાકને વીંટળાઈને ચાલતા.

બધાં બાળકોને અનહદ પ્રેમ કરતા એ સિસ્ટર ઑસ્ટ્રેલિયા જતાં રહ્યાં. મને થતું, કદાચ મધર ટેરેસા એમનાં જેવાં જ હશે.

મધર ટેરેસાને મેં સદેહે જોયા નથી, પણ તેમનો સ્થાયીભાવ બાળકો પ્રત્યે આવો જ હોઈ શકે.

યાદ રાખો, વિદ્યાર્થીને તમારા વિશેષ જ્ઞાન-વહીવટી આવડતની જરૂર નથી. એને તમારા ભાવવિશ્વની જરૂર છે – તમારી પાસે ન હોય તો ઉછીનું લઈ લો.

આ ભાવનું પુનરાવર્તન કરો – સતત કરતા જ રહો. એવી એક દિવ્યપળ આવશે, જે દિવસે તમે ફરી શિક્ષક તરીકે જન્મ પામશો, જેની જગતને તેમજ વર્ગખંડના વિદ્યાર્થીઓને જરૂરત છે. તમારી પાસે કેટલી સંપત્તિ છે તેની સાથે વિદ્યાર્થીઓને નિસ્બત નથી.

ભાવની મૂડી કેટલી વહેંચી શક્યા છો તે જરૂરી છે, બાકી બધું તો સમયના વહેણ સાથે નાશવંત છે. શરીર, સમય, સંપત્તિ, જ્ઞાન પણ સમયે-સમયે બદલાય છે.

ગઈ કાલના શાળાંત થયેલા શિક્ષકો આજના વર્ગખંડમાં જ્ઞાનની ભૂમિકાએ ન ચાલે. અલબત્ત, જો ભાવનાથી ઘડાયેલા હશો તો ઓછું જ્ઞાન પણ વિદ્યાર્થીકાળને સાર્થક નીવડશે. તમે પથદર્શક બનો, જેમાં તમારો ભાવ અજવાળાનું કામ કરશે, કરશે જ. તમે જ જ્ઞાનદીપ છો – કદી ન ખૂટે તેવા ભાવપૂર્ણ શિક્ષક.

એ ભાવ 'શિક્ષક' વીસરી જ ગયો છે સંસારની ભાગદોડમાં. સંસારમાં ઝડપથી પસાર થતી ઘટનાઓમાં જરૂર દોડો.

અલબત્ત, ભાગજગત લઈને દોડો. તમે ક્યાંક વિસામો ખાવા ઊભા રહો અને તમારો ભાવ છલકાય. એ છલકાયેલો ભાવ કોઈને ઉજાગર કરે.

બરકત વિરાણીનો એક શેર છે – 'ખોટા ખોટા પણ દિલાસા ગમે છે, જળ ભલે ન હોય મૃગજળ ગમે છે.'

વિદ્યાર્થીને છલકાવાની પળ આપો, અવસર આપો. અનુભવો પૂરા પાડો. આ બધાની સાથે તમારા ઉત્સાહનો ભાવ રાખો. સ્વામી હાઈસ્કૂલના આચાર્ય દેવૈયા આ વાત કહે છે. પછી શાળાઓ માટે મોટી ઈમારતો, બેંચો, પંખાઓ, કૉમ્પ્યૂટર્સ, ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ શિક્ષકોની વિદ્યાર્થીઓને એટલી બધી જરૂરત નથી. આજે અછત છે, ખોટ છે – એવા શિક્ષકોની. છાપામાં દરરોજ જાહેરાતો વાંચીએ છીએ – 'શિક્ષકો જોઈએ છે.' ખરેખર, સાચા અર્થમાં વિદ્યાર્થીઓના રાહબર શિક્ષકની જરૂરત છે.

ભાવસભર શિક્ષકોની શિક્ષણસંસ્થાને આવશ્યકતા છે, જે પૂર્વગ્રહરહિત હોય. પોતાના પૂર્વગ્રહો બાંધી વર્ગખંડમાં ભણાવતા શિક્ષક ભૂલથી ખોટું શિક્ષણ કરાવે, કોઈ વિદ્યાર્થી ભૂલથી એમ કહે, સાહેબ, મેડમ ! એમ નથી, આમ છે... ત્યારે સાહેબ, મેડમની કમાન છટકે. બધા જ ગ્રહો વિદ્યાર્થીને ડંસી લે. તે જ જગ્યાએ વિદ્યાર્થીની સત્યતાને સ્વીકારવા અને પોતાની ભૂલને સુધારવાનો આપણામાં ક્ષમાપનાનો ભાવ પેદા થાય એ જરૂરી છે.

આપણે જે શિખવાડી રહ્યા છીએ એ તદ્દન સત્ય છે એવું માનવું ભૂલ ભરેલું છે. સાહિત્યકાર પંકજ ત્રિવેદીમાં આ ગુણ જોયેલા હશે, જવા દો કહી 'ક્ષમા વિરસ્ય ભૂષણ' એ સૂત્ર હજારો વાર બોલી ચૂકેલા આપણે શાળાની દીવાલો પર લખેલા સૂત્રને ભાવથી જો એકાદ વાર માટે સાર્થક કરીએ, તો શિક્ષક તરીકે સ્વીકારેલો વ્યવસાય એ ધર્મ બની જશે. ધર્મ હંમેશાં વ્યક્તિને ઉજાગર કરે છે. તમારાથી કોઈ ઉજાગર બને અને કોઈ ગાંધી, સરદાર, ઇન્દિરાજી, દીનબંધુ, નરેન્દ્ર મોદી, ઉમાશંકર જોશી, સી. યુ. શાહ તેમજ દીપચંદ ગાર્ડી બને. રામદાન ગઢવી, હરિશચંદ્ર જોશી, ઈશ્વરદાસજી સમષ્ટિનો ભાવ લઈ જગતને ઉગારે. સમાજ તેની પ્રતીક્ષામાં રહ્યો છે. ભાવ ઈશ્વર છે, ભાવમાં શિક્ષણ છે.

•

૧૩. વર્ગખંડ વિશાળ

શિક્ષણજગતની અતિ મહત્ત્વની કોઈ કડી હોય તો તે છે વર્ગખંડ. વર્ગ ઉપર શાળાનું ભવિષ્ય અવલંબે છે. શિક્ષણની ધોરી નસ કહેવી હોય તો તેને વર્ગખંડ કહી શકાય.

વર્ગખંડમાં વધારો થાય તો શાળાનો વિકાસ અને પ્રગતિ થઈ કહેવાય.

વર્ગખંડમાં ક્રમિક ઘટાડો નોંધાય તો શાળાની પ્રગતિમાં ક્યાંક ખામી કહી શકાય.

સંચાલક અથવા સરકારે પોતાની શાળાનો વિકાસ કરવા માટે શું કરવું પડે તેની સમજણ તેમને અવશ્ય હોવી જોઈએ. 'જ્યાં સમજણનો અભાવ છે. ત્યાં જ પ્રશ્નો ઉત્પન્ન થાય છે.' એવું ઉપનિષદમાં લખ્યું છે.

'અજ્ઞાને પ્રશ્નઃ ઉત્પત્સ્યે' આ કથન ઉપનિષદના ઋષિનું છે.

શાળાના વર્ગખંડો સુખ-સગવડથી સંપન્ન હોવા જોઈએ એવું હું માનતો નથી, કારણ કે સુખ-સગવડ એ પ્રસાધન છે, લક્ષ્ય નહિ. વર્ગખંડમાં વિશાળતા અને ઊંડાઈ કેવી રીતે લાવવી એ મુખ્યરૂપ જરૂરી છે.

એની સાચી દિશાની ખબર સંચાલકને પડતી નથી, જેના કારણે ચાર-પાંચ વર્ષે વર્ગખંડની અવદશાને કારણે શાળા બંધ કરવાનો પ્રશ્ન ઊભો થાય છે. મોટું નુકસાન વેઠવાની સ્થિતિ વર્ગખંડની પ્રગતિ ન થવાથી આવે છે.

'મને ભલે સામાન્ય પ્રકારનો વર્ગખંડ આપો, મારામાં રહેલી હાસ્યવૃત્તિ અને વિષયવસ્તુ રસ-રુચિથી વર્ગને સ્વર્ગ બનાવી આપું.' – કવિવર ટાગોર

ઉમાશંકર જોશી 'સંસ્કૃતિ' માસિકમાં 'સમયના રંગ' કૉલમ અંતર્ગત લખે છે – 'જેનામાં વિષયની ભવ્યતા નહિ હોય તે વર્ગખંડમાં ઊભો નહિ રહી શકે.'

લોકસાહિત્યની ભાષા બાબતે મારા કવિમિત્ર જગદીશ ગઢવીએ એકવાર કહ્યું હતું – 'જેની પાસે શબ્દની ગૂંથણી અને વિષયની રજૂઆત ન હોય તેને ઑડિયન્સ ફેંકી દેશે. એ બધું સમય સ્ટેજ પર ટકી શકે નહિ.' આવું જ વર્ગખંડનું છે. જે શિક્ષક વર્ગને મોજ બક્ષે તે ટકી શકે. જે શિક્ષક શિક્ષણની જિજ્ઞાસા સંતોષી શકે તે વિદ્યાર્થીઓના મન જીતે અને ખ્યાતિ મેળવે.

ખ્યાતિ અને નામના મેળવવાં માટે કામનો સમય જાળવવો જરૂરી છે – મારો આશય વર્ગમાં નિયમિત કાર્ય કરવાનો છે.

વર્ગમાં તમારી કાબેલિયત નિચોવી દેવાની આવશ્યકતા છે. દરેક વિદ્યાર્થીને એવી અનુભૂતિ થાય કે અમારા શિક્ષક વિષયમાં ઓતપ્રોત થઈ ગયા, ઠલવાઈ ગયા.

વર્ગમાં ઠલવાઈ જવા માટે ક્યાંકથી ભરવું પડે, ભરવા માટે મેળવવું પડે.

'જે ભરાય તે જ ઠલવાય.' આ વિશે અફસોસની વાત છે – શિક્ષકો વર્ગમાં તેથી પોતાનાપણું ગુમાવે. જ્યારથી શિક્ષક પોતાના ગુણધર્મો ગુમાવવા માંડ્યા ત્યારથી સંઘ-યુનિયનના પ્રશ્નો વધી ગયા. નેતાઓ જનમ્યાં. ન ભણાવે તે નેતા. આમાં કદાચ જ અપવાદ હશે. હવે એટલી બધી માગણીઓ થવા માંડી છે કે આવેદન વાંચનાર ધ્રૂજી ઊઠે.

વર્ગખંડે પોતાનાં ગુણધર્મો ગુમાવ્યા ત્યારથી ફાજલના પ્રશ્નો ઊભા થયા.

'ફાજલ' આ શબ્દ જ ન હોય. સરદાર પટેલ સ્કૂલમાં જ્યાં શિક્ષકો ભણાવે છે ત્યાં ઍડમિશન મેળવવા માટે લાઇન લાગે છે, ઍડમિશન મેળવવા માટે પડાપડી થાય છે, ભલામણો લાવવી પડે છે. મિત્ર વસંતભાઈ પટેલની મહેનતનું આ પરિણામ છે. ઘણી જગ્યાએ વર્ગખંડમાં વિદ્યાર્થી ભરવા માટે જાહેરાતો આપવી પડે છે છતાં પ્રવેશપૂર્ણ થતો નથી. આપણે ત્યાં સામાન્યપણે સરકારી શાળા અને પરિણામ વર્ગખંડની નિષ્ક્રિયતા માટે મુખ્યરૂપે જવાબદાર શિક્ષકગણ છે. જે શિક્ષક વર્ગમાં ભણાવતા નથી તેમના વર્ગખંડો ખાલી રહે છે.

અનેક પ્રકારની સુવિધાયુક્ત શાળા હોવા છતાં, જ્યાં શિક્ષક બેજવાબદાર

રહેતા હોય ત્યાં પ્રશ્નો ઊભા થાય છે. કેટલાક શિક્ષકો શાળાની સરભરા અધિકારી જેવા હોય.

શાળાની મુલાકાત આવતા વાલીઓની ખુશામત કરીને પોતાનું સ્થાન સ્થાપવામાં શિક્ષક વર્ગખંડનું અવમૂલ્યન કરે છે. સસ્તી લોકપ્રિયતા શોધતા રહે છે. આ ઉપરાંત કેટલાક એવા પણ શિક્ષક જોવા મળે છે જે ભૂલથી આ વ્યવસાયમાં જોડાયા છે. એ શિક્ષકની ગરિમા ભૂલી જાય છે. તોછડું વર્તન પણ કરે.

શિક્ષક બીજું કાંઈ પણ કરે, પરંતુ વર્ગખંડમાં ભણાવે નહિ તે શિક્ષક શાળામાં ચાલી શકે નહિ. સમાજમાં પણ ન ચાલે.

બાઈબલમાં લખ્યું છે – 'જેટલી ક્ષમતા હોય એટલું કરીએ તો જ આપણને આપણા ભાગનો રોટલો પચશે.'

પુરાણમાં કહ્યું છે – 'પુણ્યબળ ખર્ચાઈ જશે, પછી દેવ પણ સહાયતા નહીં કરે. પોતાની નજર સમક્ષ સઘળું નાશ પામશે.' નારદપુરાણ કેટલા બધા કૌશલ્યોસભર શિક્ષક પોતાના બધા કૌશલ્યનો ઉપયોગ વર્ગખંડની બહાર કરે છે. આવું શા માટે ?

શિક્ષકોના એ જ કૌશલ્યનો ઉપયોગ વર્ગખંડમાં થાય તો ? વર્ગખંડ ધન્ય બને. વિદ્યાર્થીઓ હોંશભેર વર્ગખંડમાં આવે.

ઘણા વિદ્યાર્થીઓ 'જીવનનું ભાથું ભેગું કરવા' દરરોજ પાંચ કલાક તપ કરે છે, સખત મહેનત કરે છે. કાગડોળે શિક્ષકની રાહ જોઈને બેસી રહેતા વિદ્યાર્થીઓ મેં જોયા છે.

કેટલાક નફ્ફટ શિક્ષક સ્ટાફરૂમ ન છોડે – આખા જગતની પંચાત કરે પણ ભણાવે નહિ. આવું ન કરવાની ઈચ્છા થાય... કરીએ તો શું સિદ્ધ થાય ? એ યક્ષ પ્રશ્ન છે.

વાલીઓએ પણ વિચારવાનું છે... વિદ્યાર્થીઓના ભાવીને ગૂંગળાવી ન દેવું. પોતાનાં સંતાનોને ભણાવવા માટે સંનિષ્ઠ, ભણાવે એવો શિક્ષક શોધવાની જરૂરત છે.

કેવી કરુણતા... લાચારી... પંગુતા... વર્ગમાં આવનાર વિદ્યાર્થીને જ્ઞાનથી વંચિત રાખવો. એકાદ વ્યક્તિમાં શિક્ષકનો આત્મા હોય તો જાગૃત થાય...

કંઈક કરી છૂટે, પોતે ભણાવતો થાય. પિરિયડ ઉપર તો પગાર મળે છે, પગારના પ્રતાપે તો ઘર... જીવનવ્યવહાર ચાલે છે.

વ્યવહારને ચલાવવા માટે વર્ગખંડ ધબકતો-પ્રવૃત્તિમય રહેશે તો શાળાનો શ્વાસોશ્વાસ ચાલતો રહેશે.

ઘણી વાર એવું લાગે જાણે પોતે જ આપણા શ્વાસને રૂંધી નાખીએ છીએ.

પૂજ્ય દયાળુના આ શબ્દો ધ્યાનમાં રાખીએ – 'મોજથી જીવવું. જે કાર્ય સોંપવામાં આવ્યું હોય એ શક્તિ મુજબ કરવું. હળવાશથી જીવવું એનું નામ જીવન. એ જ શિક્ષણ છે, એમાં જ સાર્થકતા છે.'

નિખારો

શિક્ષણજગતમાં, 'મારાથી થાય એટલું કરું' એમ નહિ પરંતુ થોડું ઊલટાવીને જુઓ – 'જેટલું કરીએ એટલું થાય.' આ વાતને સમર્થન આપીએ. જે દિવસ સારો લાગે તે દિવસથી શરૂ કરીએ. સારું કામ કરવા માટે બધા દિવસ સારા છે.

શિવ મંગલ કરે.

ચોટીલામાં બી. આર. સી. પ્રકાશભાઈ પરમાર સાહેબ શિક્ષક સેમિનારમાં મને ખાસ મહેમાન તરીકે બોલાવેલ. શિક્ષકોને મેં મારી હાસ્યશૈલીમાં ઉપરોક્ત વાત કરી. કાર્યક્રમ એવો સરસ ચાલ્યો કે શિક્ષકમિત્રો જમવાનું ભૂલી ગયા. 'જેટલું કરીએ એટલું થાય.' આ વાત મેં સાર્થક કરી બતાવેલ.

ચાલો, સારું કામ કરવા માટે પ્રથમ પગલું મૂકીએ... જય હો.

●

એસ.સી.ઈ. ?

એસ.સી.ઈ. ? વળી શું છે ? ઈ તો કહો.

આનંદો... આનંદો... આનંદો.

વાલીઓને ખુશખબર. ધોરણ ૯-૧૧માં કોઈ પણ છોકરો ફેલ નહિ થાય. જાવ આશીર્વાદ. ગેરન્ટી. ખાતરી.

માનનીય શ્રી રવીન્દ્રભાઈ દવે જેવા વિદ્વાનોએ શિક્ષણમાં આમૂલ ફેરફાર કર્યા. કેટલીક શાળાઓને છોકરાને ફેલ કરવામાં મજા આવતી. ફી બેવડાય.

કેટલાક શિક્ષકો ઇરાદાપૂર્વક વિદ્યાર્થીને નાપાસ કરતા... મોભો પાડવા.

અંગ્રેજી માધ્યમની શાળાઓમાં બીજા રાજ્યમાંથી આવેલા પોપટ જેવું જ્ઞાન ધરાવતા શિક્ષકો અંગ્રેજીમાં પટ... પટ... બોલી પોતે કેટલું બધું જાણે છે એવો દંભ કરતા મેં જોયા છે. હવે આવા દંભી માત્ર ગ્રેજ્યુએટ પણ માંડ માંડ થયા હોય એવા કહેવાતા શિક્ષકોને શિક્ષક ન કહેવાય. પેટિયું રળી ખાનાર, ટ્યૂશનની ધમકી આપીને વાલીના પૈસા ખંખેરનારને શિક્ષક નહિ, ઠગ કહેવા જોઈએ.

શિક્ષક તો આનંદદાતા છે, દયાળુ છે, વિદ્યાર્થીનું કલ્યાણ કરનાર છે. આવા ગુણો રળનારને શિક્ષક કહેવા જોઈએ... બાકી તમે સમજી શકો છો.

શું ? ધુ... તા... રા...! શાળાના સર્વગ્રાહી મૂલ્યાંકન... Sattornm Comprehansive Evaluation.

S.C.E.

આખા રાજ્યમાં SCE તાલીમ વિષયોમાં આપવામાં આવી. એમાં શિક્ષકની સજ્જતા વધારવાની વાત તો હતી, પરંતુ વિદ્યાર્થીના ભાવી સાથે ચેડાં કરનાર શિક્ષકો તેમજ સંચાલકો સામે લાલ આંખ કરવાનો ઉદ્દેશ્ય પણ છે SCE.

આ નવી પદ્ધતિ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ પર ભાર મૂકે છે. વિદ્યાર્થીને જો વિષય ન સમજાય તો ફરી ફરી સમજાવો. દઢીકરણ કરાવો. પરીક્ષા ફરી ફરી લેવી. મૂલ્યાંકન કરતા-કરતા દઢીકરણ કરાવવું, જે હાલમાં થતું નથી... થતું હોય તો ચેકિંગ થતું નથી.

વિદ્યાર્થીની પ્રતિભાનો વિકાસ કરવો. વિદ્યાર્થીનાં જીવન-કૌશલ્યો, મૂલ્યો, વલણો વિશે સમજાવવું... એ માટે પહેલાં શિક્ષકે સમજવું પડશે, આવું કર્યા વિના નહિ ચાલે.

વિદ્યાર્થીની રુચિને પોષક એવું વાતાવરણ પૂરું પાડવું. ગુજરાતી કવિતા શીખવતા પહેલાં ગાવી. ટેપમાં સંભળાવવી. વિદ્યાર્થીઓને સમૂહમાં ગવરાવવી. શિક્ષણમાં વિદ્યાર્થીઓને સમ્મિલિત કરવા. શિક્ષકની વિદ્વતાનું પ્રદર્શન કરવાને બદલે વિદ્યાર્થીનો વિકાસ જરૂરી છે. કવિતા સમૂહગાનથી કવિતા પ્રત્યે વિદ્યાર્થીઓની રુચિમાં વધારો થશે એટલે SCE ગુજરાતી ભાષા ગમશે.

વિદ્યાર્થીને પોતાના વિષયમાં રસ, રુચિ ઉત્પન્ન કરવાનું નામ છે SCE.

વિદ્યાર્થી સારી રીતે સમજી શકે તેમ શિક્ષણ આપવાનું છે. પોતાનું ડહાપણ ડોળી શિક્ષણરૂપી પાણીને ગંદું કરવાનું નથી.

'અમારા વખતમાં આવું ન હતું.' – આ દલીલ નહીં ચાલે, કારણ કે પગાર અત્યારના સમયનો લઈએ છીએ.

ગોખણપટ્ટી કરવાની જરૂરત નથી, સમજનો વિકાસ કરવાનો છે. જ્યારે સમજણનો સુયોગ્ય વિકાસ થશે તો વર્ગખંડમાં શીખવેલું બધું સહજપણે યાદ કરી જશે એમાં શંકા નથી.

પૂજ્ય દયાળુએ કહ્યું – 'જે શિખવાડવામાં આવે તેનું જ મૂલ્યાંકન કરવાનું. મારું ભણાવેલું વિદ્યાર્થીને કેટલું યાદ રહ્યું ?'

કોર્સને ફગાવી દેવાનો નથી. વિદ્યાર્થીને ભણાવવો જોઈએ, એને ભણતરમાં રુચિ જન્મે એવું કરવાનું છે. એનું નામ SCE.

ભણતર માટે માનસિક તણાવ દૂર કરવાનો છે.

મને બરાબર યાદ છે. હું એક અંગ્રેજી માધ્યમની શાળાની મુલાકાતે ગયો હતો. અંગ્રેજી માધ્યમમાં એ શિક્ષક જે રીતે વિદ્યાર્થીને ટૉર્ચરિંગ કરતા હતા, એ જોઈને હું થથરી ગયેલો.

વિદ્યાર્થીને ક્રિયાત્મક પદ્ધતિથી શિક્ષણ આપવાનું છે, એને વિકાસની તક પૂરી પાડવાની છે. એનું જ નામ SCE.

વિદ્યાર્થીઓને જૂથમાં બેસાડીને જૂથકાર્ય કરાવો. નિબંધલેખન, અહેવાલલેખન, વિચારવિસ્તાર જેવા એકમો દ્વારા સ્વનો વિકાસ SCE દ્વારા કરવાનો છે.

મૌખિક પ્રશ્નો પૂછવા, ઍસાઇન્મૅન્ટ લખવા આપવું, જૂથચર્ચા કરવાની – આ બધું જ શાળાઓએ, આચાર્યશ્રીએ, શિક્ષકોએ કરવું પડશે. આવું કર્યા વિના ચાલશે નહિ.

F1, F2, SI બે કસોટી પછી એક સત્રાંત પરીક્ષા લેવી. સતત મૂલ્યાંકન કરતા કરતા શિક્ષકોએ વિદ્યાર્થીઓનો વિકાસ કરવો.

સાત વિષયનું શિક્ષણ SCE છે. ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન અને સમાજશાસ્ત્ર જેવા વિષયો ફરજિયાત ભણાવવા. શિક્ષકો એવી રીતે ભણાવે કે વિદ્યાર્થીઓના મનમાંથી નાપાસ થવાનો ભય દૂર થઈ જાય. 'તને આ વિષય સારી રીતે આવડે છે.' આવો વિશ્વાસ વિદ્યાર્થીઓમાં ઉત્પન્ન કરવાનો છે – શિક્ષકે માત્ર પોતાના વિષયની ડંફાશ વર્ગમાં નથી મારવાની.

પોતાના વિદ્યાર્થીના વિકાસ માટે શિક્ષકે મહેનત કરવાની છે.

વાલી સમક્ષ માતાપિતાનો સતત સંપર્ક કરવાનો છે.

વિદ્યાર્થીમાં સમજણ તેમજ જ્ઞાનના કૌશલ્યોનો વિકાસ કરવાનો છે, તેનું નામ SCE.

મારા આ લેખમાં કેટલાક વાચકોને કંઈક અઘરું લાગશે. હાર્દ સમજવામાં કદાચ થોડી મુશ્કેલી અનુભવાશે, કારણ કે આ લેખ વિદ્યાર્થી/વાલીને ઉપયોગી નીવડે એમ છે.

ધોરણ ૯-૧૧માં હવે કોઈ વિદ્યાર્થી નાપાસ નહિ થાય, કારણ કે સર્વગ્રાહી મૂલ્યાંકન પદ્ધતિ SCE અમલમાં આવી.

SCE પદ્ધતિનો મોટો ફાયદો વિદ્યાર્થીને જ થશે. ધોરણ ૯-૧૧માં કોઈ પણ વિદ્યાર્થી નાપાસ નહિ થાય, કોઈ રડશે નહિ. બધા જ પાસ. ૧૦૦% સફળતા. જો વિદ્યાર્થીને કોઈ ટ્યૂશનિયો શિક્ષક ફેલ કરવાની હિંમત કરે તો ફરીથી પરીક્ષા લઈને વિદ્યાર્થીને પાસ કરવાનો. આ સરકારી નિયમ ગણાય, કોઈ યોજના નથી.

ઈન્ડિકેટર : ઇન્ડિકેટર એટલે સર્વગ્રાહી મૂલ્યાંકન દ્વારા વિદ્યાર્થીમાં રહેલી શક્તિને બિરદાવવી. ગાવાની, તરવાની, નાચવાની, વગાડવાની, દોડવાની, ઘોડેસવારી પૈકી કોઈ પણ કૌશલ્ય હોય તો તેની નોંધ કરીને વિદ્યાર્થીને બિરદાવવાની વાત છે.

પહેલાંના સમયમાં શિક્ષકો વિદ્યાર્થીઓ પર ટૉર્ચરિંગ ખૂબ જ કરતા. કેટલાક સામાન્ય નબળા વિદ્યાર્થીને કહે, તને આવડે છે દાખલા ગણતા ? વિદ્યાર્થી એમને એવું કદી પૂછતો નથી કે સાહેબ, સમાજની ઘણી બાબત તમને નથી આવડતી તેનું શું ? ત્યાં ગુરુભાવ છે.

શિક્ષકને સદૈવ ગુરુ રહેવાનું SCE શીખવે છે.

આ સમાજ માત્ર હોંશિયાર વિદ્યાર્થીઓથી નથી ચાલતો. મધ્યમ અને ઠોઠની પણ સમાજને જરૂરત છે.

ડૉક્ટરના દીકરા કમ્પાઉન્ડર તરીકે ચાલતા નથી.

હોંશિયારી અંદરની બાબત છે. જગતના ઘણા વૈજ્ઞાનિકો, લેખકો, ગાયકો, સંગીતકાર, રમતવીરો તદ્દન સામાન્ય વિદ્યાર્થીઓ હતા, છતાં આજે પણ જગતના લોકો તેમણે મેળવેલી કોઈ એકાદ ક્ષેત્રની સર્વશ્રેષ્ઠ સિદ્ધિ માટે તેમને સંભારે છે. પૂજ્ય મોરારિબાપુ, બાબુભાઈ રાણપુરા 'દેંયાળુ' જેવા વક્તા કોઈ શ્રેષ્ઠ કૉલેજમાં ભણ્યા નથી છતાં સમાજમાં ધ્રુવના તારા જેવું સ્થાન પ્રાપ્ત કરી શક્યા છે, આ છે SCE.

જીવનમાં હોંશિયારીની સાથોસાથ આંતરસૂઝ હોવી જરૂરી છે, એનાથી વિદ્યાર્થીનો વિકાસ થશે.

નિખારો

SCE સર્વગ્રાહી શાળાકીય મૂલ્યાંકન કોઈ પણ વિદ્યાર્થીને નાપાસ ન થવા દે તેવું શક્ય છે. ધોરણ ૯-૧૧માં જાવ. બધા પાસ. આપ્યું વરદાન.

સાયલાની સરકારી હાઈસ્કૂલામં ગણિત, વિજ્ઞાન, પીટી તથા કૉમ્પ્યૂટર વિષયની તાલીમ હતી. શ્રી દેસાઈ સાહેબે મારો હાસ્યનો કાર્યક્રમ રાખેલો. મેં શિક્ષકમિત્રોને સૂત્ર આપ્યું – 'થાય એટલું કરીએ છીએ' એમ ન કહો. આને ઊલટાવો – 'કરીએ એટલું થાય.'

આપણે જેટલું કરીએ એટલું થાય.

બસ, શિક્ષકમાં વિદ્યાર્થીઓ પ્રત્યે કામ કરવાની ભાવના જન્મે, માહોલ બંધાય. પછી બધું આપોઆપ ગોઠવાય. વિદ્યાર્થીના કલ્યાણમાં શિક્ષણજગતનું કલ્યાણ છે.

'શિવાસ્તે પંથા મહામારગી' બાબુભાઈ રાણપુરા કહે છે – 'તમારો માર્ગ શિવ કલ્યાણકારી બનાવે.'

•

૧૫. પ્રવાસના સ્પંદનો

‘પ્રવાસ...’ અહા... આ... હા... કેવા સ્પંદનો થાય. આપણે નંબર અને ટકાવારીમાં આનંદને કેટલા બધા કેદ કરી દઈએ છીએ. કેટલા બધા સ્પંદનો જાગે, ઊઠે, શમી જાય. બસ, જાણ્યા કરીએ...!

પ્ર એટલે આગળ, વાસ એટલે રહેવું. અનેક અનિશ્ચિતતાની શક્યતાઓમાં મુસાફરી કરવી.

જિગરમિત્ર શશી ચૌહાણ, મારો મિત્ર ગૌરાંગ પંચોલી ગોડાઉન મૅનેજર અને એમની પત્ની ગીતાબહેન, શૈલેષ રાવલ અને જયશ્રીબહેન ઉપરાંત મારા પત્ની વર્ષાબહેન શુક્લ સરકાર જેવું એલ.ટી.સી. જાહેર કરે, જેના ફળસ્વરૂપ તુરત પ્રવાસ-કાર્યક્રમનું આયોજન કરવામાં આવે. ખર્ચ કરવામાં મુશ્કેલી ન પડે તેથી કાયમ બચત કરે. અમે શાહી પ્રવાસનો આનંદ માણીએ. એવી મજા આવે કે ઘણા દિવસો સુધી સ્મરણ કરતા રહીએ.

નવા વાતાવરણમાં વિહરવાનો, જીવવાનો લહાવો લઈએ રઘુવીર ચૌધરી સાહેબની નવલકથા... પ્રવાસમાં જાણે સહવાસ થાય. સાથે રહીએ અંતરવાસ થાય – જ્યાં જઈએ ત્યાં ઉપરવાસ થાય.

એટલા બધા સ્પંદનો જાગે કે તેનું વર્ણન કરવા બેસીએ તો સ્પંદનો વધે, શબ્દો ખૂટી જાય. એક જ ઘટમાળમાં જીવન શેં જાય ? કંઈ નવીનતા જ નહિ ! પ્રવાસ કરવાથી ઘણી નવીનતા જોવા મળે. મારાં સંતાનો હેતલ/કાર્તિક મોજમાં આવી જાય.

આવું આયોજન શાળામાં પણ કરી શકાય. સરકારના શિક્ષણ વિભાગ તરફથી કહેવામાં આવ્યું છે, વર્ષમાં એકવાર શૈક્ષણિક પ્રવાસ ગોઠવો.

શાળામાં પ્રવાસની ઘોષણા કરતા જ વિદ્યાર્થીઓમાં ખુશી છવાઈ જાય. શાળાનું વાતાવરણ બદલાઈ જાય. જાણે વસંત મહોરી ઊઠે, નવી ચેતના અનુભવાય.

પ્રવાસ એક પર્વ છે, એની મજા માણવાની છે. એ માટે ત્રેવડ હોવી જોઈએ.

પ્રવાસનો આનંદ માણવા વિદ્યાર્થીઓમાં ત્રેવડ છે. સત્યની એરણ ઉપર શિક્ષકો જો ઊણા ઊતરે, સ્ટાફરૂમમાં પ્રશ્નોની વણઝાર ચાલે – ક્યાં જવું ? ટ્રેનમાં જવું કે બસમાં ? કેટલી ફી રાખવી ? કોઈ મુશ્કેલી સર્જાય તો ?

હજી તો સ્કૂલમાંથી બહાર નથી નીકળ્યા, એ પહેલાં ધારણાઓ બાંધી બેસી જાય. ભાગેડુ મનોવૃત્તિવાળા શિક્ષકો કહે – 'કદાચ કંઈક અજુગતું થાય તો ?' ક્યાંય પ્રવાસે ન જાવ. જો કોઈ અઘટિત ઘટના સ્કૂલમાં બને તો એમાં કોનો વાંક ? કોની જવાબદારી ગણવી ? અરે, સારી ભાવના રાખીને મુશ્કેલીને પડકારી તો જુઓ. ક્યાં સુધી આમ કાયરની માફક બેસી રહેશો ?

કવિ ઉશનસ્‌ની કવિતા – 'કોકે તો કરવું પડશે, ભાઈ !'

આ શું ન કરવાની કેવી હોડ ? કદાચ ધારણાઓની શક્યતામાં જીવતર વિતાવતા શિક્ષકો માટે જ આ કવિતા રચાઈ હશે. બધું જવા દો, કંઈક કરી બતાવવાનો આનંદ માણી જુઓ. ઘણી મજા આવશે. થોડી પળ વિદ્યાર્થીને સમર્પિત કરીએ.

અમે ૧૯૮૬માં ચોટીલાથી માઉન્ટ આબુનો પ્રવાસ કર્યો હતો. મિત્ર પી. ઓ. ઝાલા સાહેબ સાથે હતા. ઝાલા સાહેબ ખૂબ જ મજાના માણસ, એમનું વ્યક્તિત્વ રમતિયાળ.

પ્રવાસનો આરંભ થયો. છોકરા અને છોકરીઓની મિશ્ર શાળા. સુરેન્દ્રનગર પસાર થયું. બિલ્કીશ શેખ નામક એક વિદ્યાર્થિનીને સતત ઊલટીઓ થઈ. અમે એની સેવામાં રહ્યા. પ્રવાસની મજા ભૂલી ગયા. અમારે મન વિદ્યાર્થી મહાન છે.

સૌરાષ્ટ્રના પ્રવાસમાં ખૂબ જ મજા આવેલી. વિદ્યાર્થીઓ આજે પણ સંભારે

છે. કદાચ થોડી મુશ્કેલી આવે. એનાથી ગભરાઈને વિદ્યાર્થીઓને પૂરા પાડવાના શ્રેષ્ઠ અનુભવથી એમને વંચિત રાખીએ... કેવી વિચિત્રતા !

થોડીઘણી મુશ્કેલી પડે – માત્ર સ્થળ અને સમય બદલાય છે. બસ, આટલું સમજાય તો ઘણા પ્રશ્નોનો ઉકેલ મળી જાય. વિદ્યાર્થી અને શિક્ષકનો સર્વાંગી વિકાસ થાય.

હું જ્યારે ધ્રાંગધ્રા અજિતસિંહ હાઈસ્કૂલમાં શિક્ષક હતો ત્યારે વિદ્યાર્થીઓને કૂડા સ્થળે મીઠાના રણમાં લઈ ગયેલો. તરસ કેવી તે રણમાં જાવ તો ખ્યાલ આવે. થોડીક સમસ્યા અનુભવી જેથી સમસંવેદન જાગે.

ધ્રાંગધ્રાના ઘુડખર અભ્યારણ્યનો પ્રવાસ માત્ર પંદર રૂપિયામાં કરાવેલો. ખટારાનું ભાડું રૂા. ૧૫૦૦/- આપેલ. ઘુડખર નામક પ્રાણી આખા વિશ્વમાં માત્ર ધ્રાંગધ્રા વિસ્તારમાં વસે છે. વાઈલ્ડ લાઈફનો કેટલો ખર્ચ થાય છે – આ હકીકત તે દિવસે સમજાઈ. રાત્રે ખુલ્લા મેદાનમાં ભડકો (અગ્નિ) કરીને સૂતા. કોઈ જ ચિંતા નહિ. અદ્ભુત અનુભવો મેળવીએ.

લીંબડી શહેરમાં પુરુષ અધ્યાપન મંદિરના પ્રિન્સિપાલનો ચાર્જ સંભાળવાનો અવસર મળ્યો. ખૂબ મજા આવી. ભીતર લિજ્જત અનુભવાય. સતત શિક્ષણમાં અંકેવાળિયા નામક એક નાનકડા ગામે શાળામાં રોકાયા. રાત્રે ડાયરાનું આયોજન. સવારે પ્રભાતફેરી, પ્રાર્થના, કોઈ વિશેષ હરીફાઈ, નાટકો વગેરે... વિદ્યાર્થીઓ મન લગાડીને એટલી સેવા કરે કે તેમના ઉપર વારી જઈએ. કદાચ મારી સેવા ન કરો તોપણ માર્ક આપું – માર્કની અપેક્ષા રાખીને સેવા નહિ, ભાવથી સેવા થાય.

અંકેવાળિયા ગામે કોઈ ખેડૂતના ખેતરમાં જમવા ગયા. વાહ, કેવી સરસ મજા આવેલી ! હજી પણ શિક્ષકમિત્રો મળે તો કહે,'સાહેબ ! ભલે સતત શિક્ષણ હોય કે ના હોય, પ્રવાસ તો કરવો જ.'

૧૯૯૧માં શંકર વાવડી નામક ગામના દલિતનો દીકરો – તેના માટે મેં બોરણાની હાઈસ્કૂલમાં હાસ્યરસિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો. એ કાર્યક્રમ પ્રસંગે એકત્ર થયેલા પૂરા રૂા. ૭૦૦/- એ વિદ્યાર્થીને આપેલા. પી. એમ. પટેલ હાલમાં સુરેન્દ્રનગરમાં સંઘના પ્રમુખ છે, તેઓ સાક્ષી છે. પી. એમ. ઉદારતા ધરાવનાર દિલદાર મિત્ર છે. કંઈક સદ્કાર્ય કર્યાનો અનેરો આનંદ લીધો હતો. આ સોહામણો અવસર છે. પી. એમ. પટેલમાં ઘણા માનવતાવાદી ગુણ છે.

હું લીંબડીમાં શાસનાધિકારી હતો ત્યારે મૂળીબાઈ ગર્લ્સ સ્કૂલની વિદ્યાર્થિનીઓના પ્રવાસ અર્થ શીતળામાતાએ જવાનો એક નાનકડો કાર્યક્રમ કર્યો. કેટલાક શિક્ષકમિત્રો સાથે હું ત્યાં ગયેલો. છોકરીઓ રમતી હતી. એક દીકરીને નાકમાંથી નસકોરી ફૂટી ગઈ. કેમેય લોહી બંધ ન થાય. મારો બુશશર્ટ લોહીવાળો થઈ ગયો. એના માથે પાણી છાંટીએ, પરંતુ નાકમાંથી લોહી નીકળવાનું બંધ ન થાય. શિક્ષકો ગભરાઈ ગયા. હવે શું કરવું ? બધા કહે, શાસનાધિકારી આપણી સાથે છે, ચિંતા કરવાની જરૂર નથી. મેં દીકરીને કહ્યું – 'પ્રીતિ શાહ માટે પ્રાર્થના કરો.' એના માથામાં પાણીની ધાર ચાલુ રાખી. મારા કપડાં ભીંજાઈ ગયાં. થોડીવારે ચમત્કાર સર્જાયો.

કવિ હરિશવંશરાય બચ્ચનની 'આસ્થા કા પુરસ્કાર' કથાની જેમ લોહી વહેતું બંધ થયું. અમે હાશકારો અનુભવ્યો. છોકરી બેહોશ થઈ ગઈ. થોડીવારે ભાનમાં આવી.

એ રડવા લાગી. એ બોલી – 'સર ! મેં તમને બધાંને કેટલા હેરાન કર્યાં ! હું સાથે ન આવી હોત તો સારું થાત. મારા લીધે બધાંને પરેશાન કર્યાં.'

મેં કહ્યું – 'ના દીકરી ! અમને તારી સેવાનો અવસર મળ્યો. તું મારી દીકરી છો, બેટા !' બીજે દિવસે એના પિતા SBSના મૅનેજર મારી ઑફિસે મળવા આવ્યા. કહેવા લાગ્યા – 'સાહેબ ! મારી દીકરી પ્રીતિએ તમને બહુ હેરાન કર્યાં, સૉરી !'

મેં લાગણીવશ સ્વરે કહ્યું – 'એવું ન કહો. એ તો મારી દીકરી છે. આમાં હેરાનગતિ શાની ? સાવ બીબાંઢાળ જીવન હોય એનો શો અર્થ ? પ્રવાસની મજા લેવાનો અનુભવ કરીએ ત્યારે અનાયાસ બીજા પણ અનુભવ કરવા પડે. જીવનમાં માત્ર સારા જ અનુભવ કરીએ તો જીવનશિક્ષણની મજા શું રહે ?'

શિક્ષણ તો અનુભવોની વણઝાર છે. અનુભવ કરતા આવડી જાય તો સમજી લો, બેડો પાર ! તે જ શિક્ષણ.

જય હો... જીવનમાં લાગણીના સ્પંદનો છે, તો જીવંત માણસ હોવાનો અહેસાસ છે. સ્પંદનો કાયમ હજો. આવા હરિયાળા અનુભવો એ જ જીવનની સાર્થકતા છે.

•

૧૬. સૂકા થડ લીલી કૂંપળો

સૂકાપણું કેવું લાગે ? અત્યંત શુષ્કતા લાગે. શિક્ષણ તો તરોતાજા હરિયાળું હોવું જોઈએ... જ્યાં સતત ચૈતન્ય ધબકે. ધબકતાં હૃદયોના ધબકારા શિક્ષકે કાર્ડિયોગ્રામ બની માપવાના છે. અલબત્ત, અફસોસની વાત એ છે કે આપણા કાર્ડિયોગ્રામના મશીનોને આળસની ધૂળ ચઢી ગઈ છે.

લીલાં વૃક્ષોનાં થડ ધીમે ધીમે સુકાઈ રહ્યાં છે – હરિયાળાપણું જતું રહ્યું. શિક્ષણનાં વર્ષો વધ્યાં. થડ મોટું થયું. નવીનતા કંઈ જ ન આવી. થડમાં ભલે કદમાં વિશાળતા આવી, પરંતુ ભીતરની ભીનાશ જતી રહી.

ભીતર રસ ઝરવો જોઈએ. રુચિઓની કેળવણી થવી જોઈએ. નવાં વલણો સ્થાપિત થવા જોઈએ. જૂનાં ખોખલાં વલણો છૂટવા જોઈએ અથવા છોડવા પડે !

'શિક્ષક માન્યતાઓનો શિકાર બની જાય તો ભારતીય શિક્ષણની કેવી દશા થાય ?' આ વિચાર વ્યક્તિએ હંમેશાં ધ્યાનમાં રાખવો જોઈએ. શિક્ષકે હરહંમેશ પોતાની શાળામાં નવીનતા લાવવાની છે.

શિક્ષકે વિદ્યાર્થીના ખાલીપણાને નવીનતાથી ભરવાનો છે. વિદ્યાર્થીને ઉન્નત વિચારો સભર કરવાનો છે. એની શ્રેષ્ઠ ઇચ્છાઓ-વૃત્તિઓને પોષવાની છે, એ વૃત્તિઓને સારા માર્ગે લઈ જવાની છે. અનુકૂળ વાતાવરણનો માહોલ બનાવવો પડે. વિદ્યાર્થીમાં કેટલી બધી શક્યતાઓ જન્માવવાની છે.

યુગો પહેલાં દ્રોણાચાર્ય જેવા ગુરુએ એમ કહ્યું – 'રાજકુમારો સિવાય હું કોઈને વિદ્યા ભણાવતો નથી.' એવું ક્રૂર વાક્ય બોલનાર – દ્રોણ જેવા અસ્ત્ર-

શસ્ત્રના જાણકાર આવું વિધાન કરે ? કેવી કરુણતા ! શીખવાની ઇચ્છા ધરાવનાર વિદ્યાર્થીને કાઢી મૂકવો. આનાથી ખરાબ બીજી કઈ કંગાલિયત સમાજની હોઈ શકે ?

આજના યુગમાં દ્રોણાચાર્યની કમી નથી. સરકારનો તગડો પગાર ખાનાર ગ્રાન્ટેડ/સરકારી શાળામાં ક્યારેય પોતાની શ્રેષ્ઠતા બતાવતા નથી. ખાનગી ટ્યૂશન ક્લાસમાં એકદમ વરસી પડે !

થોડી ફી લઈને વિદ્યાર્થીને ભણાવનાર શિક્ષકને પરવડતું નથી. અધૂરામાં પૂરું શિક્ષક વિદ્યાર્થીને એમ કહે – 'તને મારી ફી ન પોષાય. તું મારી ફી નહિ ભરી શકે. તારી શક્તિ મુજબના શિક્ષકને શોધી કાઢ.' આવું વરવું વચન બોલતી વખતે શિક્ષકની જીભ નથી કપાઈ જતી. આપણે ક્યાં શૅરબજારમાં ઊભા છીએ કે નાણાંમાં વધઘટ થવાની હતી !

વિદ્યા વાપરવાથી વધે, હજારોનું કલ્યાણ કરે. ૧૦% જેટલો ધર્માદા સમજીને ગરીબ-પછાત-આર્થિક તંગી વેઠનારાને ભણાવીએ તોપણ આપણું શિક્ષકત્વ દીપી ઊઠે.

મેં હજારો વિદ્યાર્થીઓને ભણાવ્યા છે, પછી આ લેખ લખી શકાયો છે. વિધાન ખોટું ન કહી શકાય – ગમે તે પડકાર હોય.

કોઈ પણ પ્રકારની ફી લીધા વગર ભણાવ્યાનો મને સંતોષ છે. મારે ક્યાં કરોડપતિ થવું છે ? મારા વિદ્યાર્થી મારે મન કરોડપતિ કક્ષાના છે એનો મને આનંદ છે.

હું મારા ગામ ચૂડાથી ટેમ્પોમાં સામાન ભરીને શહેરમાં આવ્યો હતો. એ વખતે મારી પાસે એક હજાર રૂપિયા હતા. ટેમ્પામાં સામાન ભરીને મારા ગામમાં જતો રહું. મોંઘવારી મુજબ મને દશ હજાર રૂપિયા પેન્શન મળે એટલે સંતોષ.

મારે શરીરની તંદુરસ્તી સૌથી પહેલાં જોઈએ – નાણાંની તંદુરસ્તી નહિ. વ્યવહાર ચાલે એટલે બહુ થયું. જ્યારે અવસર મળે ત્યારે ભણાવીએ-ભણાવવાનો આનંદ લઈએ.

સુરેન્દ્રનગર જિલ્લાની કોઈ પણ સરકારી હાઈસ્કૂલમાં મારો સ્ટાફ – કોઈ પણ શિક્ષક એમ ન કહી શકે કે મેં વિદ્યાર્થીઓને ભણાવ્યા નથી. આ ખુલ્લા પડકારને કોઈ ચૅલેન્જ ન કરી શકે. આ મારી ધનિકતા છે. શિક્ષકત્વના થડમાં આજે પણ ભીનાશ એવી ને એવી છે.

મારા મિત્ર ગુ. મા. શિ. બોર્ડ, ગાંધીનગરના સભ્ય શ્રી રઘુભા ઝાલા જાહેરમાં તેમજ રૂબરૂમાં, સુરેન્દ્રનગર જિલ્લાના તમામ શિક્ષકોની રૂબરૂમાં કહેલું – 'મહેન્દ્ર શુક્લ જેવો કર્મનિષ્ઠ, હૈયાળો, વિદ્યાર્થીપ્રિય શિક્ષક બીજે ન મળે.'

કદાચ આજે મારું જાહેર અભિવાદન હશે. તમામ શિક્ષકોએ તાળીઓથી મારા શિક્ષકત્વને વધાવેલ. મેં મારા થડને સુકાવા દીધું નથી, કારણ કે મારે લીલી કૂંપળો ઉછેરવાની છે.

શિક્ષકનો વ્યવસાય કરનાર શિક્ષક ઓછું બોલનાર, અતડા મિજાજનો અથવા એકલો બેસનાર ન ચાલી શકે. એકલાપણું તો શિક્ષકરૂપી મહત્ત્વના થડને સૂકું કરી નાખે.

અરે, જતે દિવસે શિક્ષકત્વ જતું રહે. શિક્ષક કાળાબજારિયો થઈને સમાજમાં ઊભો રહ્યો, એનું ચારિત્ર્ય જતું રહ્યું, શિક્ષણ જતું રહ્યું. રસ, રુચિ અને વલણો મરી જતાં સમયની સાથે જતાં રહ્યાં.

શિક્ષકો એમ વિચારે કે શું કરીએ તો સ્કૂલમાંથી જતા રહીએ, કયું બહાનું શોધવું... તો શાળામાંથી જવાનું બહાનું મળે – સ્કૂલમાંથી જતા રહીએ..

'ક્યાં સુધી પોતાની જાતને ઉપરાંત પ્રિન્સિપાલને છેતરતા રહીશું ? ક્યારેક તમે છેતરાયાનો તો આનંદ લઈ જુઓ... મજા આવશે.

શિક્ષકનો વ્યવસાય સ્વીકાર્યો છે તો શાળા તેમજ વિદ્યાર્થીઓને વફાદાર રહો. ભણાવો, નાચો, ગાવ, કૂદો, રમત રમો જેથી શિક્ષકનું સૂકું થઈ ગયેલું થડ ભીનાશને અનુભવે, ભીનાશને પાછી મેળવે. જેની શિક્ષણને જરૂર છે.

સદ્ગુરુ બાબુભાઈ રાણપુરા કહે છે – 'સાહેબ ! ભીનાશ વગરનો માણસ કદાપિ સમાજમાં ચાલી ન શકે. જો કદાચ ચાલે તો ઈ શિક્ષક સિવાય ભૂતાવળ હોય. શિક્ષક મરી જાય તો ભૂત થઈને ભણાવવા આવે. વિદ્યાર્થીઓની આંતરચેતના જાગૃત થાય.

અરે, કદાચ થડ સુકાઈ ગયું હોય તો જે દિ' અષાઢ વરહે તે દિ' શિક્ષણની લીલી લીલી કૂંપળો ફૂટી નીકળે. સમાજ એવા શુભમંગળ દિવસની પ્રતીક્ષા કરે છે... જય હો. બસ, તમે શિક્ષક જ આ કરી શકો, બીજું કોઈ નહિ... કોઈ નહિ... કોઈ જ નહિ.'

•

૧૭. ખાલી છીપના મોતી

મારા મનમાં ઘણીવાર એવો પ્રશ્ન થાય કે શિક્ષકો ભણે છે કે વિદ્યાર્થીઓ ભણે છે ? જો શિક્ષકો ભણાવતા હોય તો આવું કંગાળ પરિણામ આવે ખરું ?

વિદ્યાર્થી ભણે છે. આપણે શિક્ષકો એમને ભણાવીએ છીએ એ વહેમ છે. વિદ્યાર્થીઓમાં એમની ભીતર ઉમદા તત્ત્વ પડેલું છે, જિજ્ઞાસા પણ છે. શિક્ષકો તેને બહાર લાવવાની તક આપતા નથી.

મારા વર્ગમાં ભણતો ભગીરથ રાવલ નામક વિદ્યાર્થી તબલાવાદનમાં દેશભરમાં પ્રથમ આવેલ. આ વાત મને ત્રણ મહિના પછી જાણવા મળી.

આ વિદ્યાર્થી આવતીકાલનો ઝાકિર હુસેન થાય. માનનીયશ્રી સી. વી. સોમ સાહેબ કમિશનર સ્કૂલ ગાંધીગનરના આચાર્યે વર્કશોપમાં આ વાત કરી અને કહ્યું – 'વિદ્યાર્થીની શક્તિને બિરદાવવી જોઈએ.'

બિલકુલ સાચી વાત. તેઓ મુંબઈમાં એ કાર્યક્રમ કરવા જાય. નવરાત્રિમાં તબલાવાદનના રૂા. ૪૦,૦૦૦/- લે તો એનો કેટલો વિકાસ થયો. શાળાના શિક્ષકે એને બિરદાવવો જોઈએ. આપણે ચૂકી ગયા છીએ. ખોટી ધારણા બાંધી બેઠા છીએ, એ છોડીએ.

શિક્ષકમાં પણ પોતાની ધારણાઓ અને માન્યતાઓ રહેવાની. પોતાની ધારણાઓ બાંધીને વિદ્યાર્થીના ભવિષ્ય માટે કોઈ ધારણા ના બાંધવી. શિક્ષકે પોતાની ધારણાઓથી શિક્ષણ નથી આપવાનું. ધારણા ખોટી હોઈ શકે. સમયને સથવારે કદાચ ભૂલ સમજાય.

પરંતુ આપણે વિદ્યાર્થીની જ્ઞાનજ્યોતને પ્રગટીકરણ કરવાનું કાર્ય કરવાનું છે. જે કાર્ય ખરેખર કરવાનું છે તે વાસ્તવમાં પૂર્ણ થતું નથી.

સંતશ્રી બાબુભાઈ રાણપુરા કહે – 'જ્યોતનું પ્રગટીકરણ એટલે પ્રત્યક્ષ જ્ઞાન અને અપ્રત્યક્ષ જ્યોત, જે દેખાતી નથી તેમ છતાં પ્રત્યેક વિદ્યાર્થીમાં રહેલી છે. તેનું દર્શન કરી જ્યોતને પ્રજ્વલિત કરવાની વાત છે. આ રીતે સમજનો વિકાસ થાય.'

સમયના વહેણ સાથે જ્યોતને જાગૃત કરવાની છે. જ્યોતને જાગૃત કરવી એટલે વિદ્યાર્થીમાં જે શક્યતા છે, તેનો કાયમી ક્રમિક વિકાસ કરવો.

મૃતથી અમૃત ચોક્કસપણે અજ્ઞાનતાથી જ્ઞાન તરફની યાત્રા છે. ઘણીવાર આપણાં અંગત મંતવ્યો વિદ્યાર્થીના વિકાસને અવરોધક બને. શિક્ષક સૌથી પહેલાં સમ્યક્ ભાવ ધરાવનાર હોવો જોઈએ, વિદ્યાર્થીના ભાવને બરાબર સમજે.

વિદ્યાર્થીનો ભાવ શિક્ષકને સમજાઈ જાય તો શિક્ષણની કેટલી બધી સમસ્યાઓનો આપોઆપ ઉકેલ મળી જાય.

સુરેન્દ્રનગરની એન. ટી. એમ. સરકારી હાઈસ્કૂલમાં સુપરવાઇઝર તરીકે મારી નિમણૂક થઈ (વાઇસ-પ્રિન્સિપાલ). મારી શાળાના જે વિદ્યાર્થીઓ ધોરણ ૯માં અભ્યાસ કરતા હતા, તેમના પૈકી લગભગ ૧૫થી ૨૦ વિદ્યાર્થીઓ મારી ઑફિસમાં આવી ઊભા રહ્યા. સાદર પ્રણામ કરીને બોલ્યા – 'સાહેબ, અમને વાંચતા આવડતું નથી. તમે શિખવાડશો ?'

એમની જ્ઞાનજ્યોત મારી સમક્ષ આવી ઊભી રહી. હવે મારે શું કરવું ?

ધોરણ ૧થી ૭ સુધી કોઈ શિક્ષકે એમને ભણાવ્યા જ નહિ – પ્રશ્નોની હારમાળા મારા મગજમાં ચાલી.

અરે, આટલું બધું અંધેર ચાલ્યું... કોઈએ કંઈ જ કર્યું નહિ. અમારી હાઈસ્કૂલમાં શિક્ષકોએ એમને છ માસ કક્કો-બારાખડી શિખવ્યા હોત તોપણ વાંચતા આવડી જાત.

અમારી હાઈસ્કૂલના શિક્ષકોએ પ્રાથમિક શિક્ષકો ઉપર દોષ ઢોળ્યો, પણ પોતાના કર્તવ્યથી વિમુખ થઈ ગયા.

ફરી વિદ્યાર્થીઓ બોલ્યા – 'સર, અમને વાંચતા શિખવાડશો ને ?' વાઇસ

પ્રિન્સિપાલ તરીકે મારો અહં – મેં કદી માધ્યમિકમાં ભણાવ્યું નથી એવું કહું ? શું કરવું ? સમજાવી-ફોસલાવીને રવાના કરી દઉં ?'

મને શ્રી અરવિંદના શબ્દો યાદ આવ્યા – 'એકાગ્ર ચિત્તે કરેલ કાર્ય પૂર્ણ પ્રયોગ છે.'

હું નિત્ય ભગવદ્ગીતાનું અધ્યયન કરનાર માણસ જો ન ભણાવું તો શ્રીકૃષ્ણે કર્મનો સિદ્ધાંત આપ્યો એનું શું ? માત્ર શ્રી ગીતાજી વાંચીને સંતોષ માણ્યો, કર્મની વાત આવે ત્યારે આંખો બંધ કરી દેવી – એ તો પલાયનવાદ ગણાય... અર...ર...!

શ્રીકૃષ્ણે મારી જ્યોત પ્રજ્વલિત કરી... 'કર્મ કર... કર્મ કર...' સંભળાયું. મારી સમજનો વિકાસ થયો. મારી સામે ઊભેલા વિદ્યાર્થીઓને મેં કહ્યું – 'હું તમને વાંચતા-લખતાં જરૂર શિખવાડીશ.'

હું આટલું બોલ્યો ત્યાં વિદ્યાર્થીઓ ખુશીથી ઝૂમી ઊઠ્યા. એમની ભીતરની જ્યોત લહેરાવા લાગી. એ વિદ્યાર્થીઓના મુખ પર ઉભરાઈ આવેલ ખુશીના હાસ્યમાં મને બાળકૃષ્ણનાં દર્શન થયાં. મારી આંખમાં હર્ષના અશ્રુ હતા. પહેલી ડિસેમ્બર, ૨૦૧૩ સુધી એ વિદ્યાર્થીઓ કાનાવાળા, હ્રસ્વવાળા અને દીર્ઘ સુધીના શબ્દો લખી-વાંચી શકતા હતા. વિદ્યાર્થીઓ ઘણા ખુશ થઈ ગયા.

હું એમને દરરોજ મારા ત્રીજા ફ્રી પિરિયડમાં ભણાવતો અને વંચાવતો. હવે મારા માટે આ દરરોજનો ક્રમ બની ગયો. ફેબ્રુઆરી, ૨૦૧૩થી બધા વિદ્યાર્થીઓના હૃદયમાં વાંચી શકવાનો આનંદ સમાતો ન હતો. અર્થશાસ્ત્રના મારા મિત્ર જી. બી. ગોહિલ મને કહેતા – 'શુક્લજી ! આવી મહેનત તમે જ કરી શકો. તમને મિત્ર તરીકે મારે અભિનંદન આપવા જોઈએ. અનિતાબહેન ગેડિયાએ ઉમળકાભેર કહ્યું – 'સર, આ અઘરું કાર્ય તમે સફળ રીતે કરી બતાવ્યું.'

મારા વિદ્યાર્થીઓ વાંચતાં-લખતાં થઈ ગયા, એ જોઈ મને ભણાવવાનો આનંદ હતો... કે ન હતો એ સમજાયું નથી, પરંતુ સ્થગિતતા નિવારી શક્યો તેનો મને ચોક્કસ આનંદ હતો.

અલબત્ત, મારાથી બમણો આનંદ મારા વિદ્યાર્થીઓને હતો, કેમ કે એમને સારી રીતે લખતાં-વાંચતાં આવડી ગયું.

મને એ વિચાર આવતો હતો કે હું એમની ખુશીનો ભાગીદાર બન્યો, એમની જ્યોત ઝળાંઝળાં થતી હતી – મારા આ કર્મથી.

વિદ્યાર્થી જ્યાં અટવાયા હોય ત્યાંથી શિક્ષકે એમને આગળ લઈ જવાના છે. પદ કે પ્રતિષ્ઠા મહત્ત્વનાં નથી, વિદ્યાર્થી મહત્ત્વનો છે.

વિદ્યાર્થીની જ્યોત ઝાંખી થઈ રહી છે, શિક્ષકને એવું દર્શન થાય ત્યારે એ પોતાના જ્ઞાનનું તેલ પૂરે. બસ, પછી જ્યોત ઝળાંઝળાં થાય, પછી સ્થગિતતા નહિ આવે. જેના માટે સરકાર મથામણ કરે છે – સ્થગિતતા રોકો.

બસ, પછી સરસ્વતીના મંદિર ઝળાંઝળાં થશે. ભારતનું ભાવી ઉજ્જ્વળ છે. એના માટે જરૂરત છે જ્યોતને જોવાની... જય હો.

'એને ઝાંખપ ન લાગે બાપ !' તુમ્હેં ક્યા દું મૈં દિલ કે સિવા... તુમકો હમારી ઉમ્ર લગ જાયે... એક જૂનું ગીત મેં મનમાં ગાયું... ગણગણ્યું...

મારી આંખોમાં હર્ષના આંસુ ઉભરાયા.

શિક્ષક તરીકે જીવનનો અવસર મળ્યો છે તો જીવી જાણીએ... આવો અવતાર નહિ મળે... દિવસમાં પાંચ કલાક તો શિક્ષક તરીકે સક્રિય રહીએ.

આપણા કરતાં તો બજાણિયા સારા – જ્યારે ભવાઈ કરે એટલી વાર તો પાત્રને ન્યાય આપે છે... પછી પરસ્પર માંગીને પીવે છે. આપણને તો શિક્ષકનું પાત્ર ભજવતા ન આવડ્યું. જો આવડ્યું હોય તો કંગાળ પરિણામ આવે ખરું ? અને એ પણ ૧૦%, ૧૪% કેટલી હદની કરુણતા ! શીખનારનો વાંક શોધવાને બદલે શીખનારને મદદ કરીએ. હાથમાં મશાલ ઝાલી માર્ગદર્શક બનવાનું કાર્ય શિક્ષકનું છે. આ કાર્ય કરવું જ પડશે. છૂટકો જ નથી... નથી... નથી છતાં ખાલી છીપમાંથી મોતી પાકતા રહે છે.

'છીપ અજાણ છે, ખૂલવા-બંધ થવામાં સ્વાતિ નક્ષત્ર જતું રહે છે તેની તકેદારી લેવી. મોતી પાકશે... પાકશે જ...'

•

૧૮. એક પગલું શક્યતા બહાર...

સુરેન્દ્રનગરની પ્રખ્યાત એન. ટી. એમ. સરકારી હાઈસ્કૂલમાં આચાર્યનો ચાર્જ લેવાનો અવસર મળ્યો. રળિયામણી ઘડી હતી. ખેડૂતના આંબે મોર આવે...!

મારા જીવનમાં જ્યારે કોઈ પણ હોદ્દો સ્વીકારવાની વેળા આવે ત્યારે જાણે આકાશમાં ધૂમકેતુ ખીલે – પૃથ્વી પર જે અસરકારકતા દર્શાવે એવું મારા માટે થાય. જે. કૃષ્ણમૂર્તિ જેવું અનુભવાય. જે. કૃષ્ણમૂર્તિ શિક્ષક હતા એટલે હું ધૂમકેતુ નથી. મારાથી સારું જરૂર થાય. આવા હૃદયસ્પર્શી પ્રસંગો અનુભવાય. જિલ્લા શિક્ષણાધિકારી જે. જી. પંડ્યા સાહેબે મને નાયબ નિરંતર શિક્ષણાધિકારીનો ચાર્જ સોંપ્યો. ખળભળી ગયેલા શિક્ષણને નિરંતર કર્યું.

સવાલ શિક્ષણનો છે. શિક્ષણ તો નિરંતર ચાલતી પ્રક્રિયા છે. શિક્ષણ તો સતત ચાલે છે – વર્ગમાં કે વર્ગની બહાર આ પ્રક્રિયા થતી જ રહે છે. આપણે ન શીખવું હોય તોપણ જરૂરિયાતના સંદર્ભમાં શીખવું પડે છે... પ્રક્રિયા ચાલે, આપણે પ્રક્રિયામાં નથી કે છીએ એ વાત મહત્ત્વની છે. કેટલાક પસંદગીના શિખરે પહોંચવા શીખે છે, શિક્ષણ લે છે. કેટલાક જરૂરિયાતના સંદર્ભમાં શીખે છે... શીખવું તો પડે જ.

મનોવિજ્ઞાની રસ્કિનની જેમ જ. રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (આર.એસ.એસ.એ.) અંતર્ગત સરકારી તમામ શાળાનું પુસ્તક પ્રદર્શન મારી શાળામાં ગોઠવ્યું. પુસ્તકો બધા યાદ ન રહે. ભુલભુલામણીનો પ્રયોગ યાદ રહે.

હું અને મારા વિદ્યાર્થીઓ તેમ જ સ્ટાફ – બધા ખુશ થયા. એક જ ઘરેડમાં ચાલતું શિક્ષણ નવીનતા ધારણ કરશે. દશ વિદ્યાર્થીઓને અમે પુસ્તકો આપ્યાં. વિદ્યાર્થીઓ એ પુસ્તકો વાંચીને જુદા-જુદા સમયે પુસ્તક-પ્રદર્શન જોનાર ટીમને રાખવામાં આવેલ પુસ્તકમાંથી એક પર માહિતી આપે. શક્યતા બહાર લાવવાની મથામણ હતી.

લોકોને બહુ ગમ્યું. વાંચ્યા વગર પુસ્તકની માહિતી મળી. થોડાક લોકો બીજે દિવસે આવ્યા. દશ પુસ્તકો ગામના ગૃહસ્થ લઈ ગયા. વાંચવાની પ્રેરણા જોવા મળી.

બાળવિજ્ઞાન તો વિજ્ઞાનમેળામાં વિદ્યાર્થી પોતાની કૃતિ વિશે કહે. કદાચ ભૂલી જાય તો કોઈ આપત્તિ નહિ. વિજ્ઞાનના નિયમો જાણે, પ્રયોગને માણે. પ્રયોગ ઝાઝા થાય છે. એક નવો પ્રયોગ કરીએ.

બીજે દિવસે ૨૦ વિદ્યાર્થીઓને સાથે રાખીને મેં સ્વચ્છતાનો આરંભ કર્યો. સ્કૂલમાંથી ગંદકી દૂર કર્યાનો આનંદ લીધો. આવું પ્રત્યેક શાળા કરી શકે. વિદ્યાર્થીઓની સાથે કામ કરવાનું-કરાવવું નહિ. નહિતર ભાવ બદલાઈ જાય. શક્યતાના પ્રદેશને પડકારની શરૂઆત થઈ. મારી સ્કૂલનો ભાવ, શિક્ષક-વિદ્યાર્થી બંનેમાં જાગૃત કરવાની જરૂરતનો સમય પાકી ગયો છે. પાંડુરંગ શાસ્ત્રીજી ભાવને પ્રધાન ગણતા.

મારાપણું પ્રગટશે પછી નિશાળને નુકસાન નહિ કરે. ભાવ થવો જોઈએ. ભાવ માણસને ઘડે, છિન્નભિન્ન કરે.

વિદ્યાર્થીઓ સ્કૂટર, કારને ગોઠવવા સ્વયંસેવક બન્યા, કોઈએ બનાવ્યા નહિ. સ્કૂલની સુંદરતા-સુઘડતા જોઈને મુલાકાતીઓ ખુશ થયા – 'સરકારી સ્કૂલમાં આવું હોય ! સરકારી શાળાએ શક્યતા બહાર રમે. ભાવની બહાર ! ખેર, જે હોય તે, અમે કરી શક્યા તેનો આનંદ હતો.

કરવું પડે. ઉશનસ્‌ની કવિતા જેવું – 'કોકે કરવું પડશે ભાઈ, ન કરવાની કેવી હરીફાઈ !'

પત્રકારમિત્રોએ નોંધ લીધી. સારા કાર્યને બિરદાવ્યું. સરકારી કામના વખાણ કરતાં નિંદા વધુ થાય. દૃષ્ટિમાં દોષભાવ વધુ હોય. આનું કારણ ઊડીને આંખે વળગે એવી અમારી નિષ્ક્રિયતા છે. જે કાર્ય થાય છે અને જોનાર કોઈ નથી. મૂલ્યાંકન નથી. શક્યતાને આહ્‌વાન દીધું.

સાંજે વિદ્યાર્થીઓ-સ્પર્ધકો જતા હતા ત્યારે એમને બોલ્યાનો આનંદ હતો. ગામડેથી આવેલી દીકરીયું મને એમની ગામઠી ભાષામાં કહેતી – 'સા'બ, અમને બહુ મજા આવી. અમે કાંઈ કેવી વાત સા'બ બોલવા નથી દેતા. ન કરું ઈ'જ બોલ બોલ કરે. શિખામણું દે...'

અહીંયાં અમને બોલવાનો... જવાબ દેવાનો મોકો મળ્યો ! અમે જેવું બોલ્યાં તેવું.'

શિક્ષણની કેવી કરુણતા !

જેને વિકસવાનું છે, પ્રગતિ કરવાની છે, એને આપણે અવસર નથી આપતા.

આપણે નથી બોલવાનું... વિદ્યાર્થીઓને બોલતા કરવાના છે, હવે તો મૌન લઈ.

મૂલ્યાંકન કરીએ – વિદ્યાર્થી વિકસિત થયો કે નહિ ?

શક્યતાની વાણીને વિહરવા દઈએ. એનું પગલું શક્યતા બહાર નીકળે, જેની શિક્ષણજગત પ્રતીક્ષા કરે. અંદર રહેલી શક્યતા ક્યારે બહાર આવે, ધન્ય પળની પ્રતીક્ષા કરીએ. એને વિકસવાની શક્યતાને તક આપીએ. આપણે નહિ ધાર્યું હોય એવું પરિણામ મળશે.

રાષ્ટ્રીય-મતદાર જાગૃતિ-લોકજાગૃતિના કાવ્યગાનની સ્પર્ધા હમણા કલેક્ટર ઑફિસ, સુરેન્દ્રનગર દ્વારા થઈ. એમાં સમગ્ર સુરેન્દ્રનગર શહેરમાં અમારી સ્કૂલનો વિદ્યાર્થી શર્મા ધોરણ ૧૨માં પ્રથમ આવ્યો. ચમત્કાર.

કલેક્ટરશ્રી કે. કે. જિરાલા સાહેબના હસ્તે તેનું સન્માન થવાનું હતું. હું એને મારી સાથે લઈ ગયો. હું અને એ વિદ્યાર્થી આર. સી. પી. ગર્લ્સ સ્કૂલમાં જતા હતા ત્યારે ત્યાં મારા વિદ્યાર્થીએ કહ્યું – 'સર ! હું નર્વસ ફિલ કરું છું.' મેં એને ખૂબ જ જુસ્સો આપ્યો – 'બ્રેવો બેટા બ્રેવો !'

ઈનામ વિતરણ કાર્યક્રમ ભવ્ય રીતે ઉજવાઈ રહ્યો હતો. સર્વપ્રથમ મારા જ વિદ્યાર્થીનું નામ બોલાયું. કલેક્ટર સાહેબે એનું સન્માન કર્યું. શાળા માટે ધન્ય પળ હતી.

વિદ્યાર્થીના ભીતર જે શક્યતા ધરબાયેલી હતી, તે બહાર લાવ્યાનો અમને આનંદ હતો. આ જ શિક્ષણની કામગીરી – સાર્થકતા છે.

આપણે આપણા વિદ્યાર્થીને વિકસવા દઈએ... એ જરૂર વિકસશે. શાળાને તેમજ શિક્ષકને ગૌરવ મળશે.

શાળાએ ગૌરવગાથા રચવી પડશે. આ તો સાવ સહેલું છે. તમારા વિદ્યાર્થીનાં રસ, રુચિ અને વલણ મુજબ એને વિસ્તરવા દો.

કારણ... પગલું શક્યતા બહાર જવા કોશિશ કરે છે. એ આપણો અર્જુન છે. મત્સ્યવેધ કરશે એમાં શંકા ન કરો, બિરદાવો. એનામાં રહેલી શક્યતાઓને જાહેરમાં બિરદાવતા રહો. શરમાળ વિદ્યાર્થીને ઉદાહરણ પૂરું પાડી પ્રોત્સાહિત કરો. શક્યતાના દ્વાર ખૂલી જશે.

સ્કૂલ-વિદ્યાર્થી-શિક્ષક વિજય ઉત્સવ ઊજવવા તૈયાર રહો.

શક્યતાઓ સાક્ષાત્કાર કરો. આ જ શિક્ષણ છે.

●

૧૯. શિક્ષણ – લલિત નિબંધ
માર્ગ મળ્યાનો વહેમ...

'માર્ગ જ જીવનની દિશા છે.' – ઓશો. ખરી વાત છે.

સૂર્યપ્રકાશ એ સમસ્ત સૃષ્ટિ માટે છે, કોઈ વ્યક્તિ પોતાના ફળિયામાં ઊભો રહીને કહે – આ સૂર્યનો તાપ મારો છે...' તો કેવો બાલિશ લાગે. એવું જ માર્ગનું છે. જો આપણને સમજાય તો !

તારા ફળિયામાં તડકાનું હોવું એટલે તારો અંધકાર ઓછો થયો... તું પ્રકાશમાં ગયો... અથવા પ્રકાશ તરફની ગતિ થઈ... એ મહત્ત્વની બાબત છે. માર્ગ મળ્યો.

પ્રભાત થાય એટલે કેટલી બધી વિવિધતાથી જગત ભરાઈ જાય... કેટલા બધાં સમણાંઓ છોડીને વાસ્તવિકતામાં પ્રવેશીએ. સૂર્યનું ઊગવું, એ કેટલા બધાને પ્રભાતની અસરકારકતા બતાવે.

સૂર્ય હંમેશાં વિવિધતા લઈને જ આવે છે. દિવસ તો કાયમ છે. રાત એટલે માત્ર રંગ બદલાય છે. એક જ ઢાંચામાં જિવાતા જીવનમાં નવીનતા આવે એટલે સવાર થાય છે.

જેમ કુદરતના પ્રત્યેક ભાગમાં વિવિધતા... આનંદિતતા છે, એવું જ શિક્ષણમાં થવું જોઈએ. એક જ પ્રકારનું બીબાંઢાળ શિક્ષણ ક્યાં સુધી લીધા કરીશું ? આપ્યા જ કરીશું... કોઈ નવીનતા નહિ !'

સ્કૂલમાં શિક્ષણ આપવાનું... પ્રાર્થના કરવાની... હાજરી પૂરવાની... વિષય ભણાવવાનો. બસ, આટલામાં શિક્ષણની કેટલી બધી તરાહો પૂરી થઈ !

ચોક અને ટૉક ઉપર તો આખું જીવન છે. ભણવું પડે છે. અનિવાર્યરૂપે ભણાવવું પડે છે. ક્યાં જઈએ ?

તો ચાલો, ક્યારેક એવું કરીએ. વર્ગખંડમાં પરિચય કેળવીએ, વિદ્યાર્થીના પરિવાર વિશે માહિતી લઈએ. એ કયા વિસ્તારમાંથી આવે છે ? તેની તરફ સહાનુભૂતિપૂર્વક વિચારીએ. આપણે વિદ્વાન થવાની જરૂર નથી. વિદ્વાનો ક્યારેય સમાજને ઉપયોગી નીવડ્યા નથી. ઓરડામાં બેસીને વિચાર્યા કરે તેથી શું ? માર્ગે હાલનારનો ભોમિયો થવાની જરૂર હતી. ત્યાં મકરંદ દવેની કવિતા યાદ આવે – આપણે ઊધઈ ખાધું ઈંધણ જેવી અવસ્થા છે.

વર્ષમાં ત્રણ-ચાર વાર તો વર્ગખંડને સમૃદ્ધિથી ભરી દઈએ. આપણે એટલા બધા સજ્જડ થઈ ગયા કે ભીતરનું આપણાપણું મરી પરવાર્યું.

હવે આપણા સમયની ખોટી વાતો કરવાની જરૂર નથી, સમય સાથે ચાલવાનો સમય ઓળખવાની જરૂરત છે. યશોગાન નહિ.

કેટલાયને સમયની ઓળખ પામતા જ આવડતું નથી. આપણને કેટલું આવડે છે તે કદાચ આપણા સિવાય અન્ય કોઈ નહિ જાણતું હોય.

મારી એક સરકારી હાઈસ્કૂલમાં વિજ્ઞાનના શિક્ષકને ધોરણ ૧૧ વિ. પ્ર.માં વિદ્યાર્થીઓને ભણાવવામાં ખૂબ જ તકલીફ પડતી હતી. મને દયા આવી. શું આપણી કરુ... ણ....તા ! છતાં આપણે આપણી જિદ્દ છોડતા નથી.

આપણે સદાય પ્રથમ નંબર લાવનારનું ઝેર પીવડાવતા રહ્યા છીએ... શું પ્રથમ નંબર આવી જાય એટલે બધી શક્યતાઓ સિદ્ધ થઈ ગઈ ? સૌની પોતાની વિકસવાની એક તોહિન છે.

ઉચ્ચ માર્ક્સ લાવવાની ભૂખમાં કેટલા બધા વિદ્યાર્થીઓની શક્તિઓને કુંઠિત કરી નાખી. વિદ્યાર્થીનું અસ્તિત્વ ભુલાઈ ગયું. આપણે મર્યાદામાંથી બહાર ન નીકળ્યા.

હાર્વર્ડના પગથિયા આજે વિદ્યાર્થી ચડ-ઊતર કરે છે. કયું પગથિયું લપસણિયું હશે એ વિદ્યાર્થી બનીને જોવાનો સમય પાકી ગયો છે.

ઋતુઓ... તહેવારો... ઉત્સવો... પ્રશ્નો ગોખવામાં કેટલા બધા નવા પ્રશ્નો ઉદ્‌ભવ્યા... શિક્ષણ એક પ્રશ્ન બની ગયું, જેનો જવાબ હજી મળતો નથી. બે પૂંઠાં વચ્ચે કેવા સલવાઈ ગયા.

મને જિલ્લા શિક્ષણાધિકારી તરીકે બે સાહેબો ઘણા ગમ્યા. શ્રી એન. એમ. તાવીઆડ અને શ્રી મહેશભાઈ રત્ન સાહેબ. બેઉ ખૂબ મજાના વ્યક્તિત્વ. જ્યારે મળે ત્યારે ખૂબ પ્રોત્સાહિત કરે તેથી મને ખૂબ ગમ્યા.

સાવરકુંડલાના શિક્ષક વિજયભાઈ ઉપાધ્યાય સંસ્કૃતના શિક્ષક-કથાકાર છે.

તે કહે છે – 'હું વિદ્યાર્થીઓ પાસે શ્લોકો અચૂક ગવરાવું. ક્યાંક સરવાણી મળે. સંસ્કૃતના પેપર તપાસવામાં ભેગા મળીએ, લહેર કરીએ, ઘણી લહેર કરીએ. ધોરણ ૧૨ ૨૦૧૪ની બીજી કસોટીમાં ભગીરથ ત્રિવેદી નામક મારો વિદ્યાર્થી કહે – 'સર ! હું પરીક્ષાના છેલ્લા બે પેપર નહિ આપું.'

મેં પૂછ્યું, 'કેમ ? શું બીમાર છો બેટા ?'

એણે કહ્યું, 'ના સર ! મુંબઈ દૂરદર્શન પર મારું પ્રેઝન્ટેશન છે.'

મારી આંખો પહોળી થઈ ગઈ. મેં પૂછ્યું, 'શાનું ?'

'તબલાવાદનનું.' ભગીરથે જવાબ આપ્યો.

ખૂબ જ શરમાળ, ઓછું બોલે. ધ્યાનથી ભણે. આથી એ મને ગમી ગયેલો.

'તને તબલાવાદન આવડે છે, બેટા ?'

'હા, સર ! સુરેન્દ્રનગર જિલ્લામાં હું પ્રથમ અને સમગ્ર ગુજરાતમાં ત્રીજા ક્રમ છું.'

આટલું સાંભળતા મારી જિજ્ઞાસા વધી. હું દંગ રહી ગયો.

'સર, લિમ્કા ઑફ વર્લ્ડ બુકમાં મારું નામ છે. મને એવૉર્ડ મળ્યો છે.' ભગીરથે મને જણાવ્યું.

આટલા સમાચાર સાંભળી હું ખુશ થઈ ગયો. ઝૂમી ઊઠ્યો. મેં એને કહ્યું, 'વાહ... વાહ ! કાલે તારા ફોટોગ્રાફ અને લિમ્કા એવૉર્ડની ઝેરોક્ષ લેતો આવજે.'

ભગીરથનો ચહેરો ખીલી ઊઠ્યો.

'તું મારું ઘરેણું છે. શાળાની દીવાલ ઉપર તારો ફોટો મૂકવો જોઈએ.' સ્કૂલ ઑફ કમિશનરશ્રી, ગાંધીનગર આવા વિદ્યાર્થીઓને સન્માનવાનો આદેશ કરે છે. વગર શોધ્યે તું મળ્યો.

મોબાઈલમાં સતત રણકતા સોંગ ટ્યૂનમાં આપણે વિદ્યાર્થીનો અવાજ ભૂલી ગયા છીએ.

દરરોજ વિભિન્ન પ્રશ્નોમાં રોકાયેલી આપણી આંખ વિદ્યાર્થીની શક્તિને જોઈ શકતી નથી. વિદ્યાર્થી કેટલી બધી ઈશ્વરદત્ત શક્તિ લઈને આવ્યો છે. એની શક્તિને વિકસાવતા રહીએ, વખાણીએ.

કદાચ આવતી કાલે આપણે માત્ર ભણતરને જ માર્ગ સમજી બેઠેલા વહેમમાંથી બહાર નીકળીએ.

વૈધિક સાથે અવૈધિક શિક્ષણ છે, જેને ઓળખવાની જરૂરત છે.

'સારા માણસોને યાદ રાખવા પડતા નથી. એ હંમેશાં આપમેળે યાદ રહી જાય છે.' એવી જ રીતે આપણે વિદ્યાર્થી... એની જીવનરૂપી નોંધપોથીનું અગત્યનું પાનું બની જઈએ. આપણે એનો માર્ગ બનીએ, જેથી માર્ગ મળ્યાનો ખોટો વહેમ ન રહે. સાચો માર્ગ મળે જેથી વિદ્યાર્થીનું નામ, શાળા, ગામ, શિક્ષક દીર્ઘકાલીન બનીએ. આવા શિક્ષણ માર્ગની અત્યારે જરૂર છે.

સંત બાબુભાઈ રાણપુરા કહે છે – 'એક વ્યક્તિ ચાલે પછી વણઝાર ચાલે. પછી કેડો થાય. કેડો માર્ગ બને. માર્ગ કેટલા બધાને ન્યાલ કરે ! શિક્ષણ થકી વિદ્યાર્થીને દિપાવવો જોઈએ. જે મળ્યું છે તે લખાયું છે. પ્રાપ્ત કરીને લખવાનો આનંદ નથી. વાંચનારને મજા ન આવે.

•

૨૦. આંખ સમાઈ ઊર્જા

સ્કૂલ-વર્ગમાં ઊર્જા ઉત્પન્ન થવી એ વિજ્ઞાનના નિયમોની વાત અહીં કરવી નથી. પાણીને ધોધ સ્વરૂપે વહાવવામાં આવે એટલે પાણીમાં રહેલી ઊર્જા છૂટી પડે, વિદ્યુત ઉત્પન્ન થાય. શ્રી અરવિંદ ઊર્જા હતા.

આપણા શરીરમાં રહેલાં પાંચ તત્ત્વો પૈકી એક તત્ત્વ જળ છે, જેના કારણે જળમાં રહેલી ઊર્જા ઉત્પન્ન કરવાની છે.

શિક્ષણમાં ઊર્જા બે રીતે વહે – એક નયનોમાંથી અને બીજી વાણીમાંથી વહે. જોકે કરુણતાની વાત એ છે કે, જેમ-જેમ સમય વહેતો રહ્યો, તેમ-તેમ શિક્ષકની આંખમાંથી ઊર્જા જતી રહી અથવા સમયની સાથે ઓછી થઈ નાશ પામી. શિક્ષક વિદ્યાર્થીમાં વાંક શોધવા લાગ્યો. શિક્ષક ધીમે ધીમે કોરી આંખનો થતો ગયો. જેમ-જેમ આંખની ઊર્જા ઓછી થઈ, તેમ-તેમ વિદ્યાર્થીની આંખમાં, સ્નેહ નીતરતી આંખોમાં નકરો સ્વાર્થ ઊભરાવા લાગ્યો.

વિદ્યાર્થીની આંખ જોઈ, શિક્ષકની નજરમાં ટ્યૂશનના સાપોલિયા રમવા લાગ્યા. કેવી વિચિત્રતા ! આંખમાં ક્યારેક ફેણ ઊભી કરીને તત્પર થયેલો કાન, શિક્ષકની આંખમાં વિકૃતિ ભરી ઊર્જા લઈને ઊભો થયો.

આજે દ્રોણાચાર્યોની કમી નથી. મહાભારતના યુગનો કાળ કેટલો ભયાનક હશે. શીખવાની ઇચ્છા ધરાવનાર એકલવ્ય ફાંફાં મારીને પરત આવે. એ કાળમાં કેટલી હદ સુધીની વિચિત્રતા હશે. જેને ભણવું હોય એને ભણાવનાર ન મળે ! અહા... અહા... તમારી જાતને એકવાર મૂકી વાંચી જુઓ.

હજારો વર્ષો પછી આજના આ આધુનિક યુગમાં, ભણવાની ઇચ્છા

ધરાવનાર વિદ્યાર્થીઓ ગામડેથી ભણવા આવે છે, કેટલી બધી આશાઓ લઈને આવે છે.

એના મનમાં સંકલ્પ છે. ધોરણ ૧૨નું ભણતર પૂરું થશે એટલે હું ચોક્કસપણે નોકરીમાં ભાગ લઈશ. થોડીક મહેનત વધારું તો મારી ટકાવારી વધી જાય અને મેરિટમાં મારો અગ્રતાક્રમ આવે. મારી જિંદગીની શક્યતાના બધા દ્વારો ખૂલી જાય.

ગામડાની શાળાઓમાં નોકરી કરતા શિક્ષકો આજે પણ ભણાવતા નથી — માત્ર અપ-ડાઉનમાં રહે છે. થોડી વાર વર્ગમાં બેસે, પછી આચાર્યશ્રીની ચેમ્બરમાં આવી ફડાકા મારવા બેસી જાય.

આજે પણ ક્રૌંચવધ ચાલે છે. ભણવાની ઇચ્છાવાળો, ધગશ ધરાવનાર ક્રૌંચ આજે વીંધાય છે.

ચોટીલા તાલુકામાં ગુણોત્સવમાં કટારા સાહેબ સચિવશ્રીની સાથે, લાયઝન અધિકારી તરીકે જવાનું થયું. સાત-સાત શિક્ષકો હોવા છતાં ધોરણ ૧થી ૫માં વિદ્યાર્થીને વાંચતા ન આવડે, લખતા ન આવડે. કેવી કરુણતા ! સચિવશ્રી દયાવાન હતા.

એમણે મારી સામે જોઈ હિન્દીમાં કહ્યું, ‘યે લોગ કુછ નહિ કરતે. કોઈ પરિણામ નહિ હૈ. ગુજરાત કે પ્રાથમિક એજ્યુકેશનકીયે કન્ડિશન દેખકર મૈં કાંપ ઉઠા.’

હું સાંભળતો રહ્યો.

કેટલીક ક્ષણો પછી એમણે કહ્યું, ‘તુમ લોકો કો ભગવાન માફ નહિ કરેગા. તુમ્હેં શર્મ આની ચાહિયે.’

આજે પણ એકલવ્યના અંગૂઠા કાપીને આપણી નોકરી વર્ષો પર્યંત ચાલે છે.

શિક્ષણ પ્રગતિમાં ચાલતું નથી.

જે દિવસે માધ્યમિકમાં ગુણોત્સવ આવશે તે દિવસે ગણિતના શિક્ષકોના બૂરા હાલ થશે. રોજનું માત્ર બે કલાકનું વર્ગકામ નથી થતું, જેને કારણે વિદ્યાર્થી પંગુતા અનુભવે છે.

જ્યારે ભણાવીએ ત્યારે આપણી આંખમાંથી ઊર્જા ટપકવી જોઈએ.

વિદ્યાર્થીમાં ઉત્સાહ, પ્રેરણાથી વિદ્યુત સંચાર કરવાની આવશ્યકતા છે, જે અવશ્ય કરી શકાય.

આપણા વર્ગમાં મોરલા ગાય, નાચે, બોલે. આપણી ઊર્જા તેને સ્પર્શવી જોઈએ. આપણા વર્ગમાં છેવાડાનો વિદ્યાર્થી કંઈક શીખીને જવો જોઈએ, એમાં જ શિક્ષકની સાર્થકતા છે.

વિદ્યાર્થીને નથી સમજાતું એ માટે પહેલું પરિબળ શિક્ષક છે. વર્ગખંડમાં હોઈએ ત્યારે શિક્ષણકાર્યને સંપૂર્ણ વફાદાર રહીએ.

આપણે જે સમયે વિદ્યાર્થી અવસ્થામાં હતા ત્યારે કોઈની ઊર્જાએ આપણને ઊર્જાવાન બનાવ્યા. એમની વાણી, આંખમાંથી સતત ઊર્જા વહી, પ્રગટતી રહી... ખરું ને ?

જેમ આપણને કોઈની ઊર્જા મળી, કોઈની આંખમાંથી આપણા માટે સતત ઊર્જા વહી હોય તો હવે આપણે આપણા વિદ્યાર્થીઓ માટે આટલું ન કરી શકીએ ?

જ્યાં ઊર્જા સ્રોત છે ત્યાંથી આંખ સુધી લાવીએ, વાણીમાં લાવીએ. વર્ગને ઊર્જા સભર બનાવી દઈએ. આપણે આ બધું કરી શકીએ. કોણ આપણને રોકે છે ? કાંઈ સમજાતું નથી.

આંખમાંથી સ્નેહસભર શિક્ષણની એટલી ઊર્જા વહાવીએ, જેની વિદ્યાર્થીને – સ્કૂલને જરૂરત છે.

વિદ્યાર્થી ઝૂમી ઊઠે. વિદ્યાર્થી આશાતુર સ્વરે કહે, 'આ સ્કૂલ જ્યોતિધામ છે.' આવું કેમ ન થાય ? ઝાઝો વિચાર કર્યા વગર પગલું માંડો. આપની આંખમાં ઊર્જા છે. એ ઊર્જાને આપના વિદ્યાર્થી માટે વહાવો, જેની તે પ્રતીક્ષા કરી રહ્યો છે... જય હો.

લોકસંત બાબુભાઈ રાણપુરાની વાણીમાં એટલી ઊર્જા છે. છ દાયકાથી લોકો એમની વાણી સાંભળતા થાકતા નથી. તેઓ લોકશિક્ષક છે, ઊર્જા શિક્ષક છે. તમામ શિક્ષકો છે જ... પણ...!

સત્સંગથી સત્તર પુસ્તકો વાણીની ઊર્જાથી પ્રગટ્યાં.

• • •

4479
147900

BIO SUKLA Gujarati
Śukla, Mahendra
Sūkā thada
līlī kūmpalo :

04/12/19

SCLSNJ
Bridgewater Branch
SOMERSET COUNTY LIBRARY SYSTEM
3 3665 03186 9614

પરામર્શકનો અભિપ્રાય

મહેન્દ્ર શુક્લ મારા એમ.એડ્.ના મૈત્રીના વિદ્યાર્થી. તેઓ ગુજરાતી ભાષામાં હળવા શિક્ષણના લલીતનિબંધો, વાર્તાઓ ૧૯૮૪થી લખે છે. એમને ગુજરાતી ભાષામાં રસ, રુચિના કારણે અનુસ્નાતક કક્ષાની પદવી માતૃભાષામાં મેળવી. સુરેન્દ્રનગર જિલ્લામાં સરકારી શિક્ષક તરીકે સેવા આપી અને ૨૦૦૯માં ગુજરાત રાજ્યનો શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવ્યો અને વિદ્યાર્થીના સંવર્ધન ને વિકાસમાં ખૂબ ઉમદા કામગીરી બજાવી. તેથી વિદ્યાર્થીમાં પ્રિય રહ્યાં. શિક્ષણનાં હૂંફાળા પ્રસંગો આલેખાયા.

આ પ્રસંગો, ઘટનાઓ જિવનમાં બનેલ છે. વિદ્યાર્થીત્વ વિકસે, એ શિક્ષકની સાર્થકતા.

૨૧-૧૨-૨૦૧૭

ડો. કાન્તીભાઈ ગોર
પ્રથમ કુલપતિશ્રી
કચ્છ યુનિવર્સિટી,
ભૂજ

લેખકનો અન્ય પુસ્તક...

Also available on
ISBN 938506965-9
9789385069659
Cover : Nishar Maniar

P8-CKW-940